દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 98 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 April 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
સોમવાર, ૨૭ એપ્રિલ ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પની ડિનર પાર્ટીમાં ગોળીબાર, હુમલાખોર ઝડપાયો



વૉશિંગ્ટનઃ વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનરમાં શનિવારે રાત્રે ગોળીબાર થયો હતો. આ ઘટના દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા સ્ટેજ પર હાજર હતાં. ગોળીબાર બાદ સિક્રેટ સર્વિસે તાત્કાલિક પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને અન્ય ટોચના નેતાઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ફાયરિંગમાં કોઈને ઈજા પહોંચી નથી. ફાયરિંગના કારણે જીવ બચાવવા સેંકડો મહેમાનો ટેબલ નીચે ઝૂકી ગયા ત્યારે સિક્રેટ સર્વિસ અને અન્ય અધિકારીઓ વોશિંગ્ટન હિલ્ટન ખાતેના બેન્ક્વેટ હોલમાં ધસી ગયા હતા. બાદમાં સિક્રેટ સર્વિસ એજન્ટોએ તાત્કાલિક પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને સ્ટેજ પરથી સુરક્ષિત સ્થળે લઈ ગયા હતા.

ઉપપ્રમુખ જે.ડી. વેન્સ અને ટ્રમ્પના મંત્રીમંડળના સભ્યોને પણ તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. એક રિપોર્ટ અનુસાર, પ્રમુખ ટ્રમ્પના વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિયેશન ડિનરમાં ફાયરિંગ કરનારને ઝડપી લીધો હતો. ટ્રમ્પે બાદમાં સોશ્યલ મીડિયા પોસ્ટમાં આ વાતની પુષ્ટિ કરી હતી. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રમુખ ટ્રમ્પ સલામત સ્થળે છે.

આ ઘટના બાદ પ્રમુખ ટ્રમ્પે સિક્રેટ સર્વિસ અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓની પ્રશંસા કરી હતી. ડિનર કાર્યક્રમમાં ફાયરિંગ કરનાર પાસેથી અનેક હથિયારો પણ જપ્ત કરાયાં હતાં. વોશિંગ્ટન ડીસીના વચગાળાના પોલીસ વડા જેફરી કેરોલે જણાવ્યું હતું કે સિક્રેટ સર્વિસે ઝડપેલા હુમલાખોર પાસેથી ''એક શોટગન, એક હેન્ડગન અને અનેક છરીઓ'' જપ્ત કરાઈ હતી.

ઘટનાના સાક્ષીઓએ જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિ એવા સ્થળોમાં હથિયારો સાથે પહોંચવામાં સફળ રહ્યો જ્યાં સુરક્ષા ઓછી હતી. આ સુરક્ષા (જુઓ પાનું ૨) ▶▶

## 'આ હુમલો મને ઈરાનમાં યુદ્ધ જીતતા રોકી શકશે નહીં'

વૉશિંગ્ટન : વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશન ડિનરમાં ગોળીબાર થયા બાદ શનિવારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે આ ઘટના તેમને ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધ જીતવાના તેમના સંકલ્પથી રોકશે નહીં. ટ્રમ્પે કહ્યું કે આ હુમલો તેમને રોકી શકશે નહીં અને ડરાવી શકશે પણ નહીં. નોંધનીય છે કે વૉશિંગ્ટનની હિલ્ટન હૉટેલમાં આયોજિત વાર્ષિક વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશન ડિનર દરમિયાન (જુઓ પાનું ૨) ▶▶

## વસતિગણતરીમાં દેશવાસીઓનો સહકાર માગતા મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશવાસીઓને વિશ્વની સૌથી મોટી ગણતરી (સેન્સસ-૨૦૨૭)ને સફળ બનાવવા હાકલ કરી છે. મોદીએ કહ્યું હતું કે આ વખતે જનગણનામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે અને એને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે આ વખતે વસતીગણતરીનો અનુભવ સાવ અલગ હશે. ઘરે આવનારા કર્મચારીઓ પાસે મોબાઈલ એપ હશે અને એમાં વિગતો નોંધાશે. આ અભિયાન માત્ર સરકારી કામ નથી, પરંતુ દરેક ભારતીયની જવાબદારી છે. આ માટે ૧,૨૦,૦૦,૦૦૦ ઘરોનું લિસ્ટિંગ કરવામાં આવ્યું છે.

મોદીએ રવિવારે લોકોને ઈશાનભારતમાંથી વાંસનું એક ઉત્પાદન ખરીદવાનો અનુરોધ કર્યો હતો જેથી આ ઉત્પાદકો બનાવવા સખત મહેનત કરનારાને પ્રોત્સાહન (જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીમાં મોટી વિમાન દુર્ઘટના ટળીઃ ચાર ઘાયલ

નવી દિલ્હીઃ દિલ્હી એરપોર્ટથી ઝુરિક જઇ રહેલા સ્વિસ ઇન્ટરનેશનલ એરલાઇન્સનાં વિમાનનાં એન્જિનમાં ખામી સર્જાતા મોટી દુર્ઘટના ટળી હતી. આ વિમાનમાં ૨૪૫ લોકો સવાર હતા. આ ઘટના બાદ સંપૂર્ણ કટોકટી જાહેર કરવામાં આવી હતી અને મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી ચારને ઇજાઓ પહોંચી હતી. આ જાણકારી એરલાઇને આપી હતી.

આ વિમાનમાં ચાર નવજાત સહિત ૨૩૨ મુસાફરો અને ૧૩ ક્રૂ સભ્યો સવાર હતા. આ વિમાન ફ્લાઇટ એલએક્સ૧૪૭ તરીકે ઓપરેટ થવાનું હતું ત્યારે રાત્રે લગભગ ૧ વાગ્યે આ ઘટના બની હતી. એરલાઇનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે ચાર મુસાફરો (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં ગરમી ૪૪ ડિગ્રીને પાર

### સુરેન્દ્રનગર સૌથી વધુ ગરમ, અમદાવાદ બીજા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે ત્યારે ગુજરાતમાં પણ અસહ્ય ગરમીનો અનુભવ ઘણા દિવસથી થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ગુજરાતનાં મોટાભાગનાં મથકોમાં ગરમીનો પારો ૩૮-૪૦ આસપાસ રહેતો હતો, પરંતુ શનિ-રવિ દરમિયાન મોટાભાગનાં શહેરોમાં પારો ૪૦ને પાર ગયો છે અને આગ ઓકતી ગરમી ગુજરાતની પ્રજા સહન કરી રહી છે.

ગરમીને લીધે રસ્તાઓ સૂમસામ હોય છે જ્યારે મોટાભાગના લોકો એરકન્ડિશન્ડ ઘરમાં પણ રહેવાનું અઘરું લાગી રહ્યું હોવાની ફરિયાદ કરે છે.

ઝાલાવાડ તરીકે ઓળખાતા સુરેન્દ્રનગરમાં સૌથી વધારે ૪૪.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, ત્યારબાદ અમદાવાદમાં ૪૪ ડિગ્રી સેલ્સિયસ (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં સરેરાશ ૫૭ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીની વચ્ચે ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમ જ ૧૧ નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે સરેરાશ અંદાજિત ૫૭ ટકા જેટલું શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થયું હતું. ચૂંટણીના અંદાજિત આંકડાઓ મુજબ, ૮૪ નગરપાલિકાઓમાં ૫૮.૧૨ ટકા, ૩૪ જિલ્લા પંચાયતોમાં ૬૦.૨૧ ટકા અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં ૬૧.૦૦ ટકા મતદાન નોંધાયું હતું. ૧૫ મહાનગરપાલિકાઓની કુલ ૧૦૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહેલા ૩૧૪૫ ઉમેદવારોનું રાજકીય ભાવિ હાલ ઈવીએમમાં સીલ થઈ ચૂક્યું છે, જેનો આખરી ફેંસલો આગામી મંગળવારે મતગણતરી બાદ જાહેર કરવામાં આવશે. જોકે મતદાનના આંકડા જોતા જણાઈ રહ્યું છે કે શહેરી પ્રજા કરતા ગ્રામ્ય પ્રજાએ મતદાનમાં વધુ રસ દાખવ્યો હતો.




**મતદાન :** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાન કર્યા બાદ શાહીની નિશાનીવાળી આંગળી બતાવતા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ. (પીટીઆઈ)

ગુજરાતની ૧૫ મહાનગરપાલિકાઓમાં વાપી ૬૫.૬૮ ટકા મતદાન સાથે રાજ્યમાં મોખરે રહ્યું હતું. નવસારીમાં ૫૯.૬૮ ટકા, મોરબીમાં ૫૮.૭૫ ટકા અને નડીયાદમાં ૫૬.૫૦ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે વડોદરામાં ૪૭.૧, સુરત ૫૨.૮૩ ટકા, જામનગર ૫૦.૦૨ ટકા, અમદાવાદ અને રાજકોટમાં અનુક્રમે ૪૫.૩૫ ટકા અને ૪૫.૨૧ ટકા મતદાન થયું હતું. સૌથી ઓછું મતદાન (જુઓ પાનું ૨) ▶▶

## ૭ કરોડના હેરોઈન પ્રકરણમાં કસ્ટમ વિભાગે તમિળનાડુના માસ્ટરમાઈન્ડ ડ્રગ્સ માફિયાની ધરપકડ કરી

અમદાવાદઃ શહેર કસ્ટમ અને ડીઆરઆઈના જોઈન્ટ ઑપરેશનમાં ફેબ્રુઆરી ૨૦૨૬માં અમદાવાદ એરપોર્ટ પર ૭ કિલો ૮૦૦ ગ્રામ હેરોઇન સાથે પકડાયેલા કુતુબુદ્દીન અબ્બાસ અલીની તપાસમાં તમિળનાડુના ડ્રગ્સ માફિયા પનીર સેલમ સિંગરા વેલુનું નામ બહાર આવતા કસ્ટમ વિભાગે તેની ધરપકડ કરી છે કસ્ટમના ટોચના સૂત્રોએ જણાવ્યું કે ફેબ્રુઆરી ૨૦૨૬માં મલેશિયાથી અમદાવાદ એરપોર્ટ પર આવેલા પેસેન્જર કુતુબુદ્દીન અબ્બાસ અલીની અટકાયત કરવામાં આવતા તેની પાસેથી ૭ કરોડ ૮૦ લાખનું ૭ કિલો ૮૦૦ ગ્રામ હેરોઈનનો જથ્થો મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. કુતુબુદ્દીનની પૂછપરછ કરવામાં આવતા તેણે તમિળનાડુના કુડાલોરમાં રહેતા પનીરસેલ્વમનું નામ આપ્યું હતું. ત્યારબાદ કુતુબુદ્દીનના મોબાઇલના વોટ્સ એપ ચેટના આધારે કસ્ટમ વિભાગના અધિકારીઓએ પાંચ દિવસ સુધી તમિળનાડુમાં દર્શાવેલા સરનામાની આસપાસ તપાસ ચાલુ રાખી હતી. ત્યારબાદ તેની ઓળખ થઈ જતા ડીઆરઆઈની મદદથી તેની ધરપકડ કરીને કુડાલોરની કોર્ટમાં રજૂ કરીને ટ્રાન્સલેટ રિમાન્ડ મેળવીને અમદાવાદ લાવવામાં આવ્યો છે. પનીર સેલ્વમ સાથે બીજા ત્રણ ડ્રગ્સ માફિયાઓના નામ પણ બહાર આવ્યાં છે અને મલેશિયાથી જે પેસેન્જર ડ્રગ્સ લઈને અમદાવાદ આવતા હોય છે તેમની પાછળના માસ્ટર માઈન્ડની ધરપકડ કરી લેવામાં આવી છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

## ઑડિટ મામલે ૧૫૩ ગ્રાન્ટ-ઈન એઈડ સ્કૂલ પર અમદાવાદ ડીઈઓની તવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફરજિયાત ફાયનાન્સિયલ ઑડિટ કરવામાં નિષ્ફળ રહેલી ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ સામે કાર્યવાહી ન થવા અંગે અધિકારીઓએ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી, જે જિલ્લા સ્તરે વહીવટી ઉદાસીનતા બતાવે છે. અમદાવાદમાં, જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ) એ ૧૫૩ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ્સને જરૂરી એકાઉન્ટિંગ ઓડિટ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કડક નોટિસ ફટકારી છે.

જે સ્કૂલે ઑડિટ નથી કર્યું તેમાં અનેક અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જો શાળાઓ સમયમર્યાદામાં ઑડિટ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો મેનેજમેન્ટ સંસ્થાઓ અથવા આચાર્યો સ્ટાફના પગારની ચૂકવણી માટે જવાબદાર રહેશે.

સ્કૂલ કમિશનરના નિર્દેશોને અનુસરીને આ સંસ્થાઓને ૭ મે થી ૩૦ મે દરમિયાન આયોજિત ખાસ ઑડિટ કેમ્પમાં હાજરી આપીને તેમના બાકી રહેલા ઑડિટને ક્લિયર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અધિકારીઓએ ચેતવણી આપી હતી કે નિર્ધારિત સમયગાળામાં જો ઑડિટ નહીં કરવામાં આવે, તો કડક કાર્યવાહી થશે. કાર્યવાહીમાં મેઈનટેનન્સ ગ્રાન્ટ અને સ્ટાફના પગારની ગ્રાન્ટ રદ કરવાનો પણ સમાવેશ થાય છે. કમિશનરની કચેરીએ અવલોકન કર્યું હતું કે ઘણા જિલ્લાઓએ ઑડિટ ટાળનારી શાળાઓ સામે કાર્યવાહી શરૂ કરવામાં ગંભીર બેદરકારી દાખવી છે. અમદાવાદની ઘણી શાળાઓ સહિત રાજ્યભરની મોટી સંખ્યામાં ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઑડિટ પૂર્ણ કર્યા નથી. કેટલાક કિસ્સાઓમાં ઑડિટ બેકલોગ એક દાયકાથી વધુ ચાલે છે, જેમાં ૨૦૦૫-૦૬ અને ૨૦૧૦-૧૧ ના રેકોર્ડ ચકાસાયેલા નથી.

થોડા સમય પહેલા એક વીડિયો કોન્ફરન્સ દરમિયાન, રાજ્ય સત્તાવાળાઓએ જિલ્લા અધિકારીઓને ડિફોલ્ટ કરતી શાળાઓ સામે કડક પગલાં લેવા સૂચના આપી હતી. ■

## રશિયા- યુક્રેનના યુદ્ધમાં વધુ ૧૬નાં મોત

કિવઃ વીકઍન્ડમાં યુક્રેન, રશિયાના તાબામાં રહેલા પ્રદેશ અને રશિયા પરના હુમલામાં ઓછામાં ઓછા ૧૬ જણનાં મોત થયાં હતાં. ચેર્નોબીલ અણુ દુર્ઘટનાની ૪૦મી વરસી નજીક આવે છે ત્યારે અણુ પ્લાન્ટ નજીકના હુમલાથી ઊભા થયેલા જોખમ અંગે નવેસરની ચેતવણી દેવામાં આવી છે. રશિયાએ ચાર વર્ષથી વધારે સમય પહેલાં યુક્રેન પર આક્રમણ કર્યું હતું.

રશિયાના ડ્રોન અને મિસાઈલ હુમલાને લીધે દનિપ્રો શહેરમાં નવનાં મોત થયાં હતાં. યુક્રેનના ડ્રોન હુમલાને લીધે રશિયાના તાબામાં રહેલા ક્રિમેઆમાં એક જણનું મોત થયું હતું. રશિયએ ૨૦૧૪માં આ પ્રદેશ યુક્રેન પાસેથી છીનવી લીધો હતો.

રશિયાએ દાવો કર્યો હતો કે અમે લુહાનસ્ક રીજન પર સંપૂર્ણ કબજો જમાવ્યો છે. યુક્રેનના ડ્રોન હુમલાને લીધે ત્રણ જણ મરણ પામ્યાં હતાં.

યુક્રેને રશિયાના બેલગોરોડ સરહદી વિસ્તારમાં ડ્રોન હુમલો કરતાં એક મહિલનું મરણ થયું હતું. આને લીધે રશિયાએ વળતો હુમલો કર્યો હતો. યુક્રેનના દળોએ રશિયાની સીમાની અંદર યારોસ્લેવલમાં તેલની રિફાઈનરી પર હુમલો કર્યો હતો. (એજન્સી) ■

## બંગાળમાં ગુંડારાજનો અંત લાવીશું : અમિત શાહ

કોલકાતા : જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તા પર આવશે તો તે રાજ્યમાંથી નગુંડારાજથ અને ન સિન્ડિકેટ રાજસ્ત્રનો અંત આવશે, એમ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું.


નાદિયાના તેહટ્ટા ખાતે જાહેરસભાને સંબોધતા શાહે દાવો કર્યો હતો કે મતદાતાઓએ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં જ મમતા બેનરજી સરકારનો સફાયો કરી નાખ્યો છે. ભાજપે આ અગાઉ જ ૨૩ એપ્રિલના પ્રથમ તબક્કામાં ૧૧૦ બેઠક જીતી છે. શાહે વધુમાં કહ્યું હતું કે જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તા પર આવશે તો તે રાજ્યમાંથી નગુંડારાજથ અને ન સિન્ડિકેટ રાજસ્ત્રનો અંત આવશે. બહાર નીકળીને મતદાન કરતા ગભરાતા નહીં. ચૂંટણી પંચે વ્યાપક વ્યવસ્થા કરી છે. તમને મતદાન કરતાં કોઈ રોકી નહીં શકે. ■


## મધ્ય પ્રદેશમાં બસે બાઇકને અડફેટે લેતાં ત્રણનાં મોત, એક ગંભીર

ભિંડઃ મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં પૂરપાટ ગતિએ આવતી બસે એક બાઇકને જોરદાર ટક્કર મારતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઇક પર સવાર ચાર મિત્રોમાંથી ત્રણનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એક જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યો છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર મુરૈના રહેવાસી આશુતોષ બઘેલ(૨૧) અને મોહિત બઘેલ(૨૦), ખરૌલી નિવાસી રામકેશ બઘેલ(૧૯) અને મેહંદા રહેવાસી અમિત બઘેલ(૧૭) એક જ બાઇક પર સવાર થઇને મહેંદા ગામમાં એક લગ્ન સમારોહમાં જઇ રહ્યા હતા. આ દરમિયાન હાઇવે પર સામેથી આવતી એક અનિયંત્રિત બસે બાઇકને જોરદાર ટક્કર મારી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર બાદ બાઇક બસના આગળના ભાગમાં ફસાઇ ગઇ હતી. બસચાલકે વાહન રોકવાને બદલે ગતિ વધારી દીધી હતી. ડ્રાઇવર બાઇક સહિત યુવાનોને લગભગ પાંચ કિલોમીટર સુધી સડક પર ઢસડતો ગયો હતો. ઘટનાસ્થળે ભયાનક દ્રશ્યો સર્જાયાં હતાં. આ દરમિયાન એક રાહદારીએ બસનો પીછો કરી તેને ઊભી રાખવા દબાણ કર્યું હતું. બસ થંભી જતા મુસાફરો ગભરાઇને નીચે ઊતરવા લાગ્યા હતા. જેનો લાભ ઉઠાવીને ચાલક ઘટનાસ્થળેથી ભાગ ગયો હતો. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કર્યા હતા. તેમજ મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ઘાયલ અમિતને પ્રાથમિક સારવાર બાદ ગંભીર હાલતમાં ગ્વાલિયર રિફર કરવામાં આવ્યો છે. ■





**દર્શન પહેલાં ખરીદીઃ** કોલકાતામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંદિરમાં દર્શન કરતા પહેલાં સ્થાનિક ફેરિયા પાસેથી પૂજાની સામગ્રી ખરીદી હતી અને દર્શન કર્યા હતા. (પીટીઆઈ)

## પ. બંગાળમાં એક અલગ બાંગ્લાદેશ બની રહ્યો હતોઃ રવિ કિશન

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની ચૂંટણીના પહેલા તબક્કામાં રેકોર્ડ મતદાન પર ભાજપના સાંસદ રવિ કિશનની પ્રતિક્રિયા સામે આવી છે. મા દુર્ગા, મા કાલી જાગૃત થઇ ચૂક્યાં છે અને સમગ્ર બંગાળની હવામાં તે દેખાઇ રહ્યું છે, એમ રવિ કિશને જણાવ્યું હતું. રવિ કિશને જણાવ્યું કે રાજ્યમાં ગુસ્સો, આક્રોશ, નફરત, બોંબ વિસ્ફોટ, લાંચ, રમખાણો, ગુંડાગીરી અને ક્રૂરતા, ભાજપના કાર્યકરોની હત્યા, ઉત્તર પ્રદેશ-બિહારના મજૂરોની હત્યા અને અહીં થયેલા તમામ ગુંડાગીરી અને અપરાધો વિરુદ્ધ મતદાન થઇ રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઘણાં વર્ષોથી બંગાળને ડરાવીને રાખવામાં આવ્યું હતું. બંગાળને ભારતથી કાપીને રાખી દીધું હતું. અહીંના બંગાળીઓ માનતા ન હતા કે બંગાળ ભારતનો ભાગ છે. તેમણે કહ્યું કે અહીં એક અલગ બાંગ્લાદેશ બની રહ્યો હતો. આ મતદાન તેના વિરુદ્ધ છે. બંગાળમાં ઐતિહાસિક મતદાન થઇ રહ્યું છે. દરેક બંગાળી પોતાના અસ્તિત્વને અને પોતાના બંગાળને બચાવવા માટે મતદાન કરી રહ્યો છે. તેમણે કહ્યું કે દરેક હિન્દુ અને બંગાળી જાણે છે કે જો આપણે અત્યારે મતદાન નહીં કરીએ અને ભાજપને સત્તામાં નહીં લાવીએ અને મા દુર્ગાની શક્તિને જાગૃત નહીં કરીએ તો અહીંના હિન્દુઓને હંમેશાં હેરાન કરવામાં આવશે. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાઘવ ચઢ્ઢા આણિ મંડળીએ નૈતિકતાને સાવ નેવે મૂકી દીધી

**આમ** આદમી પાર્ટીએ તગેડી મૂકેલા રાઘવ ચઢ્ઢાએ આમ આદમી પાર્ટીના રાજ્યસભાના બીજા છ સભ્યો સાથે ભાજપમાં જોડાઈને આપના મુખિયા અરવિંદ કેજરીવાલને મોટો આંચકો આપી દીધો કેમ કે ચઢ્ઢા પોતે તો ગયા જ પણ કેજરીવાલની નજીક મનાતા બીજાં સાંસદોને પણ સાથે લેતા ગયા છે. સ્વાતિ માલિવાલને પહેલાંથી કેજરીવાલ સાથે બગડી ચૂક્યું છે તેથી એ ચઢ્ઢા સાથે જવાનાં જ હતાં પણ કેજરીવાલે ચઢ્ઢાને રાજ્યસભામાં આપના ઉપ-નેતા પદેથી કાઢીને જેમને બેસાડેલા એ અશોક ગુપ્તા અને કેજરીવાલનો જમણો હાથ મનાતા સંદીપ પાઠકે પણ આપને રામ રામ કરી દીધા એ આંચકાજનક છે. આ ઉપરાંત રાજિન્દર ગુપ્તા. વિક્રમ સાહની અને હરભજનસિંહે પણ આપ છોડીને ભાજપનો ખેસ પહેરી લીધો છે.

ચઢ્ઢાના બળવાએ ભારતીય રાજકારણમાં ખળભળાટ મચાવ્યો છે કેમ કે પહેલી વાર આટલી મોટી સંખ્યામાં કોઈ પક્ષના રાજ્યસભાના સભ્યો ભાજપમાં જોડાયા છે. બીજું એ કે, ગયા વરસે થયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર પછી કેજરીવાલ રાજકીય અસ્તિત્વ ટકાવવા માટે હવાતિયાં મારી રહ્યા છે ત્યારે જ તેમના ખાસ સાથીઓએ તેમનો સાથ છોડીને ભાજપમાં જોડાવાનું પસંદ કર્યું છે. તેના કારણે કેજરીવાલની પાર્ટીનું અસ્તિત્વ ટકશે કે પછી ધીરે ધીરે બધા ભાજપમાં ભળી જશે ને કેજરીવાલ, આતિશી, મનિષ સિસોદિયાની ત્રિપુટી જ રહી જશે કે શું એવી ચર્ચા પણ શરૂ થઈ છે.

આપનું રાજકીય અસ્તિત્વ ટકશે કે નહીં તેનો જવાબ સમય આપશે પણ રાઘવ ચઢ્ઢા આણિ મંડળીએ રાજકીય અનૈતિકતાની ચરમસીમા વટાવી દીધી છે તેમાં બેમત નથી. રાઘવ ચઢ્ઢા અને આમ આદમી પાર્ટીના બીજા સાંસદોમાં નૈતિકતાનો ને શરમનો પણ છાંટો હોય તો તેમણે રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું ધરી દેવું જોઈએ. એ લોકો ભાજપમાં જોડાયા તેમાં કશું ખોટું નથી કેમ કે લોકશાહીમાં દરેક વ્યક્તિને પોતાનો પક્ષ અને વિચારધારા બદલવાની સંપૂર્ણ આઝાદી અને અધિકાર છે. આપના ૭ સાંસદો પણ એ અધિકારનો ઉપયોગ કરીને ભાજપમાં જોડાયા તેની સામે વાંધો ના લઈ શકાય પણ રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યા વિના ભાજપમાં જોડાય એ યોગ્ય નથી કેમ કે રાજ્યસભાના સભ્યપદે તેમને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ચૂંટ્યા હતા. આપના ધારાસભ્યોના મતથી રાજ્યસભામાં ચૂંટાયા પછી ભાજપમાં ભળી જવું એ ગદ્દારી કહેવાય. રાઘવ ચઢ્ઢા આણિ મંડળી માટે કેજરીવાલ ગદ્દાર શબ્દ વાપરે છે એ યોગ્ય જ છે.

આપ પાસે રાજ્યસભામાં ૧૦ સભ્યો છે ને તેમાંથી ૭ સભ્યો ભાજપમાં જોડાયા તેથી પક્ષપલટાનો કાયદો તેમને લાગુ ના પડે કેમ કે કોઈ પણ પક્ષના કુલ સંખ્યાબળના બે તૃતિયાંશ કે વધારે ધારાસભ્યો કે સાંસદો પક્ષપલટો કરે તો તેમને પક્ષપલટા ધારા હેઠળ તેમને ગેરલાયક ના ઠેરવી શકાય. આ બંધારણીય જોગવાઈ છે ને તેની આડમાં રાઘવ ચઢ્ઢા આણિ મંડળી પોતાના પક્ષપલટાને વાજબી ઠેરવે છે. એ લોકો તો પોતાનો બચાવ કરવાના જ પણ ભાજપે આ પ્રકારની સાવ અનૈતિક પ્રવૃત્તિને પોષવા જેવી નહોતી.

ભાજપે ગુજરાત અને બીજાં રાજ્યોમાં પણ કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના વિપક્ષોના ધારાસભ્યો કે સાંસદોને તોડ્યા છે પણ તેમની પાસે વિધાનસભા અને લોકસભામાં રાજીનામાં અપાવીને પછી પાર્ટીમાં લીધા છે. તેમના રાજીનામાથી ખાલી પડેલી બેઠકો પર ફરી તેમને જ ટિકિટ આપીને ભાજપે તેમને ફરી સાંસદ અને ધારાસભ્ય બનાવ્યા છે પણ પહેલાં રાજીનામાં તો અપાવ્યાં જ છે. મધ્ય પ્રદેશ અને કર્ણાટકમાં તો કૉંગ્રેસના ધારાસભ્યો પાસે આ રીતે રાજીનામાં અપાવીને ભાજપે સત્તા કબજે કરી છે ને ફરી તેમને ટિકિટ આપીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. રાઘવ ચઢ્ઢાના કેસમાં પણ ભાજપે એ જ વલણ અપનાવવ્યું હોત તો સારું થાત. ભાજપને હવે નૈતિકતા સાથે કંઈ લેવાદેવા તો રહી નથી પણ છતાં એટલો દેખાડો પણ કરી લીધો હોત તો સારું હતું.

ભાજપ આ અનૈતિકતાને પોષીને કશું વધારે મેળવી લેવાનો નથી. મધ્ય પ્રદેશ કે કર્ણાટકમાં પોતાની સરકાર બને એ માટે ભાજપે ધારાસભ્યોને તોડેલા જ્યારે રાઘવ ચઢ્ઢા સહિતના ૭ સાંસદોને તોડીને ભાજપ કશું મેળવવાનો નથી. મીડિયા રાઘવ ચઢ્ઢા કે સંદીપ પાઠક જેવા નેતાઓને ચાણક્ય ગણાવે છે ને તેમની વ્યૂહરચનાના જોરે આમ આદમી પાર્ટી દિલ્હી ને પંજાબમાં સત્તા મેળવી શક્યો એવી વાતો કરે છે પણ આ વાતો સાવ હાસ્યાસ્પદ છે.

દિલ્હીમાં રાઘવ ચઢ્ઢા કે સંદીપ પાઠક જેવા મીડિયાએ બનાવેલા ચાણક્યોના આગમન પહેલાંથી આપ સત્તામાં હતી. દિલ્હીમાં લોકો ભાજપ ને કૉંગ્રેસ બંનેથી કંટાળેલા ને અરવિંદ કેજરીવાલે પ્રમાણિક માણસની ઈમેજ ઊભી કરેલી તેથી લોકો તેમના પર વારી ગયેલા તેમાં સત્તા મળેલી. પંજાબમાં પણ બાદલ પરિવારના ભ્રષ્ટ શાસન ને તેની સામે ભાજપનાં આંખ મીંચામણાં તથા કૉંગ્રેસની અંદરોઅંદરની લડાઈથી કંટાળીને લોકોએ આપને સત્તા આપી છે. સંદીપ પાઠક કે રાઘવ ચઢ્ઢા એવા મહાન વ્યૂહ રચનાકાર જ હતા તો ૨૦૨૨માં ગુજરાતમાં આપને કેમ ના જીતાડી શક્યા? ગુજરાતની વાત છોડો પણ ૧૦ વર્ષથી દિલ્હીમાં જામેલી આપની હારને પણ ગયા વરસે કેમ નહોતા રોકી શક્યા?

રાજકારણમાં ફાવ્યો એ ડાહ્યો સિદ્ધાંત કામ કરે છે ને કોણ ફાવ્યો એ મીડિયા સાથેના સંબંધોના આધારે નક્કી થાય છે તેથી રાઘવ ને પાઠક ચાણક્ય બની ગયા. ભૂતકાળમાં પ્રશાંત કિશોરના કિસ્સામાં પણ એવું થયેલું જ છે. પ્રશાંત કિશોરની વ્યૂહકચનાને કારણે ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની ભવ્ય જીત થઈ એવી વાતો વરસોથી ચાલે છે પણ પી.કે. પોતે બિહારમાં પોતાની જ જીત માટે વ્યૂહરચના નથી બનાવી શક્યા ને છેલ્લી ચૂંટણીમાં ઊંધાં માથે પછડાયા છે. માનો કે ચઢ્ઢા કે પાઠક સારા વ્યૂહ રચનાકાર હોય તો પણ ભાજપ જેવી મોટી પાર્ટીને તેમની શું જરૂર છે ?

ચઢ્ઢા કે પાઠક તો સ્વચ્છ પ્રતિભા ધરાવતા નેતા છે તેથી હજુ ચાલે પણ બીજા જે ભાજપમાં જોડાયા છે તેમના વિશે તો એવો દાવો પણ થઈ શકે તેમ નથી. અશોક મિત્તલ લવલી યુનિવર્સિટીના માલિક છે ને હજુ દાસ દાડા પહેલાં જ તેમને ત્યાં ઈન્કમટેક્સના દરોડા પડેલા. જે માણસ ૧૦ દિવસ પહેલાં લગી કરચોરી બદલ કેન્દ્રીય એજન્સીઓના રડારમાં હતો એ માણસ હવે દૂધે ધોયેલો થઈ ગયો? સ્વાતિ માલિવાલ એક સમયે ભાજપના નેતાઓને ભાંડવામાં પાછું વળીને જોતાં નહોતાં ને હવે એ ભાજપને વહાલાં થઈ ગયાં?

ભાજપે દેશના સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે નૈતિકતાનાં ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવાં જોઈએ. તેના બદલે ભાજપ ક્ષુલ્લક લાભો માટે અનૈતિકતાને પોષી રહ્યો છે એ આઘાતજનક કહેવાય પણ ધણીનો કોઈ ધણી નથી એ હિસાબે તેને કોણ રોકી શકે ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, સોમવાર, તા. ૨૭-૪-૨૦૨૬, મોહિની એકાદશી, લક્ષ્મીનારાયણ એકાદશી

- ભારતીય દિનાંક ૭, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૧-૧૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૫ (તા. ૨૮) પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૯-૨૯, રાત્રે ક. ૨૧-૩૧
- ઓટઃ બપોરે ક. ૧૫-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૧ (તા. ૨૮)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – એકાદશી. મોહિની એકાદશી (ગૌમૂત્ર), લક્ષ્મીનારાયણ એકાદશી (ઓરિસ્સા), ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૮-૧૫ (તા. ૨૮)

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મોક્ષ અને પુણ્ય પ્રાપ્તિ માટે ભગવાન વિષ્ણુદેવતાનું પૂજન કરવું. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ચંદ્ર-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, પલાસના ઔષધીય અને હવનીય પ્રયોગો, ભગદેવતાનું પૂજન, ૐ ભગાય નમઃ ના મંત્રજાપ. ખાખરાનું વૃક્ષ વાવવું, વિદ્યારંભ, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ, ઘર-ખેતર, જમીન મકાન, લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ શેરબજારમાં રોકાણ થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ. શુક્ર રોહિણી નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ દેખાશે) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પની ડિનર પાર્ટીમાં

પ્રોટોકોલમાં ખામી બતાવે છે અહીંથી તેણે હથિયારો તૈયાર કર્યા હતા. નોંધનીય છે કે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ડિનર પાર્ટીમાં શંકાસ્પદ વ્યક્તિ પાસે અનેક હથિયારો હતા અને પછી તેને સિક્રેટ સર્વિસ દ્વારા અટકાવવામાં આવ્યો હતો.

શંકાસ્પદ હુમલાખોરની ઓળખ કેલિફોર્નિયાના ૩૧ વર્ષીય કોલ થોમસ એલન તરીકે થઈ છે. કેરોલે કહ્યું કે તેણે એકલા જ હુમલો કર્યો છે. પોલીસના મતે હુમલાખોરે હોટલમાં જ રૂમ બુક કરાવી હતી. તેનું લક્ષ્ય હજુ સુધી જાણી શકાયું નથી.

#### હુમલાખોરની ચોંકાવનારી કબૂલાત

વૉશિંગ્ટનઃ વાઇટ હાઉસની ડિનર પાર્ટી પર ફાયરિંગની ઘટનામાં સિક્રેટ સર્વિસના અધિકારીઓએ એક શંકાસ્પદને ઝડપ્યો હતો. અધિકારીઓએ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ૩૧ વર્ષીય કોલ થોમસ એલન તરીકે કરી છે જેને ઘટનાસ્થળે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓને નિશાન બનાવવાની કબૂલાત કરી હતી. પૂછપરછમાં ખુલાસો થયો હતો કે હુમલાખોર કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ હોટલમાં પહોંચી ગયો હતો. ટ્રમ્પના કાર્યક્રમ પહેલાં જ હથિયાર હૉટલમાં લઈ ગયો હતો. તે હિલ્ટન હોટલમાં રોકાયો હતો.

મેટ્રોપોલિટન પોલીસ વિભાગના કાર્યકારી વડા જેફરી કેરોલે મીડિયાને જણાવ્યું હતું કે, ''પ્રારંભિક તપાસ પછી અમે માનીએ છીએ કે તે (હુમલાખોર) હોટલમાં રોકાયો હતો. અમે હોટલના રૂમની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસનું માનવું છે કે શંકાસ્પદ હુમલાખોર એકલો હતો. હુમલાખોર સુનિયોજિત રણનીતિ સાથે હૉટલમાં પહોંચ્યો હતો. તેને ત્યાં એક કાર્યક્રમ યોજાવાનો હોવાની જાણ હતી તેથી તેણે અગાઉથી એક રૂમ બુક કરાવ્યો હતો. તેણે હૉટલમાં અગાઉથી હથિયારો પણ પહોંચાડી દીધા હતા, કારણ કે કાર્યક્રમ દરમિયાન સુરક્ષા ખૂબ જ કડક હશે તેવી તેને જાણ હતી. જોકે, સુરક્ષા અધિકારીઓએ હુમલાખોરને ટ્રમ્પ સુધી પહોંચે તે પહેલાં જ કાબૂમાં લઈ લીધો હતો.

ગોળીબાર થયો ત્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સના ડિનરમાં હાજર હતા. જોકે, સુરક્ષા અધિકારીઓએ ટ્રમ્પને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ગોળીબાર દરમિયાન યુએસ સિક્રેટ સર્વિસ અધિકારીને પણ ગોળી વાગી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોર પાસેથી પોલીસને શોટગન, હેન્ડગન અને ચાકુ મળી આવ્યા છે. જેને લઈને હોટલની સુરક્ષાવ્યવસ્થા પર સવાલો ઊઠ્યા છે.

#### લોકતંત્રમાં હિંસાને કોઈ સ્થાન નહીંઃ મોદી

નવી દિલ્હીઃ અમેરિકાના વૉશિંગ્ટન હિલ્ટન હોટલમાં આયોજિત વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનર દરમિયાન ગોળીબારની ઘટના બની હતી. આ કાર્યક્રમમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને અન્ય અમેરિકન અધિકારીઓ હાજર હતા. જોકે, તેઓને સુરક્ષિત રીતે બહાર લઈ જવાયા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાની સખત નિંદા કરી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવેલી પોસ્ટમાં વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે, ''વૉશિંગ્ટન ડીસીની એક હોટલમાં તાજેતરમાં બનેલી ઘટના બાદ પ્રમુખ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી અને ઉપ પ્રમુખ સુરક્ષિત છે તે જાણીને રાહત થઈ. હું તેમની સલામતી અને સુખાકારીની કામના કરું છું. લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી અને તેની સ્પષ્ટપણે નિંદા થવી જોઈએ.''

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી અને આ ઘટનાની સ્પષ્ટપણે નિંદા થવી જોઈએ. નોંધનીય છે કે ગોળીબારની ઘટના બાદ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની પ્રતિક્રિયા આપી હતી. ડિનર પાર્ટીમાં ફાયરિંગ થયું પ્રમુખ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા સ્ટેજ પર હતાં. જોકે સિક્રેટ સર્વિસના અધિકારીઓ તરત જ કાર્યવાહી કરતા રાષ્ટ્ર પ્રમુખને સુરક્ષિત હોટલની બહાર લઈ જવાયા હતા.

ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હુમલાખોરની ધરપકડ કરવામાં આવી છે અને તેમણે પરિસ્થિતિને સંભાળવા બદલ એજન્સીઓની પ્રશંસા કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં આ કાર્યક્રમની નવી તારીખ નક્કી કરવામાં આવશે.

#### હુમલો કરનાર છે એન્જિનિયર, કમલા હેરિસને ચૂંટણીમાં આપ્યું હતું ફંડ

વૉશિંગ્ટન : વૉશિંગ્ટનની હિલ્ટન હૉટેલમાં વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સના ડિનર દરમિયાન ફાયરિંગ કરનાર શંકાસ્પદ વ્યક્તિની ઓળખ થઈ ગઈ છે. શંકાસ્પદ વ્યક્તિનું નામ કોલ થોમસ એલન છે. એલન દક્ષિણ કેલિફોર્નિયાનો રહેવાસી છે. ટ્રમ્પ અને વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં હૉટલમાં ગોળીબાર કર્યા બાદ સુરક્ષા કર્મચારીઓએ એલનને ઝડપી લીધો હતો. એલને પૂછપરછમાં કબૂલાત કરી હતી કે તે ટ્રમ્પ અધિકારીઓને નિશાન બનાવી રહ્યો હતો. તેને સોમવારે કોર્ટમાં રજૂ કરાશે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૩૧ વર્ષીય એલન લોસ એન્જલસ નજીક ટોરેન્સ વિસ્તારનો રહેવાસી છે. તે એક ટિચર છે અને વીડિયો ગેમ ડેવલપર છે. તે સીર એજ્યુકેશન નામની ટ્યુટરિંગ કંપનીમાં પાર્ટ-ટાઇમ શિક્ષક તરીકે કામ કરતો હતો. કંપનીની સોશ્યલ મીડિયા પોસ્ટ્સ પરથી જાણવા મળ્યું કે ડિસેમ્બર ૨૦૨૪માં તેને ''ટિચર ઑફ ધ મન્થ'' એનાયત કરવામાં આવ્યો હતો.

એલને ૨૦૧૭માં કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડિગ્રી સાથે સ્નાતક કર્યું હતુ. ગયા વર્ષે તેણે કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી-ડોમિંગુએઝ હિલ્સમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી પણ મેળવી. તપાસમાં જાણવા મળ્યું કે એલન રાજકારણમાં પણ સક્રિય રહ્યો છે. ફેડરલ ઇલેક્શન કમિશનના રેકોર્ડ અનુસાર, ઑક્ટોબર ૨૦૨૪માં કોલ થોમસ એલને કમલા હેરિસના રાષ્ટ્રપતિ અભિયાન માટે ૨૫ ડોલરનું દાન કર્યું હતું.

જોકે, એવું કહેવામાં આવી રહ્યું છે કે હુમલાખોર કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ હૉટેલમાં પહોંચી ગયો હતો. ટ્રમ્પના કાર્યક્રમ પહેલાં જ હથિયાર પણ હૉટેલમાં લઈ ગયો હતો. મેટ્રોપોલિટન પોલીસ વિભાગના કાર્યકારી વડા જેફરી કેરોલે મીડિયાને જણાવ્યું હતું કે, પ્રારંભિક તપાસ પછી જાણવા મળ્યું કે તે (હુમલાખોર) હૉટેલમાં રોકાયો હતો. એવું માનવામાં આવે છે કે હુમલાખોર સુનિયોજિત રણનીતિ સાથે હોટલમાં પહોંચ્યો હતો. સુરક્ષા અધિકારીઓએ હુમલાખોરને ટ્રમ્પ સુધી પહોંચે તે પહેલાં જ કાબૂમાં લઈ લીધો હતો.

#### ''આજે રાત્રે ગોળીબાર થશે''

વોશિંગ્ટન : અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં આયોજિત પ્રતિષ્ઠિત વાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનર દરમિયાન ગોળીબાર થતાં અફરાતફરી મચી ગઈ હતી. હિલ્ટન હોટલમાં આયોજિત કાર્યક્રમમાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, તેમના પત્ની મેલાનિયા, ઉપ-પ્રમુખ જે.ડી. વેન્સ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર હતાં. સુરક્ષા કર્મચારીઓએ બધાને સુરક્ષિત રીતે હોટલની બહાર કાઢ્યા હતા.

જોકે આ ઘટના અગાઉનો વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે. આ વીડિયો કાર્યક્રમ શરૂ થાય તે પહેલાનો માનવામાં આવી રહ્યો છે. વીડિયોમાં કેરોલિન લેવિટ વાઇટ હાઉસની ડિનર પાર્ટી વિશે વાત કરી રહ્યા હતા. તેમને પૂછવામાં આવ્યું કે આજની રાતનો માહોલ કેવો હશે. જેના પર તેમણે કહ્યું કે આજની રાત જોવાલાયક હશે. ડોનલ્ડ ટ્રમ્પ આ કાર્યક્રમને ઉત્સાહથી ભરી દેશે અને ''આજે ગોળીબાર'' થશે.

જોકે કેરોલિન લેવિટે અંગ્રેજીમાં ''શોટ્સ ફાયર્ડ'' શબ્દનો ઉપયોગ કર્યો હતો. શરૂઆતમાં તેમના નિવેદનને રાજકીય વ્યંગ તરીકે અર્થઘટન કરવામાં આવ્યું હતું, પરંતુ પછીથી વાસ્તવિક ગોળીબારની ઘટનાને કારણે તેમનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ ગયો હતો. ■

### આ હુમલો મને

બની હતી. ગોળીબાર બાદ આ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો. ટ્રમ્પને સુરક્ષિત રીતે હોટલમાંથી બહાર લઈ જવાયા હતા.

ફાયરિંગ બાદ પત્રકારોને સંબોધતા પ્રમુખ ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું આ હુમલો ઈરાન યુદ્ધ સાથે જોડી શકાય છે. જેના જવાબમાં તેમણે કહ્યું કે ''મને એવું નથી લાગતું, પણ તમને ક્યારેય ખબર નથી. તે મને ઈરાનમાં યુદ્ધ જીતતા રોકશે નહીં. અમે અમારું કાર્ય ચાલુ રાખીશું અને ઉત્તમ કાર્ય કરીશું.''

ટ્રમ્પે જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓ હુમલાખોરના ઈરાદાની તપાસ કરી રહી છે. શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ૩૧ વર્ષીય કોલ થોમસ તરીકે થઈ છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે તે અનેક હથિયારોથી સજ્જ હતો અને સુરક્ષા ચેકપોઈન્ટ સુધી પહોંચ્યો હતો. ટ્રમ્પે જણાવ્યું કે હુમલાખોરે સિક્રેટ સર્વિસના એક એજન્ટ પર ગોળીબાર કર્યો હતો, પરંતુ બુલેટપ્રૂફ જેકેટના કારણે તેનો જીવ બચી ગયો છે. ટ્રમ્પે કહ્યું કે પ્રમુખ બનવું એક ખતરનાક વ્યવસાય છે.

યુએસ સુરક્ષા એજન્સીઓએ હુમલાખોરને પકડી લીધો છે. અમેરિકન એટોર્ની જનરલ જિનાઈન પિરોએ જણાવ્યું હતું કે શંકાસ્પદ પર હાલમાં બે આરોપ મૂકવામાં આવ્યા છે. શંકાસ્પદને સોમવારે ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ૩૧ વર્ષીય કોલ થોમસ એલન તરીકે થઈ છે. એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલે જણાવ્યું હતું કે એજન્સી ઘટનાસ્થળેથી મળેલી બંદૂક અને દારૂગોળાની તપાસ કરી રહી છે. તેમણે આ અંગેની જાણકારી ધરાવનારા વ્યક્તિને આગળ આવવા અપીલ કરી હતી.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે વૉશિંગ્ટન હિલ્ટન હૉટલમાં સુરક્ષા પર સવાલ ઉઠાવતા કહ્યું કે ઇમારત સંપૂર્ણપણે સુરક્ષિત નથી. તેમણે ભવિષ્ય માટે વ્હાઇટ હાઉસમાં ''ડ્રોન-પ્રૂફ'' અને ''બુલેટપ્રૂફ'' કાચથી સજ્જ એક આધુનિક ''વોર રૂમ'' બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઇન્ડોર ઇવેન્ટ્સ રદ કરશે ત્યારે તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, ''હું તે કરી શકતો નથી. આપણે જાહેરમાં લોકોને મળવું પડશે.''

ટ્રમ્પે કહ્યું હતું કે, ''એક અધિકારીને ગોળી વાગી હતી પરંતુ તે બચી ગયા છે. મેં હમણાં જ અધિકારી સાથે વાત કરી અને તે સ્વસ્થ છે.'' ટ્રમ્પે સોશિયલ મીડિયા પર સિક્રેટ સર્વિસની બહાદુરીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ગોળીબાર કરનારની ધરપકડ કરવામાં આવી છે. તેમણે એવી પણ જાહેરાત કરી કે આ કાર્યક્રમ આગામી ૩૦ દિવસમાં ફરીથી યોજાશે. ■

### ગુજરાતમાં ગરમી

તાપમાન નોંધાયું હતું. અન્ય મુખ્ય શહેરોમાં પણ તાપમાનમાં વધારો નોંધાયો હતો, જેમાં અમરેલી ૪૪ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટ ૪૩.૩ ડિગ્રી સેલ્સિયસ, ભુજ ૪૩.૩ ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગર ૪૩.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે શેકાયું હતું. મધ્ય અને દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો વડોદરામાં ૪૨.૫ ડિગ્રી સેલ્સિયસ, જ્યારે સુરતમાં ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ભાવનગર ૪૧.૭ ડિગ્રી સેલ્સિયસ અને ડાંગ ૪૧.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં બફાયું હતું. આ તમામ શહેરોમાં ગરમીનું પ્રમાણ જે નોંધાઈ છે, તેના કરતાં બે ડિગ્રી વધારે હોય તેવો અનુભવ લોકો કરી રહ્યા છે.

દરિયાઈ કાંઠાના વિસ્તારોમાં તાપમાન ૩૨થી ૩૫ વચ્ચે નોંધાયું હતું, પરંતુ ભેજને કારણે બફારો અને અકળામણનું પ્રમાણ વધારે હતું.

રાજ્યમાં હજુ આગામી દિવસોમાં આવું જ વાતાવરણ રહેવાની સંભાવના છે. આથી આવનારા ત્રણ-ચાર દિવસ સુધી લોકોને ગરમીથી રાહત મળે તેવી શક્યતા ઓછી છે.

દરમિયાન તમામ શહેરો-તાલુકાના સ્થાનિક તંત્રએ લોકોને ગરમી દરમિયાન ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી છે. ■

### વસતિગણતરીમાં

મળે. અંગ્રેજોના કાયદામાં વાંસને ઝાડ કહેવામાં આવ્યું હતું. અને વાંસને ઘાસનો દરજ્જો આપ્યો છે.

મોદીએ કહ્યું હતું કે પહેલી વાર વેવ્સ ઓટીટીમાં સૈન્ય સંગીત સમારોહ બીટિંગ રિટ્રિટને સ્થાન મળ્યું છે. છેલ્લાં થોડા વર્ષોથી સમારોહમાં ભારતીય સંગીતનો સમાવેશ વધી ગયો છે અને લોકોને એ ગમે છે. આ વખતના સમારોહમાં હવાઈદળ, ભૂદલ અને નૌકાદળે ભવ્ય દેખાવ કર્યો હતો.

મોદીએ દાવો કર્યો હતો કે વિશ્વમાં ભારતીય ચીઝની લોકપ્રિયતા વધી રહી છે અને ભારતીય ડેરી ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે. બ્રાઝીલમાં યોજાયેલી ઈન્ટરનેશનલ ચીઝ હરીફાઈમાં ભારતની બે બ્રાન્ડને પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા હતા. (એજન્સી) ■

### ગુજરાતમાં સરેરાશ

ગાંધીધામમાં ૩૯.૮૫ ટકા નોંધાયું હતું, જ્યારે પોરબંદરમાં ૪૧.૬૭ ટકા અને સુરેન્દ્રનગરમાં ૪૬.૮૭ ટકા મતદાન થયું હતું.

નગરપાલિકાઓમાં સૌથી વધુ મતદાન નવસારી જિલ્લામાં ૭૨.૫૬ ટકા નોંધાયું હતું, જ્યારે છોટા ઉદેપુરમાં ૭૨.૦૪ ટકા અને જામનગરમાં ૭૧.૫૩ ટકા મતદાન થયું હતું. વાવ-થરાદ અને વલસાડમાં પણ ૭૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું, જ્યારે મધ્ય ગુજરાતના ખેડા, આણંદ અને વડોદરામાં મતદાનની ટકાવારી ૬૬ થી ૬૯ ટકાની આસપાસ રહી હતી. બીજી તરફ, રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં સૌથી ઓછું ૪૧.૭૬ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે બોટાદમાં ૪૮.૪૨ ટકા અને જૂનાગઢમાં ૪૯.૫૩ ટકા મતદાન થયું હતું.

રાજ્યની ૩૪ જિલ્લા પંચાયતોમાં સરેરાશ અંદાજિત ૬૦.૪ ટકા મતદાન થયું હતું. નર્મદા જિલ્લામાં સૌથી વધુ ૮૦.૬૬ ટકાના મતદાન નોંધાયું હતું. જ્યારે ડાંગમાં ૭૭.૦૧ ટકા અને તાપીમાં ૭૫.૩૩ ટકા, જ્યારે નવસારી, છોટા ઉદેપુર અને વલસાડમાં ૬૫ થી ૭૦ ટકાની વચ્ચે મતદાન નોંધાયું હતું. સુરતમાં ૬૬.૧૩ ટકા, વડોદરામાં ૬૫.૫૦ ટકા અને અમદાવાદમાં ૬૫.૪૦ ટકા, જ્યારે મહીસાગર, પાટણ અને કચ્છમાં મતદાનની ટકાવારી ૫૮ ટકાની આસપાસ રહી હતી. સૌથી ઓછું મતદાન પોરબંદર જિલ્લામાં ૪૩.૩૭ ટકા નોંધાયું હતું, જ્યારે અમરેલીમાં ૪૭.૫૯ ટકા અને ભાવનગરમાં ૪૮.૩૭ ટકા મતદાન નોંધાયું હતું.

રાજ્યની ૨૬૦ તાલુકા પંચાયતોમાં અંદાજિત સરેરાશ ૬૧.૧૫ ટકા મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન નર્મદા જિલ્લામાં ૮૦.૬૭ ટકા નોંધાયું હતું. ડાંગમાં ૭૭.૧૭ ટકા અને તાપીમાં ૭૫.૪૧ ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું, જ્યારે છોટા ઉદેપુરમાં ૬૯.૪૫ ટકા અને વલસાડમાં ૬૯.૦૧ ટકા તેમ જ મધ્ય અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં સરેરાશ ૬૦ થી ૬૫ ટકાની વચ્ચે મતદાન રહ્યું હતું, જેમાં અમદાવાદ ૬૫.૮૨ ટકા અને વડોદરા ૬૬.૩૭ ટકા નોંધાયું હતું. બીજી તરફ, સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં મતદાનની ટકાવારી પ્રમાણમાં નીચી રહી છે, જેમાં પોરબંદર ૪૪.૬૩ ટકા સાથે સૌથી પાછળ છે, જ્યારે અમરેલીમાં ૪૭.૪૬ ટકા અને ભાવનગરમાં ૫૧.૦૩ ટકા મતદાન થયું હતું. ■

### દિલ્હીમાં

હજુ પણ હોસ્પિટલમાં છે...એક કેબિન ક્રૂ સભ્યના પગમાં સમાન્ય ઇજા થઇ છે. બાકીના ક્રૂ સભ્યો સુરક્ષિત છે. જો કે મુસાફરોને કઇ રીતે ઇજાઓ થઇ તે અંગે તાત્કાલિક કોઇ જાણકારી ઉપલબ્ધ નથી.

પ્રવક્તાએ જણાવ્યું કે ૨૬ એપ્રિલના રોજ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧ વાગ્યાની આસપાસ દિલ્હીમાં ફ્લાઇટ એલએક્સ૧૪૭ના ટેકઓફ દરમિયાન વિમાનના એક એન્જિનમાં ખામી સર્જાઇ હતી. જેના પગલે ક્રૂએ ટેકઓફ રદ કરી દીધું હતું અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા બાદ સાવચેતીના પગલાં તરીકે વિમાનને ખાલી કરવાનો નિર્ણય લીધો હતો.

સૂત્રોએ જણાવ્યું કે મુખ્ય વ્હિલની ડાબી બાજુથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. શરૂઆતમાં એવી જાણકારી મળી હતી કે લેન્ડિંગ ગિયર્સ પૈકીના એકમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. દિલ્હી એરપોર્ટના ઓપરેટર ડીઆઇએએલએ જણાવ્યું કે આ ઘટના બનવા છતાં એરપોર્ટ પર ફ્લાઇટ કામગીરી પર કોઇ અસર પડી ન હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે સ્વિસ ઇન્ટરનેશનલ એરલાઇન્સને સ્વિસ તરીકે ઓળખવામાં આવે છે.

સૂત્રોએ જણાવ્યું કે શરૂઆતમાં એર ટ્રાફિક કંટ્રોલર(એટીસી) તરફથી એક ફોન આવ્યો હતો, જેમાં સંપૂર્ણ કટોકટી અને વિમાનનું ટાયર ફાટવાની જાણકારી આપવામાં આવી હતી. એરસાઇડ ટીમ દ્વારા તપાસ કર્યા બાદ પુષ્ટિ થઇ હતી કે ટેકઓફ રદ કરવા દરમિયાન મુખ્ય વ્હિલની ડાબી બાજુથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

દિલ્હી એરપોર્ટના ઓપરેટર ડીઆઇએએલએ જણાવ્યું કે રવિવારની રાત્રે રનવે ૨૮/૧૦ પર ફ્લાઇટ એલએક્સ૧૪૭ માટે સંપૂર્ણ કટોકટી જાહેર કરવામાં આવી હતી. તમામ નક્કી સુરક્ષા પ્રોટોકોલ તાત્કાલિક લાગુ કરવામાં આવ્યા હતા અને મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાની એરપોર્ટ કામગીરી પર કોઇ અસર પડી ન હતી. એરલાઇનના પ્રવક્તાએ અગાઉ જણાવ્યું હતું કે સ્વિસના ટેક્નિકલ નિષ્ણાતો વિમાનનું નિરીક્ષણ કરવા અને આગળની કાર્યવાહી હાથ ધરવા માટે દિલ્હી જશે. મુસાફરોને હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ તેમના માટે બીજી ફ્લાઇટ્સમાં બુકિંગ કરવામાં આવ્યું છે. ■





**મતદાનઃ** ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન કર્યા બાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, તેમનો દીકરો અનુજ પટેલ, કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ, આઈસીસીના અધ્યક્ષ જય શાહ અને તેમના પરિવારના સભ્યો તેમ જ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન કર્યા બાદ તૃણમૂલ કૉંગ્રેસના સાંસદ અને ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ (પીટીઆઈ)

## આગ ઓકતી ગરમી વચ્ચે ગુજરાતે કર્યું મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મોટાભાગનાં શહેરો-ગામોમાં આકાશમાંથી આગ વરસતી હોય તેટલી ગરમી હોવા છતાં નાગરિકોએ મતદાન કરી પોતાની ફરજ નિભાવી હતી. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત લોકશાહીનો ઉત્સાહ જોવા મળ્યો હતો. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અમદાવાદના નારણપુરા ખાતે પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમની સાથે પરિવારના સભ્યો પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થયા હતા. આ જ રીતે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ અમદાવાદમાં વહેલી સવારે મતદાન કર્યું હતું. આ પ્રસંગે તેમણે મતદાનને 'લોકશાહીનો પવિત્ર ઉત્સવ' ગણાવતા દરેક નાગરિકને ૧૦૦ ટકા મતદાન કરી પોતાની પવિત્ર ફરજ નિભાવવા અપીલ કરી હતી.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સુરત ખાતે મતદાન કરી રાજ્યના વિકાસની ગતિને વેગ આપવા પર ભાર મૂક્યો હતો. વડનગર ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને સુરત ખાતે કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલે પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ પત્ની સાથે તેમના વતન માળિલા ગામમાં મતદાન કર્યું હતું.

રાજકોટમાં પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણીએ મતદાન કર્યા બાદ ભાવુક સ્વરે જણાવ્યું હતું કે, 'સાહેબ' વગર પ્રથમ વખત મતદાન કરતી વખતે અનુભવ થોડો અલગ રહ્યો છે, પરંતુ મને હજુ પણ એવું લાગે છે કે તેઓ હંમેશાં મારી સાથે જ છે. બીજી તરફ, વડોદરામાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને ક્રિકેટર યુસુફ પઠાણે પરિવાર સાથે મતદાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મતદાન દરેકનો અધિકાર છે અને તેનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવો જોઈએ. તેમણે ઉમેર્યું કે ગુજરાતના જાગૃત નાગરિકોએ હંમેશાં વિકાસની રાજનીતિને જ પસંદ કરી છે. આપના અધ્યક્ષ ઇસુદાન ગઢવીએ તેમના વતનમાં પરિવાર સાથે મતદાન કર્યું હતું. મધ્ય પ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે નવસારીમાં મતદાન કર્યું હતું. ■

## મતદાન સમયે 'આપ'ના ઉમેદવાર સહિત ત્રણ વ્યક્તિઓએ ગુમાવ્યો જીવ

અમદાવાદઃ ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં દુઃખદ ઘટનાઓ સામે આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના સણસેજ ગામે ફરજ બજાવતા કર્મચારી અમિતભાઈ વિઠ્ઠલભાઈ સોલંકીનું હાર્ટ એટેકને કારણે નિધન થયું હતું. સણસેજ ગ્રામ પંચાયતમાં પટાવાળા તરીકે કાર્યરત અમિતભાઈ મતદાનની પ્રક્રિયા દરમિયાન અચાનક ઢળી પડ્યા હતા. ગ્રામજનો તેમને તાત્કાલિક સારવાર માટે તારાપુરની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા, પરંતુ ત્યાંના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઉપરાંત, જામનગરમાં વોર્ડ નંબર-૩ના આમ આદમી પાર્ટી (આપ) ના ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાનું (ઉ. વ. ૩૮) પણ મતદાનના દિવસે જ હાર્ટ એટેકથી અવસાન થતા શોકનું મોજું ફરી વળ્યું હતું, તેમને આગલા દિવસે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જો કે મતદાનના દિવસે જ તેમનું નિધન થતાં રાજકીય વર્તુળમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. અન્ય એક ઘટનામાં પાટણના માયાનગર વિસ્તારના રહેવાસી કમળાબેન મતદાન મથકે પોતાનો મત આપીને બહાર નીકળ્યા બાદ અચાનક તબિયત લથડતાં પડી ગયાં હતાં. તેમને તાકીદે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આમ, લોકશાહીના આ પર્વ વચ્ચે ત્રણ વ્યક્તિના મોતના સમાચારથી ચૂંટણીના માહોલમાં ગમગીની છવાઈ ગઈ હતી. ■

## ભરૂચમાં મીણબત્તીના અજવાળે મતદાન; અમદાવાદ-વડોદરામાં ઈવીએમની ખામીથી હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ટેકનિકલ ખામી અને અવરોધોના કિસ્સાઓ સામે આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભરૂચમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતાં મતદાન મથકમાં અંધકાર છવાઈ ગયો હતો. જોકે, લોકોએ મીણબત્તીના અજવાળે પણ પોતાનો મતાધિકાર વાપરીને નાગરિક તરીકેની ફરજ નિભાવી હતી. બીજી તરફ, અમદાવાદના વાસણા વોર્ડમાં આવેલી જી.બી. શાહ કોલેજના બૂથ નંબર ૪૩ પર ઇવીએમમાં મુશ્કેલીની ફરિયાદ ઊઠી હતી. એક મતદારે બેલેટ યુનિટનું બટન દબાવવામાં પડતી મુશ્કેલી અંગે જાણ કરતા તંત્ર હરકતમાં આવ્યું હતું.

જોકે, તપાસ બાદ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે લાલ લાઈટ ચાલુ થતી હોવાથી મત યોગ્ય રીતે નોંધાઈ રહ્યો છે, તેમ છતાં સાવચેતીના ભાગરૂપે માસ્ટર ટ્રેનર દ્વારા મશીનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલી જય અંબે સ્કૂલ ખાતે સ્થિત મતદાન મથક પર ઇવીએમ ખોરવાતા મતદારોને ભારે હાલાકી ભોગવવી પડી હોવાના અહેવાલો વહેતા થયા હતા.

અહીં રૂમ નંબર ૩૦માં રાખવામાં આવેલું ઇવીએમ મશીન ટેકનિકલ ખામીને કારણે સવારના સમયે અંદાજે એક કલાક સુધી બંધ રહ્યું હતું.

મતદાન શરૂ થવાના મહત્ત્વના સમયે જ મશીન બંધ થઈ જતાં લાંબી કતારો લાગી હતી અને છેવટે તંત્ર દ્વારા ખામી સુધારવામાં વિલંબ થતા અનેક જાગૃત મતદારો પોતાનો મત આપ્યા વિના જ પરત ફર્યા હોવાના અહેવાલો સૂત્રો દ્વારા પ્રાપ્ત થયા હતા. ■

## પહેલા મતદાન પછી માંડવે! નવવધૂઓ અને વરરાજાઓએ મતદાન કરી જાગૃતિનો સંદેશ આપ્યો

અમદાવાદઃ રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અનેક નવવધૂઓ અને વરરાજાઓએ લગ્નના પવિત્ર બંધનમાં બંધાતા પહેલાં મતાધિકારનો ઉપયોગ કરીને જાગૃત નાગરિક તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જામનગરના ગુલાબનગરમાં મીરાબેન પરમારે પાનેતરના શણગાર સાથે મતદાન કર્યું હતું, જ્યારે જસદણના આટકોટમાં દીનતા વઘાસિયા અને જેતપુરના ડેડરવા ગામે અવની દુધાત્રાએ લગ્નના શુભ મુહૂર્ત પહેલાં મતદાન કરીને પોતાની નાગરિક ફરજ અદા કરી હતી. આ જ રીતે સુરેન્દ્રનગરના વઢવાણમાં જ્યોતિબેન અને પૂજાબેને ફેરા ફરતા પહેલાં, છોટાઉદેપુરના ધંધોડા ગામની બે કન્યાઓએ અને વિસાવદરના લેરિયા ગામે નવવધૂ દ્રષ્ટિબેન ઠુંમરે લગ્નના માંડવેથી સીધા મતદાન મથકે પહોંચીને મતદાન કર્યું હતું. બીજી તરફ, રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરરાજાઓ પણ જાન પ્રસ્થાન કરતા પહેલાં મતદાન મથકો પર જોવા મળ્યા હતા. અમદાવાદ જિલ્લાના બકરાણામાં એક નવપરિણીત યુવાને જાન જોડે તે પહેલાં મતદાન કર્યું હતું, તો અરવલ્લીના મેઘરજમાં વરરાજા નીતિન પંચાલ પોતાની શણગારેલી કાર સાથે રખાપુર મતદાન મથકે પહોંચ્યા હતા. નવસારી જિલ્લામાં મહિપાલભાઈ હળપતિ પીઠી ચોળીને વચ્છરવાડ મતદાન મથક પર પહોંચી મતદાન કર્યું હતું. સાવરકુંડલામાં વરરાજા જાનૈયાઓ સાથે સીધા મતાધિકારનો ઉપયોગ કરવા પહોંચ્યા હતા, જ્યારે વિસાવદરના કાનાવડલા ગામે કે નીલભાઈ વાલાણી અને જામ ખંભાળિયાના ટીંબડી ગામે પણ વરરાજાએ લગ્નના દિવસે જ વોટ આપીને પ્રેરણાદાયી દાખલો બેસાડ્યો હતો. ■

## ક્યાંક વિકાસના મુદ્દે 'વોટ બહિષ્કાર' તો ક્યાંક બોગસ મતદાનના આક્ષેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન રાજ્યના અનેક ગામોમાં વિકાસના કામોને મુદ્દે રોષ અને ચૂંટણી બહિષ્કારના દૃશ્યો જોવા મળ્યા હતા. નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના દૂથર ગામે ફુલસરથી દૂથર સુધીના ડામર રોડની માંગ સાથે ગ્રામજનોએ મતાધિકારનો ત્યાગ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં ધારાસભ્ય ચૈતર વસાવા તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને અધિકારીઓ સાથે બેઠક યોજી લેખિત બાંહેધરી અપાવતા મતદાન પ્રક્રિયા પુનઃ શરૂ થઈ હતી. જોકે, દેવભૂમિ દ્વારકાના મેઘપર ટીટોડી ગામે પણ 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા સાથે બહિષ્કાર કરાયો હતો. આ ઉપરાંત, સુરતમાં પાટીદાર સગીરાની છેડતીની ઘટનાના વિરોધમાં વિસનગરના બાજીપુરા ગામે પણ ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવી મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

બીજી તરફ, અમદાવાદના ખાડિયા વિસ્તારમાં બપોર સુધી ઓછું મતદાન નોંધાતા રાજકીય નેતાઓની ચિંતામાં વધારો થયો હતો. ભાજપના નેતા ભૂષણ ભટ્ટે કાર્યકર્તાઓ સાથે શેરીએ શેરીએ ફરીને લોકોને વધુમાં વધુ મતદાન કરવા માટે અપીલ કરી હતી. અમરેલી જિલ્લાની મોટા આંકડિયા બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો સામસામે આવી ગયા હતા. અહીં મતદાન મથક પર ભાજપનો ડુપ્લિકેટ મતદાન એજન્ટ બેઠો હોવાનો ગંભીર આક્ષેપ થતાં વાતાવરણ તંગ બન્યું હતું.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બોગસ મતદાનની ફરિયાદો પણ થઈ હતી. રાજકોટના વોર્ડ નંબર ૪ માં શૈલેષભાઈ નામના મતદાર અને અમદાવાદના કુબેરનગરમાં રાહુલ ઠાકોરના નામે કોઈ અન્ય વ્યક્તિ મત આપી ગયા હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. આવી જ રીતે અમરેલીના વોર્ડ નંબર ૧૦ માં વિક્રમ સોલડિયાનો મત અગાઉથી જ કોઈએ આપી દીધા હોવાના આક્ષેપોના પગલે ચૂંટણી અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. આ ગેરરીતિઓ મુદ્દે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, હારના ડરથી ભાજપના ઉમેદવારો પોલીસ અને વહીવટી અધિકારીઓની મદદ લઈને બોગસ વોટિંગ કરાવી રહ્યા છે. ■

## મતદાન સમયે મારામારી, આક્ષેપો-પ્રત્યાક્ષેપોનો મારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન દરમિયાન હિંસા, જૂથબંધી અને અટકાયતની અનેક ઘટનાઓ સામે આવતા રાજકીય માહોલ ગરમાયો હતો. મળતી વિગતો અનુસાર અમદાવાદના કુબેરનગર વોર્ડમાં ભાજપ અને કૉંગ્રેસના કાર્યકરો વચ્ચે છૂટાહાથની મારામારી થતા પોલીસે સ્થિતિ કાબૂમાં લીધી હતી, જ્યારે મેઘાણીનગરમાં બૂથ કેપ્ચરિંગના આરોપસર અને સરખેજમાં કૉંગ્રેસના ટેબલ પર તોડફોડને લઈ ઘર્ષણ થયું હતું. કરમસદ-આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩માં કૉંગ્રેસના ઉમેદવાર હર્ષિલભાઈ દવે પર ભાજપના ઉમેદવાર અને તેમના સાગરીતો દ્વારા કથિત હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કૉંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો. આ સાથે જ તાપીના બુહારીમાં ભાજપના બે જૂથ વચ્ચે અને નવસારીમાં ભાજપ-કૉંગ્રેસના સમર્થકો વચ્ચે મારામારીના અહેવાલો મળ્યા હતા.

દાહોદના સંજેલી ખાતે આમ આદમી પાર્ટીના ઉમેદવારના પતિનું કથિત અપહરણ કરી તેમને ઢોર માર મારવામાં આવ્યો હોવાનો ખળભળાટ મચાવતો આરોપ પક્ષે લગાવ્યો હતો. 'આપ'ના જણાવ્યા અનુસાર, તેમને અગાઉથી જ ફોર્મ પાછું ખેંચવા ધમકીઓ મળી રહી હતી. બીજી તરફ, રાજકોટમાં આચારસંહિતાના ભંગ બદલ કડક કાર્યવાહી જોવા મળી હતી, જ્યાં કૉંગ્રેસના ઉમેદવાર મકબૂલ દાવદાણી સહિત ૨૦ જેટલા કાર્યકરો મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રચાર કરી રહ્યા હોવાનું જણાતા પોલીસે તેમની અટકાયત કરી હતી. ■

## જામનગરમાં ૧૧૭ વર્ષના વૃદ્ધા અને ભાવનગરમાં ૧૦૧ વર્ષના માજીએ કર્યું મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સામાન્ય જનતાનો અતૂટ ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં શારીરિક મર્યાદાઓ હોવા છતાં વિકલાંગ, અંધ અને અતિ વૃદ્ધ મતદારોએ અદમ્ય ઉત્સાહ સાથે લોકશાહીના પર્વમાં ભાગીદારી નોંધાવી હતી. ભાવનગરના ગોપનાથમાં માછીમાર પરસોત્તમભાઈ વાઘેલાએ કામ પર જતાં પહેલાં નાગરિક ધર્મ નિભાવ્યો હતો, તો ભાવનગરના જ દડવા ગામે ૧૦૧ વર્ષીય અમરબેન વાઘેલા અને જામનગરના લતીપર ગામે ૧૧૭ વર્ષના વૃદ્ધાએ મતદાન કરીને પ્રેરણા પૂરી પાડી હતી. રાજકોટમાં પણ ૯૦ વર્ષીય રાઈમા આહિર લાકડીના ટેકે મતદાન કરવા પહોંચ્યા હતા, જ્યારે અંધ મહિલા વિકાસ ગૃહની બહેનોએ સામૂહિક મતદાન કરીને સાબિત કરી દીધું હતું કે લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય અનન્ય છે; આમ, આ તમામ સામાન્ય નાગરિકોએ પોતાની જાગૃતિથી લોકશાહી પ્રત્યેનો અડગ વિશ્વાસ પ્રગટ કરી સૌના દિલ જીતી લીધા હતા. ■

## શાહી લોકશાહીઃ વડોદરા અને રાજકોટના રાજવી પરિવારોએ નિભાવી નાગરિક ફરજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભૂતપૂર્વ રાજવી પરિવારોએ પણ ભાગ લીધો હતો. વડોદરા અને રાજકોટમાં ભૂતપૂર્વ રાજવી પરિવારોએ લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લઈને નાગરિકોને મતદાનનો સંદેશ આપ્યો હતો. વડોદરાના મહારાણી રાધિકારાજે ગાયકવાડે મતદાન કર્યા બાદ શહેરના આધુનિક વિકાસની સાથે સાંસ્કૃતિક વારસાના જતનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તારની સાથે પરંપરાઓની ઉપેક્ષા ન થવી જોઈએ. બીજી તરફ, રાજકોટમાં રાજવી પરિવારના સભ્યો પોતાની વિરાસત સમી વિન્ટેજ કારમાં મતદાન મથકે પહોંચ્યા હતા, જ્યાં ઠાકોર માંધાતાસિંહ જાડેજાએ મતદાનને જનતાની સાચી શક્તિ ગણાવતા કહ્યું હતું કે જો તમે મતદાન નથી કરતા, તો તમને ફરિયાદ કરવાનો પણ કોઈ અધિકાર રહેતો નથી. ■

## દિવ્યાંગ મતદારને મતદાન કરાવવા માટે પોલીસ જવાનોએ ખભો આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના ઝીંઝુવાડામાં લોકશાહીના પર્વ નિમિત્તે પોલીસની માનવતાના દર્શન થયા હતા, જેમાં એક દિવ્યાંગભાઈ પોતાનું મતદાન મથક ભૂલી જતાં સુરેન્દ્રનગર એમ્બ્યુલન્સ ૧૧૨ની ગાડીએ તેમને સન્માનપૂર્વક સાચા બૂથ સુધી પહોંચાડી મતદાન કરવામાં મદદ કરી હતી; એટલું જ નહીં, ચાલવામાં અસમર્થ એવા આ વિકલાંગ મતદારને પોલીસ જવાનોએ અત્યંત સંવેદનશીલતા દાખવી પોતાના ખભા પર બેસાડી મતદાન મથક સુધી લઈ જઈને તેમનો મતાધિકાર પૂર્ણ કરાવ્યો હતો. ■

## અમદાવાદને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે સાથે જોડતો છ લેનનો હાઈવે બનશે

અમદાવાદઃ દિલ્હી-મુંબઈ વચ્ચે સડસડાટ જઈ શકાય તેવો એક્સપ્રેસ વે લગભગ તૈયાર છે ત્યારે હવે અમદાવાદથી ગોધરાને જોડતો અને એક છ લેનનો ગ્રીનફિલ્ડ હાઈ વે બનાવવા માટે ડીપીઆર તૈયાર થશે. આ હાઈવે બનતા અમદાવાદથી દિલ્હી વચ્ચે સીધી કનેક્ટિવિટી વાહનચાલકોને મળશે.

મળતી માહિતી અનુસાર નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઈ) એ અમદાવાદથી ગોધરા સુધીના નવા છ લેનવાળા ગ્રીનફિલ્ડ હાઇવેને ડેવલપ કરવા માટે ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કરવા માટે પ્રપોઝલ મગાવ્યા છે. આશરે ૧૨૦ કિમીની લંબાઈ ધરાવતો આ મુખ્ય પ્રોજેક્ટ અમદાવાદ અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે (ડીએમઈ) વચ્ચે સીધી કનેક્ટિવિટીનો વિકલ્પ પૂરો પાડશે. હાલમાં વાહનચાલકોએ ગોધરા બાજુથી મુસાફરી કરતા લોકોને વડોદરા-અમદાવાદ એક્સપ્રેસવે ઇન્ટરચેન્જ સુધી જવું પડે છે અને પછી અમદાવાદ પહોંચવા માટે એનઈ-૧ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસવેનો ઉપયોગ કરવો પડે છે.સરકાર કન્સલ્ટન્સી દ્વારા એક ડિટેલ્ડ પ્લાન તૈયાર કરવા માગે છે, જેમાં વિગતવાર હાઇવે ડિઝાઇન, પેવમેન્ટ ડિઝાઇન અને પુલ, ગ્રેડ-સેપરેટેડ ઇન્ટરસેપ્શન અને સર્વિસ રોડ જેવા મુખ્ય માળખાઓની ડિઝાઇનનો સમાવેશ થાય છે. ■

## અમદાવાદની પ્લાસ્ટિક ફેક્ટરીમાં આગ, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવારે સવારે ગુજરાતના અમદાવાદમાં પ્લાસ્ટિક ગ્રાન્યુલ્સ અને મોલ્ડ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીમાં આગ લાગી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એડિશનલ ચીફ ઓફિસર (ફાયર) મિહિર રાણાએ જણાવ્યું હતું કે, બાપુનગર વિસ્તારમાં પ્રોસેસો પ્લાસ્ટ એન્ટરપ્રાઇઝમાં સવારે આઠ વાગ્યાની આસપાસ આગ લાગી હતી.

ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા જોવા મળ્યા હતા, જે વિસ્તારના ઘણા દૂરથી દેખાતા હતા. રાત્રિ શિફ્ટ પછી યુનિટ બંધ થઈ ગયું અને સવારે ગ્રાઉન્ડ ફ્લોરના સ્ટોરેજ ફેસિલિટી સેક્શનમાં અજાણ્યા કારણોસર આગ લાગી હતી, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે નવ ફાયર ટેન્ડર અને અન્ય અનેક ફાયર ફાઇટિંગ વાહનો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સવારે ૧૧ વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

ફાયર ફાઇટરોએ આગને પહેલા માળે ફેલાતી અટકાવી હતી. જોકે, ગ્રાઉન્ડ ફ્લોર પર મશીનરી અને પ્લાસ્ટિક સામગ્રીને નુકસાન થયું હતું. તેમણે ઉમેર્યું હતું કે આગ લાગવાના કારણ અંગે તપાસ ચાલી રહી છે. ■

## ત્રણ વર્ષમાં ગુજરાતમાં ત્રણગણી વધારે પેટન્ટ ફાઈલ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પેટન્ટ ફાઈલ કરવામાં ત્રણગણો વધારો વર્ષ ૨૦૨૫માં નોંધાયો હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. ૨૦૨૫ના વર્ષમાં ગુજરાત સ્થિત સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા ૩,૬૧૫ પેટન્ટ ફાઇલ કરવામાં આવ્યા હતા એટલે કે દરરોજ ૧૦ પેટન્ટ ફાઈલ કરવામાં આવ્યા હતા. રાજ્ય માટે આ અત્યાર સુધીનો સૌથી વધુ સંખ્યા છે, કારણ કે ૨૦૨૨માં ૧,૧૯૯ પેટન્ટ ફાઇલ કરવામાં આવ્યા હતા જે ત્રણ વર્ષમાં ત્રણ ગણા વધી ગયા છે.

ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ, પેટન્ટ, ડિઝાઇન અને ટ્રેડમાર્ક્સના કંટ્રોલર જનરલના કાર્યાલયના ડેટા અનુસાર, ફક્ત ૨૦૨૬ ના પ્રથમ ત્રણ મહિનામાં જ ૧,૪૫૦ પેટન્ટ ફાઇલ કરવામાં આવ્યા છે. એટલે કે એક દાયકા (૨૦૧૫-૨૦૨૫)માં વાર્ષિક ૧,૫૦૦ પેટન્ટ ફાઈલ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## સુરતમાં પતિએ પત્નીની હત્યા કરી લાકડાના બોક્સમાં મૃતદેહ પેક કરી દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુરતમાં મહિલા ડાયેટિશિયનની પતિએ કથિત હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ તેના મૃતદેહને લાકડાના બોક્સમાં સ્ટફ કરી તેના જૂના મકાનમાં મૂકી આવ્યો હોવાની માહિતી પોલીસ સૂત્રોએ આપી હતી.

પતિ વિશાલ સાલ્વીએ પત્ની શિલ્પા સાલવીની હત્યા ૨૦મી એપ્રિલે કરી હતી અને ત્યારબાદ મૃતદેહને સુરતમાં પોતાના જૂના ઘરે ટ્રાન્સપોર્ટ કરી દીધો હતો. તેણે કથિત રીતે મૃતદેહને લાકડાના બોક્સમાં મૂકી દીધો હતો અને તેના પર સિમેન્ટ પાથરીને તેને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો.

સલબતપુરા પોલીસ સ્ટેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર દંપતી તેમના પુત્ર સાથે શહેરના ગોડાદરા વિસ્તારમાં રહેતું હતું. ૨૦મી એપ્રિલે પતિએ પત્નીનાં ગૂમ થયાની ફરિયાદ ગોડાદરા પોલીસ સ્ટેશને નોંધાવી હતી.

જોકે, પાછળથી તેણે તેના દીકરાને એક પત્ર આપ્યો અને ઘરેથી ગાયબ થઈ ગયો. પત્રના આધારે પોલીસે મહિલાને સલબતપુરામાં તેના જૂના ઘરમાં શોધી કાઢી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીને પકડવા વિવિધ ટીમ બનાવવામાં આવી છે. આ સાથે હત્યા પાછળનું કારણ જાણવા અને હત્યામાં અન્ય કોઈ તેની સાથે હતું કે નહીં તે માટે પોલીસ તપાસ કરી રહી છે. ■

## સંસ્થા સમાચાર

### ઘાટકોપર ખાતે 'થ્રૂ અવર આઈઝ' કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો




ઘાટકોપર વિસ્તારમાં એસઆરએમડી ડિવાઇનટચ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરતો અનોખો કાર્યક્રમ 'થ્રૂ અવર આઈઝ' શનિવાર, ૨૫ એપ્રિલના રોજ સાંજે ૫:૩૦ થી ૮:૦૦ દરમિયાન કૈલાસ ટાવર હોલ, આર-ઓડિયન સામે, ઘાટકોપર પૂર્વ ખાતે યોજાયો હતો.

આ લર્નર-લેડ પ્રદર્શન વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં સંચાલિત અને રચાયેલ હતું, જેમાં ઇન્ટરેક્ટિવ સ્ટોલ્સ તથા હૃદયસ્પર્શી રજૂઆતો દ્વારા મૂલ્યઆધારિત શિક્ષણનું જીવંત પ્રતિબિંબ જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના વિચારો, અનુભવો અને શીખણને સર્જનાત્મક રીતે રજૂ કરીને ઉપસ્થિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

'થ્રૂ અવર આઈઝ' કાર્યક્રમ માત્ર એક પ્રદર્શન નહોતો, પરંતુ વિદ્યાર્થીઓના દૃષ્ટિકોણથી શિક્ષણને સમજવાનો એક અનોખો અનુભવ રહ્યો હતો, જેમાં ઉપસ્થિત સૌએ નવી પ્રેરણા મેળવી હતી.

આ કાર્યક્રમ દ્વારા એસઆરએમડી ડિવાઇનટચ, ઘાટકોપર દ્વારા મૂલ્યઆધારિત શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા ફરી એકવાર સ્પષ્ટ થઈ હતી.

# નવી મુંબઈને પાણીપુરવઠો કરનારા મોરબે બંધમાં ૧૦૩ દિવસ ચાલે એટલું પાણી

## બંધમાં ૨૭.૨૨ ટકા પાણીનો જથ્થો બચ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધવાની સાથે જ નબળા ચોમાસાની શક્યતા વચ્ચે નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની અપીલ કરવામાં આવી રહી છે ત્યારે નવી મુંબઈને પાણીપુરવઠો કરનારા મોરબે બંધમાં માત્ર ૧૦૩ દિવસ ચાલે એટલો પાણીનો જથ્થો બચ્યો હોવાથી નવી મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરે નાગરિકોને પાણીનો ઉપયોગ કરકસર સાથે કરવાની અપીલ કરી છે.

નવી મુંબઈ મહાનગરપાલિકામાં વિસ્તારમાં મોરબે બંધમાંથી અને બારવી બંધમાંથી પાણીપુરવઠો થાય છે, જેમાં મોરબે બંધમાં માત્ર ૪૩ ટકા પાણીનો સ્ટોક બચ્યો છે. મોરબે બંધની પાણીનો સંગ્રહ કરવાની કુલ ક્ષમતા ૧૯૦.૮૯૦ મિલિયન ક્યુબીક મીટર છે. હાલ બંધમાં ૮૨.૫૫૭ મિલિયન ક્યુબીક મીટર (૪૩.૨૪ ટકા) જેટલો પાણીનો સ્ટોક ઉપલબ્ધ હોવાનું નવી મુંબઈ મહાનગરપાલિકા કમિશનર કૈલાશ શિંદેએ જણાવ્યું હતું. તેમાંથી એક મહિનાનો રિઝર્વ સ્ટોકને બાકત રાખીએ તો વાપરવા માટે ફક્ત ૫૧.૯૫૭ મિલિયન ક્યુબીક મીટર (૨૭.૨૨ ટકા) પાણીનો સ્ટોક ઉપલબ્ધ છે. શહેરની દૈનિક પાણીપુરઠવાની ગરજને ધ્યાનમાં રાખવામાં આવે તો સાત ઑગસ્ટ, ૨૦૨૬ સુધી એટલે કે ૧૦૩ દિવસ ચાલે એટલું પાણી બંધમાં છે.

વર્ષ ૨૦૨૬માં 'અલ-નિનો'ને કારણે ભારતીય મોસમી પવનોને અસર થઈને વાર્ષિક સરેરાશ ચોમાસાનું પ્રમાણ ૯૨ ટકાથી ૯૪ ટકા જેટલું રહેશે એવો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે. પાલિકા કમિશનરના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૭થી ૨૦૨૫ના સમગયગાળામાં મોરબે બંધમાં સરેરાશ ૩,૬૧૭ મિ.મી. જેટલો વાર્ષિક વરસાદ નોંધાયો હોવાનું નવી મુંબઈ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

# વિધાન પરિષદ માટે અભિજીત બિચુકલેની લોટરી?

## નીલમ ગોર્હેને નહીં બિચુકલેને તક આપો, એકનાથ શિંદે પાસે કોણે કરી માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ દરેક પાર્ટીમાં લોબિંગ જોરશોરથી શરૂ થઈ ગયું છે. શાસક પક્ષના ઉમેદવાર કોણ હશે તે અંગેની ઉત્સુકતા વિપક્ષ કરતાં વધુ છે.

ભાજપ, શિંદે સેના અને અજિતદાદાની એનસીપીમાં ઘણા લોકો લોબિંગમાં વ્યસ્ત છે. જેમને અગાઉની ચૂંટણીઓમાં વચન આપવામાં આવ્યું હતું તેઓ હવે મેદાનમાં ઉતર્યા છે. ઘણા લોકોએ વિવિધ માધ્યમો દ્વારા ઉમેદવારી મેળવવા માટે પોતાના સ્ત્રોતોનો ઉપયોગ પણ કર્યો છે. પરંતુ આ બધા રાજકીય વિકાસમાં, એક દાવાએ મોટો હોબાળો મચાવ્યો છે. અભિજિત બિચુકલેને વિધાન પરિષદની ચૂંટણી માટે ઉમેદવારી આપવાની માગણી કરવામાં આવી છે. વરિષ્ઠ નેતા નીલમ ગોર્હેને બદલે ઉપલા ગૃહમાં બિચકુલેને મોકલવાની માગણી કરવામાં આવી છે.

સામાજિક કાર્યકર્તા તૃપ્તિ દેસાઈએ નીલમ ગોર્હેને બદલે બિચુકલેને તક આપવાની માગણી કરી છે. તેમણે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને સીધો પત્ર મોકલ્યો છે. સામાજિક કાર્યકર્તા તૃપ્તિ દેસાઈએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ઈ-મેલ દ્વારા જણાવ્યું છે કે અભિજિત બિચુકલેને વિધાન પરિષદમાં નીલમ ગોર્હેના સ્થાને તક આપવામાં આવે. તેમની માગણીએ ચકચાર જગાવી છે. બિચુકલેએ આવી કોઈ માગણી કરી નથી. તેના બદલે, તૃપ્તિ દેસાઈએ તેમના વતી આ માગણી કરી છે.

તૃપ્તિ દેસાઈએ નાયબ એકનાથ શિંદેને પત્રમાં, લખ્યું છે કે હાલમાં તમારી પાર્ટી ફરી એકવાર વિધાન પરિષદમાં ડો. નીલમતાઈ ગોર્હેના નામની ચર્ચા કરી રહી છે. નીલમતાઈ ઘણા વર્ષોથી વિધાન પરિષદના સભ્ય તરીકે કાર્યરત છે. જોકે, તેમણે પક્ષ અને સંગઠનને વધારવા માટે કોઈ ખાસ પ્રયાસો કર્યા હોય તેવું લાગતું નથી. ઘણી મહિલાઓને નેતૃત્વની તકો મળી શકે છે, પરંતુ તેમણે પોતે ઘણા હોદ્દા સંભાળ્યા છે. પુણે વિસ્તારમાં, જ્યાં તેઓ રહે છે, ત્યાં પણ તેઓ પક્ષના એક સામાન્ય કોર્પોરેટરને ચૂંટાવી શક્યા નથી.

# ટ્રક-કાર અકસ્માતમાં પાંચનું મૃત્યુ

ભંડારા: મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં લગ્ન માણી મહેમાનોને પાછા લઈ જતી કાર સાથે ઝડપી ગતિએ આવતી ટ્રક અથડાતાં ચાર મહિલા સહિત પાંચ લોકોના મૃત્યુ થયા હતા અને ચાર જણને ઈજા થઈ હોવાનું પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. ગુરુવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. લગ્નમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે વિરુદ્ધ દિશામાંથી આવતી ઝડપી ટ્રકે કારને ટક્કર મારી હતી. અકસ્માતમાં એક દંપતી અને માતા-પુત્રી સહિત પાંચ લોકો મૃત્યુ પામ્યા હતા. પોલીસે ટ્રક ડ્રાઈવર દુર્ગેશ યાદવ (૪૦) ની ધરપકડ કરી તેની સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને મોટર વાહન અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. (પીટીઆઈ)

# પૂજા ખેડકર જેવો બીજો કિસ્સો સામે આવ્યો, એક હૉસ્પિટલમાં અપંગતા પુરવાર ન થઇ, તો બીજેથી જુગાડ કર્યો

ગઢચિરોલી: સરકારી અધિકારી પૂજા ખેડકર દ્વારા ખોટા પ્રમાણપત્રથી અપંગોની શ્રેણીમાં નોકરી મેળવવાનું કૌભાંડ બહાર આવ્યા બાદ, આવો અન્ય એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહેરી નગર પંચાયતના મુખ્ય અધિકારી ગણેશ શહાણે, પર ખોટા દસ્તાવેજોના આધારે અપંગતા પ્રમાણપત્ર મેળવવા અને સરકારી સેવામાં જોડાવાનો શંકા છે. ગઢચિરોલી જિલ્લા કલેક્ટર સંજય દૈને રાજ્ય સરકારના સામાન્ય વહીવટ અને શહેરી વિકાસ વિભાગને પત્ર લખીને શહાણે સામે યોગ્ય કાર્યવાહી કરવાની ભલામણ કરી છે. આ કારણે, હવે ચીફ ઓફિસર શહાણે પર બરતરફી અથવા ફોજદારી કાર્યવાહીની તલવાર લટકી રહી છે. મૂળ પુણે જિલ્લાના નીરવીના રહેવાસી ગણેશ શહાણેએ ઔંધની એક સરકારી હોસ્પિટલમાં અપંગતા પ્રમાણપત્ર માટે અરજી કરી હતી. જોકે, તબીબી તપાસમાં તે દિવ્યાંગો માટે અનામત માટે લાયક ન હોવાનું બહાર આવ્યા બાદ તેમની અરજી નામંજૂર કરવામાં આવી હતી. એવો આરોપ છે કે પુણેમાં તેમની દાળ ન ગળતા, શહાણેએ ધુલેના સકાઈ રોડ વિસ્તારમાં અધૂરા સરનામા અને શંકાસ્પદ દસ્તાવેજોના આધારે ત્યાંની મેડિકલ કોલેજમાંથી 'શ્રવણશક્તિ ગુમાવવાનું' પ્રમાણપત્ર મેળવ્યું હતું.

# ટેમ્પો ટ્રાવેલર ઊંધો વળતાં બાળકીનું મૃત્યુ: ૧૫ જખમી

બીડ: ધાર્મિક કાર્યક્રમમાં જતી વખતે ટેમ્પો ટ્રાવેલર ઊંધો વળતાં આઠ વર્ષની બાળકીએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે ૧૫ જેટલા ઘવાયા હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની સવારે ૫.૩૦ વાગ્યે જામખેડ-મિરાજગાંવ રોડ પર કર્જત તહેસીલના ખાડકત નજીક સિના નદી બ્રિજ પાસે બની હતી. ધાર્મિક કાર્યક્રમ માટે પુણેથી બીડ જવા માટે પરિવાર દ્વારા ટેમ્પો ટ્રાવેલરની સગવડ કરવામાં આવી હતી.પ્રાથમિક માહિતી અનુસાર ઝોકું આવવાને કારણે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ વાહન ઊંધું વળી ગયું હતું. પુણેમાં રહેતી બાળકી યશશ્રી વિજય સોનાવણે વાહનની બારીમાંથી દૂર ફંગોળાઈ ગઈ હતી. જમીન પર પટકાવાને કારણે ગંભીર ઇજા થતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

# ટીવી જોવાને મામલે વિવાદ થતાં પત્ની, દીકરી અને દોહિત્ર પર છરીથી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: જન્મદિનની ઉજવણી પછી મોડી રાતે ટીવી ચાલુ કરવાને મામલે વીફરેલા પતિએ પત્ની સાથે દીકરી અને દોહિત્ર પર પણ છરીથી હુમલો કર્યો હોવાની ઘટના થાણેના રાબોડી પરિસરમાં બની હતી.

રાબોડી પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ અપનાનગર પાસેના ડૉ. અન્સારી રોડ પર રહેતા મોહમ્મદ તારીક ખાનના ઘરમાં બની હતી. ઘટનામાં જખમી ખાનની પત્ની, દીકરી સગુપ્તા અને દોહિત્ર તુબાને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી ખાનનો પત્ની સાથે નાની નાની વાતમાં વારંવાર ઝઘડો થતો હતો. સ્કૂલમાં વૅકેશન હોવાથી સગુપ્તા બન્ને દીકરી સાથે પિયરમાં રહેવા આવી હતી. શુક્રવારની રાતે સગુપ્તાની નાની દીકરી કિસ્બાનો જન્મદિન ઊજવવામાં આવ્યો હતો. ઉજવણી પછી ટીવી ચાલુ કરવામાં આવતાં ખાને વિરોધ કર્યો હતો. પરિવારને ટીવી બંધ કરીને સૂઈ જવાનું કહેનારા ખાને ગાળાગાળી કરી હતી. પત્નીએ ગાળો ન બોલવાની સલાહ આપતાં દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. ગુસ્સામાં ખાન રસોડામાં છરી લઈ આવ્યો હતો અને પત્ની પર હુમલો કર્યો હતો. ખાનની પત્નીના ગળા પર ઘા થતાં તે ગંભીર રીતે ઘવાઈ હતી.

બચાવવા માટે દીકરી સગુપ્તાએ મધ્યસ્થી કરતાં ખાને તેના પણ બન્ને હાથ પર ચાકુથી ઘા કર્યા હતા. પછી સગુપ્તાની દીકરી તુબા પર હુમલો કર્યો હતો. તુબાના પણ બન્ને હાથ પર ઇજા થઈ હતી. આ પ્રકરણે સગુપ્તાએ નોંધાવેલી ફરિયાદને આધારે રાબોડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નવમા પાનાનું ચાલુ

### મહાબળેશ્વરથી થશે હવામાનની આગાહી

મહાબળેશ્વરથી મળશે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટ્રોલોજી તરફથી મિશન મૌસમ ઝુંબેશ હાથ લેવામાં આવી છે, જે અંતર્ગત શનિવારે એક્સ બેન્ડ રડાર બેસાડવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. મહાબળેશ્વરમાં બેસાડવામાં આવેલા આ રડારથી સાતારા, પુણે, કોંકણ અને મુંબઈ વિભાગનો હવામાન અંદાજ તાત્કાલિક મેળવી શકાશે, તે પણ ત્રણ કલાક પહેલા મળશે. પશ્ચિમ ઘાટમાં સમુદ્રની સપાટીથી લગભગ ૧,૪૦૦ મીટર ઊંચાઈ પર આ રડાર બેસાડવામાં આવ્યું છે. વરસાદ, વાદળ અને વાદળોનો રિયલ ટાઈમ લેવા માટે તે વાતાવરણનું સતત મોનિટરિંગ કરતું રહેશે. તેથી વરસાદ, મેઘગર્જના, અતિવૃષ્ટિ અને વાદળાનું નિર્માણ જેવી બાબતોનો અભ્યાસ પણ સહેલાઈથી કરી શકાશે.

### ૧ મેથી મરાઠી ફરજિયાત!

પ્રતાપ સરનાઈક આ નિર્ણય તાત્કાલિક પાછો ખેંચે તેવી માગ સંગઠન દ્વારા કરવામાં આવી છે. આ પૃષ્ઠભૂમિમાં આગળની રણનીતિ નક્કી કરવા માટે ઓટો-ટેક્સી ચાલકોની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠક સોમવાર, ૨૭ એપ્રિલ ૨૦૨૬ ના રોજ ગોરેગાંવ સ્થિત કેશવ ગોરે સ્મારક ટ્રસ્ટ હોલ માં યોજાશે. સંગઠનના પદાધિકારી શશાંક રાવે તમામ ચાલકોને આ સભામાં ઉપસ્થિત રહેવા માટે અપીલ કરી છે.

બીજી તરફ મુંબઈના રિક્ષા અને ટેક્સી ચાલકો માટે 'મરાઠી ભાષા' જાણવી હવે ફરજિયાત કરવામાં આવી શકે છે. આ બાબતે ચર્ચા કરવા માટે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ૨૭ એપ્રિલે મંત્રાલયમાં એક બેઠક બોલાવી છે.

### ભુજબળે કહ્યું

આના વિરોધમાં આંદોલન કરવાની ચેતવણી પણ આપી છે. એવું પણ જોવા મળે છે કે આ નિર્ણય અંગે સરકારમાં બે મત છે. કેટલાક નેતાઓએ સરકારના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે, જ્યારે કેટલાક લોકોએ સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો છે. દરમિયાન, આ અંગે રાજ્યના પ્રધાન અને ઓબીસી નેતા છગન ભુજબળની પહેલી વખત મોટું નિવેદન આપ્યું છે.

આ વર્ગનો એક મોટો વર્ગ છે. જે મહારાષ્ટ્રનો નથી. કમનસીબે, ટેક્સી રિક્ષા ચાલકો હજુ સુધી મરાઠી શીખ્યા નથી. આ લોકોને હવે મરાઠી શીખવવી પડશે. તેઓ કોઈ યોજના લઈને આવશે. પીડબ્લ્યુડી ફક્ત એટલું જ કહી રહ્યું છે કે તેઓએ દરેક બે દિવસના બે અભ્યાસક્રમો લેવા જોઈએ. ઘણા નિયમો છે, પણ કોઈ તેનું પાલન કરતું નથી. તેમણે જરૂરી મરાઠી શીખવી જોઈએ. જ્યારે આપણા મરાઠી લોકો ગુજરાત જાય છે, ત્યારે તેઓ ગુજરાતી બોલે છે. જ્યારે તેઓ તમિલનાડુ જાય છે, ત્યારે તેઓ તમિલ બોલે છે. અહીં પણ, તે લોકોએ કામ માટે મરાઠી બોલવી જોઈએ. મુખ્ય પ્રધાન એ વાતમાં સાચા છે. દલીલ કરવાથી કોઈ મુદ્દો ઉકેલાશે નહીં, એમ ભુજબળે કહ્યું હતું. આ દરમિયાન, એવી ચર્ચા છે કે શિવસેના ઠાકરે જૂથના વડા ઉદ્ધવ ઠાકરે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. ભુજબળે પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે. મુખ્ય પ્રધાનને ગુપ્ત રીતે મળવાનું કારણ શું છે? કોઈપણ વ્યક્તિ વિપક્ષી પક્ષના નેતાને મળી શકે છે. ઘણી વખત, લોકોને કામ કરવાનું હોય છે, તેના માટે મીટિંગો યોજવામાં આવે છે. આ નેતાઓ જાહેર ક્ષેત્રના નેતાઓ છે, પક્ષના નેતાઓ છે. નીતિ એ છે કે જો કોઈ કામ હશે, તો સમસ્યા હશે, તેઓ તેના માટે મુખ્ય પ્રધાનને મળશે. તેઓ તેમને ગુપ્ત રીતે કેમ મળવા જોઈએ, કારણ કે તેઓ તેમને ખુલ્લેઆમ મળી શકે છે. આ રીતે સમાચાર ફેલાવવાનું કોઈ કારણ નથી, એમ ભુજબળે કહ્યું હતું.

### વિશ્વાસુ કર્મચારીએ

કાંતિલાલ બર્મેચા (૬૧), રમાકાંત મહાદેવ પરાળે (૬૨) અને મધુ ઉર્ફે મહેશ્વરી પરાળે (૨૨) તરીકે થઈ હતી.

પોલીસ ફરિયાદ અનુસાર પુણેના લક્ષ્મી નગર ખાતે આવેલી એક પ્રસિદ્ધ જ્વેલર્સની દુકાનનું માર્ચ મહિનામાં ઓડિટ કરવામાં આવ્યું હતું. આખા વર્ષના ઓડિટમાં અંદાજે ૧૮ કરોડ રૂપિયાના દાગીના અને ૭૨ લાખની રોકડનો કોઈ તાળો મળતો નહોતો. આટલી મોટી રકમ અને દાગીના ગુમ હોવાનું જણાતાં દુકાનમાલિકને આંચકો લાગ્યો હતો. તેમણે વિશ્રામબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

કહેવાય છે કે આંતરિક તપાસમાં વિશ્વાસુ કર્મચારી બર્મેચા પર શંકા ગઈ હતી. બર્મેચાએ એક મહિલાની મદદથી આ હેરફેર કરી હોવાનું જણાયું હતું. પરિણામે પોલીસને આ અંગે જાણ કરાઈ હતી. કહેવાય છે કે પોલીસ તપાસનો ગાળિયો પોતાના ગળે ભેરવાતો જોઈ બર્મેચા ગાયબ થઈ ગયો હતો.

આ પ્રકરણની તપાસ દરમિયાન એન્ટિ-એક્સ્ટોર્શન સેલને બર્મેચા અહિલ્યાનગર જિલ્લાના કેડગાવ ખાતે સંતાયો હોવાની માહિતી મળી હતી. પોલીસની ટીમે છટકું ગોઠવી બર્મેચા સહિત ત્રણને તાબામાં લીધા હતા. તેમની પાસેથી દાગીના અને રોકડ મળી અંદાજે ૫.૨૪ કરોડ રૂપિયાની મતા હસ્તગત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### મે મહિનામાં બે દિવસ માટે

સવારે ૬ વાગ્યા સુધી હાથ ધરવામાં આવશે. બંને તબક્કાના કામ પૂર્ણ થયા પછી, રૂટ મુસાફરો માટે ફરીથી ખોલવામાં આવશે.

ઘોડબંદર થાણેથી માનપાડા-કપૂરબાવડી તરફ બ્રહ્માંડ સિગ્નલ થઈને જતા તમામ વાહનો પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત, થાણે ઘોડબંદર રોડ પર એમજી મોટર્સના શોરૂમ માનપાડાથી માનપાજા બ્રિજ તરફ જતા તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ રહેશે. થાણે શહેર પોલીસે મુસાફરોને આ બે દિવસ દરમિયાન આ નિયમોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરવા અપીલ કરી છે.

બ્રહ્માંડ સિગ્નલથી કપુરબાવડી જતા વાહનો બ્રહ્માંડ સિગ્નલથી લઈને બ્રહ્માંડ સર્કલ થઈને વાળવામાં આવશે. ત્યાંથી તેઓ લોઢા અમારા સામેના રાઉન્ડઅબાઉટથી આઝાદનગર રોડ લઈ શકે છે, કોલશેત-ઢોકાલી રોડ પર જમણે વાળીને કાપુરબાવડી થઈને ઇચ્છિત ગંતવ્ય સ્થાન પર પહોંચી શકે છે. દરમિયાન થાણે ઘોડબંદર રોડથી આવતા વાહનોએ માનપાડા બ્રિજની બાજુમાં સ્લિપ રોડ પર નાગોરી ટી સ્ટોલથી ડાબો વળાંક લેવો પડશે. ત્યાંથી તેઓ ટીકુજીની વાડી સર્કલથી જમણો વળાંક લઈ શકે છે અને નીલકંઠ ગ્રીનની સામેના રસ્તા પર મુલ્લાબાગ કટથી ઇચ્છિત સ્થળ પર પહોંચી શકે છે.

### થાણે-નાશિક મુસાફરી

વાહનચાલકોને ૧૦ થી ૧૫ મિનિટનું ટૂંકું અંતર કાપવામાં એક કલાકનો લાંબો સમય લાગતો હતો. અધિકારીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે નવા પુલથી આ સમસ્યા કાયમી ધોરણે હલ થશે. થાણેથી નાશિક તરફ જતા વાહનો માટે આનાથી ઘણો ફાયદો થશે.

દરમિયાન જૂના સાકેત પુલનું સમારકામ અને પહોળો કરવાનું કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. થાણે શહેરથી નાશિક તરફની દિશાનું કામ હવે પૂર્ણ થઈ ગયું છે અને ટૂંક સમયમાં શરૂ થશે અને ત્યારબાદ બીજી બાજુનું કામ હાથ ધરવામાં આવશે. હાલમાં નવા પુલ પર લોડ ટેસ્ટિંગની મહત્વપૂર્ણ પ્રક્રિયા ચાલી રહી છે અને આ પરીક્ષણ અંતિમ તબક્કામાં છે. આ પુલની બધી પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી જ ૨૮ એપ્રિલે પુલ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે.

### રાજ્યમાં સતત બીજા દિવસે

આવતા વિસ્તારોમાં શનિવાર બાદ રવિવારે સતત બીજા દિવસે પણ તાપમાન ઊંચું રહ્યું હતું. હવામાન વિભાગે સોમવારથી ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા વ્યક્ત કરી છે, તે મુજબ પારો નીચે ઉતરે એવી શકયતા છે. જોકે રવિવારે રાજ્યના મોટાભાગના વિસ્તારમાં આગઝરતી ગરમીનો અનુવભ કર્યો હતો. દિવસ દરમ્યાન આકરો તડકો પડી રહ્યો હોવાથી લૂ લાગવાના પણ અનેક બનાવ નોંધાયા હતા.

મુંબઈના કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું. જયારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને લઘુતમ ૨૬.૦ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈના રામમંદિર વિસ્તારમાં ૩૬.૮ ડિગ્રી, વિક્રોલીમાં ૩૫.૬ ડિગ્રી, બાન્દ્રામાં ૩૫.૭ ડિગ્રી, વિદ્યાવિહારમાં ૩૪.૬ ડિગ્રી, ચેમ્બુરમાં ૩૪.૫ ડિગ્રી, ભાયખલામાં ૩૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યના વિદર્ભ રિજનમાં મોટાભાગના જિલ્લામાં ૪૦ ડિગ્રીથી વધુ પારો નોંધાયો હતો. અકોલા ૪૬.૯ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમરાવતીમાં ૪૬.૮ ડિગ્રી, વર્ધામાં ૪૬.૪ ડિગ્રી, યવતમાળ ૪૬.૦, નાગપૂરમાં ૪૫.૪ ડિગ્રી, ચંદ્રપૂરમાં ૪૫.૦, ગોંદિયામાં ૪૪.૪, બ્રહ્મપુરીમાં ૪૪.૨ ડિગ્રી, બુલઢાણા ૪૩.૫ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાયું હતું. તો મરાઠવાડાના છત્રપતિ સંભાજી નગરમાં ૪૩.૪ ડિગ્રી અને પરભણીમાં ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.જ્યારે મધ્ય મહારાષ્ટ્રના જળગાંવ અને માલેગાંવમાં ૪૩.૨ ડિગ્રી, સોલાપુરમાં ૪૩.૦ ડિગ્રી, પુણેમાં ૪૧.૮ ડિગ્રી, નાશિક, સાંગલી અને સાતારામાં ૪૧.૪ ડિગ્રી અને હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ૩૩.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### એસટી નિગમમાં

વર્ષમાં લગભગ ૨.૫ કરોડ રૂપિયાનું વ્યાજ ચૂકવવું પડ્યું છે. બરગેએ માગ કરી છે કે આપવામાં આવેલા આ પૈસા આ કૌભાંડમાં સંડોવાયેલા ૬૩ અધિકારીઓ પાસેથી પાછા મેળવવા જોઈએ. તેમણે કહ્યું કે આ આંકડા છેલ્લાં બે વર્ષના છે.

બરગેએ જણાવ્યું હતું કે એસટી નિગમમાં કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટી ટ્રસ્ટી બોર્ડ છે. તેમાં નિવૃત્તિના ૩૦ દિવસની અંદર ગ્રેચ્યુઇટી ચૂકવવાનો નિયમ છે, પરંતુ કર્મચારીએ દર વર્ષે ઓછામાં ઓછા ૨૪૦ દિવસ હાજર રહેવું જોઈએ કે નહીં તે અંગે મૂંઝવણ છે. તેવી જ રીતે, રોજગારના શરૂઆતના સમયગાળા દરમિયાન દૈનિક વેતન પર કામ કરેલા સમયગાળાને ધ્યાનમાં લેવો જોઈએ કે નહીં તે અંગે મૂંઝવણ છે અને ગ્રેચ્યુઇટી આવા વાહિયાત કારણો આપીને રોકવામાં આવી હતી. વધુમાં જો કર્મચારી નિવૃત્તિ સમયે ગ્રેચ્યુઇટીની રકમનો દાવો ન કરે તો આવા કિસ્સાઓ અનિર્ણિત રહે છે. સમય જતાં નિવૃત્ત કર્મચારીઓ અને અધિકારીઓ તેમની ગ્રેચ્યુઇટી સમયસર ન મળવા બદલ કોર્ટમાં જાય છે. આવા કેસ વર્ષો સુધી પેન્ડિંગ રહે છે. પરિણામે એસટીને તે રકમ પર વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ચૂકવવું પડે છે. આ સંદર્ભે કોર્પોરેશને ૨૦૧૦, ૨૦૧૪ અને ૨૦૨૩ માં સ્પષ્ટ સૂચનાઓ આપતા પરિપત્રો બહાર પાડ્યા છે. જોકે ઉપેક્ષા અને કેટલીક જગ્યાએ મિલીભગતને કારણે ઘણા કેસ વર્ષોથી કોર્ટમાં પેન્ડિંગ છે, એવી માહિતી શ્રીરંગ બરગેએ આપી. ગ્રેચ્યુઇટી બાકી રકમની આ પ્રથા હજુ પણ ચાલુ છે અને છેલ્લા બે વર્ષમાં વિવિધ કારણોસર લગભગ ૮ કરોડ રૂપિયાની ગ્રેચ્યુઇટી બાકી છે. બરગેએ માંગ કરી હતી કે દોષિત અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે જેમની બેદરકારીને કારણે કોર્પોરેશનને બિનજરૂરી રીતે નાણાકીય નુકસાન થયું છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબિયાના માતુશ્રી ઝવેરબેન ઝવેરીલાલ છેડા (ઉં.વ. ૮૯) તા. ૨૪-૪-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. સાકરમા શવજીના પુત્રવધૂ. જવેરીલાલ શીવજીના ધર્મપત્ની. હેમંત (કલ્લુભાઈ), કુસુમબેન (બકુલા)ના માતુશ્રી. રાણીમા રતનશી વેલજી (બિયાવાલા)ના પુત્રી. ધરમશી (બાબુભાઈ), શાંતિભાઈ, નાગલપુરના નિર્મળાબેન મહેન્દ્ર તેજશીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પિયુષ છેડા: મેહેક, પ્લોટ નં. ૨૬, સેક્ટર નં.૧, કોપર ખેરણે, નવી મુંબઈ-૪૦૦૭૦૯.

તલવાણાના ધીરજભાઈ દેવજી રાંભિયા (ઉં. વ. ૭૫) તા. ૨૪-૪-૨૬ના રોજ અવસાન પામેલ છે. જેઠીબાઇ દેવજીના પુત્ર. હેમાના પતિ. સંકેતના પિતા. ચંદ્રકાંતના ભાઈ. રતનબેન મેઘજીના જમાઈ. પ્રા: યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા. સવારે : ૧૦ થી ૧૨.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (સોરઠ) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સમજુબેન નાથાલાલ કોઠારીના પુત્ર અનંતરાયભાઇ (ઉં. વ. ૭૫) શુક્રવાર તા. ૨૪-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઊષાબેનના પતિ. તે જય તથા ધારાના પિતા. તે શિલ્પા તથા અજયકુમાર ભાલેરાવના સસરા. તે કાવ્યના નાના. તે સ્વ. પ્રભાબેન, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. દયાબેન, સ્વ. જશીબેન તથા સ્વ. ગુણવંતરાયના ભાઇ. ધોરાજી નિવાસી સ્વ. દયાબેન જયંતીલાલ દેસાઇના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૭-૪-૨૬ના સવારના ૧૦થી ૧૨. હિંગવાલા ઉપાશ્રય, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ). ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચિત્તળ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાંતિલાલ લક્ષ્મીચંદ મહેતાના પુત્રવધૂ અ. સૌ. નિરંજનાબેન. તે ડો. કિરીટભાઇ મહેતાના ધર્મપત્ની (ઉં. વ. ૭૪) તા. ૨૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિકીતા અને રાજેશના માતુશ્રી. વિશાલ અને એકતાના સાસુ. પિયર પક્ષે ધોરાજી નિવાસી સ્વ. હીરાલક્ષ્મી જયંતિલાલ તેજાણીના સુપુત્રી. સ્વ. નલિનીબેન, કોકિલાબેન, મુકેશભાઇ તથા બિપીનભાઇના બહેન. પ્રાર્થનાસભા તા. ૨૮-૪-૨૬ના બપોરે ૩.૩૦થી ૫.૩૦. ઠે. સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, કબૂતરખાનાની બાજુમાં, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ).

## હિન્દુ મરણ

મૂળ ગામ અમરેલીના વતની હાલ મુંબઇ ભાનુમતિ કેશવલાલ ટાંક સ્વ. રામચંદ્ર ચાવડાની પુત્રી. સ્વ.કેશવલાલ ટાંકના પત્ની દિનેશ.જયોતિ, નીલા, ગીતાના માતા. માધુરીના સાસુ. કૃણાલ રુચિક, ખ્યાતિ, ત્રિશા, હર્ષિતના બા તા. ૨૪-૪-૨૬ અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪-૨૬ સોમવારના સાંજે ૪થી ૬. ઠે. પહેલે માળે વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ વિલે પાર્લે (વેસ્ટ).

**લોહાણા**

મૂળ ગામ સલડી (અમરેલી) હાલ કલ્યાણ સૌ. પ્રવિણાબેન સેજપાલ (ઉં.વ.૮૦) તા.૨૬/૪/૨૬ ના શ્રીજીચરણ પામેલ છે. તે લીલાવતીબેન ભીખાલાલ કારિયા (અમદાવાદ)ના દીકરી. તે અનંતરાય નાગજીભાઈ સેજપાલના પત્ની. તે હિતેશભાઈ જયશ્રીબેન અને શિલ્પાબેનના માતુશ્રી. તે નિશાબેન, પંકજભાઈ માણેક અને વિજયકુમાર કોટકના સાસુ. તે રાજ અને ટીશાના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૨૭/૪/૨૬ના ૪:૩૦ થી ૬.૦૦. ઠે. માતૃશ્રી શ્યામબાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાણપુર હાલ પનવેલ રમેશભાઈ સાદરાણી (ઉં.વ.૭૨) તે સ્વ. પાર્વતીબેન માધવજી સાદરાણીના પુત્ર. તે નીતાબેનના પતિ. તે સ્વ. ગોવર્ધનભાઈ, સ્વ.મનસુખભાઈ, સ્વ. રૂક્ષ્મણીબેન (બચીબેન) તથા વસંતભાઈના નાનાભાઈ. તે સ્વ. કૃપાબેન, મેઘાબેન, જીગનેશભાઈ, જીમેશભાઈના પિતાશ્રી. તે વિદ્યાબેન અને પ્રશાંતકુમાર લાખાણીના સસરા. તે સ્વ. નર્મદાબેન વલ્લભભાઈ કોટેચાના જમાઈ. તા. ૧૦/૪/૨૬ શુક્રવારના રામશરણ થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા.૧૨-૪-૨૬ના સાંજે ૪ થી ૬ રાખેલ છે. ઠે. શ્રી પનવેલ લોહાણા મહાજન વાડી રવજી ભીમજી રંગપરિયા માર્ગ, મિર્ચી ગલી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં સ્વ. જોશી ગૌરીબેન પાંધી, (ઉં. વ. ૯૧) ગામ ટપ્પર સોનારવાળી, કચ્છ, હાલે મુલુંડ - મુંબઈ તા. ૨૩/૪/૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. મહેન્દ્ર શિવદાસ માધવજી પાંધીના પત્ની. તે સ્વ. ભીમજી કરશનદાસ હરિયામણેકની સુપુત્રી. તે સ્વ. ભાનુબેન ભરત રાડિયા, વિજય, દિપક અને રોહિણી શશીકુમાર વાડીકરના માતૃશ્રી. તે સ્વ. જેષ્ટારામ, સ્વ. વાસુદેવ, સ્વ. પરશુરામ, સ્વ. રમેશ, સ્વ. દિનેશ, સ્વ. સુભાષ, સ્વ. જયાબેન દયારામ -પુના, સ્વ. નાથીબેન ગૌરીશંકર, સ્વ. ધનલક્ષ્મીબેના ભાભી. તે પદ્મા વિજય, ભરત ભાઈલાલ રાડિયા, શશીકુમાર વાડીકરના સાસુમા. પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭/૪/૨૬ના સોમવારે ૫ થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૮૦.

**કપોળ**

શિહોર નિવાસી હાલ અંધેરી સ્વ. વિમળાગૌરી રતિલાલ પિતાંબરદાસ ચિતલીયાના પુત્ર ઉત્તમરાય (ઉં. વ. ૯૫) તે સ્વ. પુષ્પાબેનના પતિ. તે ભરત, દિપક, હિતેન, આશા જનક પારેખ, બીના રોહિત દોશીના પિતાશ્રી. તે મીનાબેન, રૂપા, પૂજાના સસરા. તે ધવલ-ડો. અમી, ધર્મીત-મેઘા, ડો. ઉન્નતી-અરીસ, ડો. જાહનવીના દાદા. તે સથરાવાળા સ્વ. નગીનદાસ પરમાણંદદાસ મહેતાના જમાઇ તા. ૨૬-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૪-૨૬ને મંગળવારના સાંજે ૫થી ૭. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી રાજગોર**

ગામ ગુંદીયાલી રમીલાબેન રાજેન્દ્રભાઇ કરસનદાસ મહેતાનાં જમાઇ બ્રિજેશભાઇ અરવિંદભાઇ (ઉં. વ. ૪૫) તે વૈશાલીબેનના પતિ. શ્રીવાનાં પપ્પા. મિતેષભાઇ, સૌ. ખ્યાતિ ચિંતનભાઇ અંજારીયાનાં બનેવી. અ. સૌ. વૃતિનાં નણંદોઇ. બીનાબેન શૈલેષભાઇ મહેતાના ભત્રીજા જમાઇ તા. ૨૫-૪-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪-૨૬ના સોમવારનાં સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ).

---


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ધર્મતેજ

## પાંચ પ્રકારની વૃત્તિ

મનન

હેમંત વાળા
feedback@bombay samachar.com



શાસ્ત્રોમાં વૃત્તિને પાંચ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી છે; પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. પતંજલિ યોગ સૂત્ર મુજબ મનની આ પાંચ વૃત્તિ ક્યારેક ક્લિષ્ટ અર્થાત કલેશ કે દુઃખ આપનારી હોય તો ક્યારેય અક્લિષ્ટ અર્થાત સુખ કે મુક્તિ આપનારી બની શકે. પ્રમાણ અર્થાત યથાર્થ જ્ઞાન, વિપર્યય અર્થાત ભ્રમિત જ્ઞાન, વિકલ્પ અર્થાત કલ્પનાનું ક્ષેત્ર, નિદ્રા અર્થાત ચેતનાના અભાવવાળી અજ્ઞાનયુક્ત સ્થિતિ અને સ્મૃતિ અર્થાત યાદ કે સંસ્કારને આધારિત સમજ.

શાસ્ત્રમાં 'પ્રમાણ'ને યોગ્ય જ્ઞાન માટેનાં સાધન તરીકે દર્શાવવામાં આવ્યું છે. મનની આ વૃત્તિ સત્ય દર્શાવે. યોગસૂત્ર અનુસાર પ્રમાણનાં ત્રણ માર્ગ છે; પ્રત્યક્ષ; અનુમાન અને આગમ. પ્રત્યક્ષ એટલે જે આંખની સામે ઘટીત થાય તે ઘટના, જેની સીધી જ અનુભૂતિ હોય. પ્રત્યક્ષ બાબત માટે શંકા હોવાની સંભાવના ન હોય. અનુમાન એ તારણ કાઢવાની પ્રક્રિયા છે. અહીં એક બાબતને આધારે અન્ય બાબત વિશે ધારણા બાંધવામાં આવે છે. અનુમાનનું સર્વ સામાન્ય ઉદાહરણ ધુમાડા અને અગ્નિ વચ્ચેના સંબંધનું છે. ધુમાડો દેખાય છે એટલે અગ્નિ હશે એમ માની લેવામાં, સમજી લેવામાં આવે. આગમ એટલે શાસ્ત્ર કે મહાત્માઓ પાસેથી પ્રાપ્ત થયેલું જ્ઞાન. ક્યારેક આની માટે 'શબ્દ' કે, ભક્તિમાં, 'શબદ'નો પણ ઉપયોગ થાય છે. આ જ્ઞાન અંતિમ વિધાન સમાન હોય જેને આધારે આગળનો પ્રવાસ પૂરેપૂરાં વિશ્વાસથી સંપન્ન કરી શકાય. અનુમાનથી કોઈપણ વાત નિશ્ચિતતાથી કહેવા માટે ચોક્કસ પ્રકારની માહિતી અને જ્ઞાનની આવશ્યકતા રહે. ધુમાડા વિશેની જાણકારી હોવી જોઈએ, અગ્નિની પ્રકૃતિ વિશે પણ માહિતી જરૂરી છે અને તે બંને વચ્ચેના સમીકરણની સમજ પણ આવશ્યક રહે. જ્યારે પરિસ્થિતિ ગૂંચવાડા ભરેલી હોય, સ્થાપિત સિદ્ધાંતથી અલગ ઘટનાઓ આકાર લેતી હોય, માહિતી સંપૂર્ણતામાં યથા સ્વરૂપ પહોંચતી ન હોય, જે તે કારણસર વ્યક્તિની ક્ષમતા ઓછી હોય કે આવી અન્ય કોઈ પરિસ્થિતિમાં આ પ્રમાણ સંપૂર્ણ પરિણામ ન પણ આપી શકે.

વિપર્યય વૃત્તિ એટલે કે ભ્રમિત જ્ઞાન. તેમાં વિપરીત પરિસ્થિતિને યોગ્ય માની લેવામાં આવે. એમ પણ કહી શકાય કે અહીં અસત્યને સત્ય માની લેવાય. ન્યૂનતમ પ્રકાશમાં જેમ દોરડામાં 'સાપ' પ્રતીત થાય, તે પ્રકારની આ ઘટના છે. જે તે કારણસર પરિસ્થિતિ યોગ્ય સ્વરૂપે પ્રસ્તુત ન થાય ત્યારે આવાં સંજોગો ઊભાં થાય. આધ્યાત્મિક ઉદાહરણ તરીકે 'હું શરીર છું', 'હું મન છું' એ પ્રકારની ભ્રમણા વિપર્યય છે. સનાતની આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનમાં, આનાં ઉકેલ તરીકે કેટલીક વ્યવસ્થિત શાસ્ત્રીય પદ્ધતિ સ્થાપિત થઈ છે.

વિકલ્પ એટલે કલ્પનાનું વિશ્વ. સામાન્ય રીતે એમ થતું હોય છે કે વ્યક્તિ કાં તો ભૂતકાળની યાદોમાં જીવે કે કાં તો ભવિષ્યની કલ્પનામાં. આ કલ્પના એટલે જ વિકલ્પ. એમ કહેવાય છે કે જ્યારે સંકલ્પ, સવિકલ્પ હોય ત્યારે સંસાર અને સંસારની ઘટના પ્રગટ થાય. તેથી જ સનાતની આધ્યાત્મિક વિચારધારામાં નિર્વિકલ્પતાનું વિશેષ મહત્ત્વ છે. વિકલ્પ એ એ પ્રકારની વૃત્તિ છે જેનો કોઈ વાસ્તવિક આધાર નથી હોતો. એમ કહી શકાય કે આ તો મનના તરંગોનો વિસ્તાર છે. અહીં બધાં જ મહેલ હવામાં ચણવામાં આવે. આકાશમાં ઉગાડવામાં આવેલ 'આકાશ-કુસુમ' જેવી આ કાલ્પનિક ઘટના હોય. અહીં મન પોતાનાં જ કલ્પના-તર્કમાં ફસાયેલું રહે અને જાણે તેની જ કાલ્પનિક અનુભૂતિ કરે.

નિદ્રાવૃત્તિ અચેતન મનની અજ્ઞાન અવસ્થાને કારણે સ્થાપિત થાય છે. વાસ્તવમાં કલ્પના સમાન અહીં કશું જ હોતું નથી, ફેર એટલો કે કલ્પના એ જાગ્રત મનની ક્રિયા છે જ્યારે અહીં મન આરામમાં હોય છે અને છતાં પણ તે જ પ્રકારની કલ્પનામાં મગ્ન રહે છે. વાસ્તવમાં અહીં માત્ર શૂન્યતા હોય છે. નિદ્રાને આધીન થવું એ મનની પ્રકૃતિ પણ છે અને જરૂરિયાત પણ. નિદ્રાની સ્થિતિ પહેલાં મનમાં જે તરંગો દ્રઢ થયાં હોય તે પ્રગટ થાય અને પોતાનાં અસ્તિત્વને વાસ્તવિક તરીકે દર્શાવવાનો પ્રયત્ન કરે. નિદ્રા તૂટતાં આ બધાં જ તરંગો અદ્રશ્ય થઈ જાય, ક્યારેક તો તે સ્મૃતિમાં પણ ન રહે. નિદ્રાવૃત્તિને નિયંત્રિત કરવા મનને શાંત કરવાની આવશ્યકતા રહે.

એમ કહેવાયું છે કે વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે, પવન જેમ સુગંધને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જાય તેમ, આત્મા પણ સ્મૃતિ અને સંસ્કારને સાથે લઈ જાય. આ સત્યને આધારે જે વૃત્તિ સ્થાપિત થાય તે સ્મૃતિ. જો કે જીવન દરમિયાન તેમાં બદલાવ આવતો રહે. જે અનુભવ થઈ ચૂક્યો છે, જે સંસ્કાર દ્રઢ થઈ ચૂક્યા છે, તેની અમિટ છાપ સ્મૃતિ રૂપે સંગ્રહાયેલી રહે. તે જ્યારે કાર્યરત થાય ત્યારે આ વૃત્તિનું પ્રભુત્વ છે તેમ કહેવાય. આ વૃત્તિ મનનાં પતન અને ઉત્થાન બંનેનું કારણ બની શકે. નકારાત્મક સ્મૃતિ મનને અશાંત કરી શકે જ્યારે સકારાત્મક સ્મૃતિથી મન શાંતિ અને સંતોષ પણ અનુભવે અને ક્યાંક આનંદની શરૂઆત પણ થઈ શકે. સ્મૃતિમાં જ્યારે નિર્મળતા પ્રાપ્ત થાય ત્યારે જ આ વૃત્તિ શાંત થાય. આ માટે સાક્ષીભાવે જોયાં કરવાની પ્રક્રિયા મદદરૂપ થઈ શકે.

મનની આ પાંચ પ્રકારની વૃત્તિ સારા પરિણામ પણ આપી શકે અને ખરાબ પણ. વાસ્તવમાં, સમગ્રતામાં અસ્તિત્વની દરેક બાબત પરિણામને અસર કરે. સમજવાની વાત એ છે કે પરિણામ સારું હોય કે ખરાબ, જો તે વૃત્તિ આધારિત હોય તો તે એક યા બીજા સ્વરૂપનું બંધન બની રહે. મન શાંત થતાં વિચારોની લહેર ઓછી થાય અને મન દર્પણ સમાન નિર્લેપ બની રહે, તેમાં યથાર્થ બાબતોનું પ્રતિબિંબ દેખાય અને સત્ય પ્રતીત પણ થાય અને સ્થાપિત પણ થાય. એમ કહી શકાય કે ચિત્તવૃત્તિનો નિરોધ એટલે જ મનનું શમન, એટલે જ યોગ. આત્મ સાક્ષાત્કાર માટે આ જરૂરી છે. ■

## આપણામાં જેટલું સત્ય હશે તેટલા પ્રમાણમાં આપણે નિર્ભય રહી શકીશું



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



હું 'રામકથા' લઇ અને જગતભરમાં ફરતો રહું છું. એ 'રામકથા'માં આપણને વિદ્યા પ્રાપ્ત થાય એ પછી દીક્ષાંત સમારોહ યોજાય છે; રામાયણ કાળમાં રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન વસિષ્ઠજીના ગુરુકુળમાં અભ્યાસ કરવા ગયા હતા. એમની વિદ્યા જ્યારે પૂર્ણ થઈ, એમનો અભ્યાસ જ્યારે પૂર્ણ થયો અને એમને ગુરુકુળમાંથી વિદાય દેવામાં આવી ત્યારે શું કહેવામાં આવ્યું? અમારી અલિયાબાડા સંસ્થામાં ડોલરભાઈ માંકડના સમયમાં દીક્ષાંત સમારોહ યોજાતો હતો ત્યારે તૈતરીય ઉપનિષદના મંત્રોનો પાઠ થતો હતો; એ પછી ઋષિ જ્યારે વાત કરતા હતા ત્યારે તેમાં એક સૂત્ર બહુ જ સરસ આવતું હતું. ઋષિ કહેતા હતા કે મારી હવે અવસ્થા થઈ છે. કાલે કદાચ હું આ ધરતી પર રહું, ન રહું; પરંતુ આજ તો જીવનનો માર્ગ છે. તમને જ્યારે જ્યારે માર્ગદર્શનની જરૂરિયાત હશે ત્યારે મારાથી પણ કોઈ તેજસ્વી તમને મળી જશે અને ત્યારે એમને પ્રણામ કરી એનું માર્ગદર્શન પ્રાપ્ત કરજો.. વિદ્યાની કોઈ સીમા નથી.

તો રામકાળમાં ક્યારે દીક્ષાંત પ્રવચનો થતા ત્યારે એમાં કયા સૂત્રો આપવામાં આવતા હતા? પાંચ સૂત્રો આપવામાં આવતા હતા. અમારે મહુવાની બાજુમાં ત્રાપજ ગામ છે. ત્યાં ત્રાપજકર કવિ થયા. એમનો એક દુહો છે-

**શાસ્ત્રવિદ્યા, વાણી વિમલ, વીરડા જલ, વિજ્ઞાન,**
**દયા, દાન અને માન એ વાપર્યા વધે વિઠલા.**

આટલી ચીજોનો તમે જેમ ઉપયોગ કરશો તેમ વધશે. એમાં પહેલી છે શાસ્ત્ર વિદ્યા. આપ જે કોઈપણ વિદ્યા શાખામાંથી પદવી પ્રાપ્ત કરો છો તો એ વિદ્યાનું વર્ધન થવું જોઈએ, પરંતુ વિદ્યાનું વર્ધન કેવી રીતે થાય? 'રામચરિત માનસ'માં દીક્ષાંતપ્રવચનનું બીજું સૂત્ર એ છે કે તમે અહીંથી જે વિદ્યા પ્રાપ્ત કરીને નીકળો છો તેની સાર્થકતા વિનયમાં છે. જેની પાસે વિદ્યા છે, પરંતુ વિનય નથી એની વિદ્યા વાંઝણી છે; એ વિદ્યાનો કોઈ અર્થ નથી. વિદ્યા વિનયથી શોભે છે. વિના વિનય વિદ્યા શોભતી નથી. એને જ વિદ્યા સદાય સુશોભિત રહેશે, જેનામાં વિનય હશે.

ત્રીજું સૂત્ર છે, નિપુણ. અહીં નિપુણતાનો અર્થ છે, યોગઃ કર્મસુ કૌશલમ. આપે જે વિદ્યા શાખામાંથી વિદ્યા પ્રાપ્ત કરી હોય તેની કુશળતા, તેની કાર્યકુશળતા એ આ દીક્ષાંત પ્રવચનનું ત્રીજું સૂત્ર છે. કાર્યમાં નિપુણતા એ ત્રીજું સૂત્ર છે. એ પછીનો ગુણ છે જેને ગીતાએ દૈવી સંપદા કહી છે અને એ દૈવી સંપદાનું પહેલું સૂત્ર છે અહિંસા. યુવાન ભાઈ બહેનો, મારી પૂરી રામાયણ યાત્રાના સારરૂપે જો મારે કંઈ કહેવું હોય તો ત્રણ સૂત્રો હું કહું છું-'સત્ય, પ્રેમ અને કરુણા.' સત્યને ત્યાં એક પુત્રનો જન્મ થયો જેનું નામ છે અભય, નિર્ભયતા. આપણામાં જેટલું સત્ય હશે એટલા પ્રમાણમાં આપણે નિર્ભય રહી શકીશું. ગાંધીજી શું કામ નિર્ભય રહ્યા? કારણકે એમની પાસે સત્ય હતું.

'સત્ય' શબ્દ કેટલો મોટો શબ્દ છે, પણ માણસ ઈચ્છે તો ખેલખેલમાં સત્ય જીવી શકે છે. થોડી મુશ્કેલી આવે તો આવશે, પણ જીવી શકે છે. સત્યં વદામિ. થોડું કષ્ટ પડે છે, જેનાં જેનાં અનુભવમાં આવું છે એને ખબર છે. પણ એ કષ્ટ પણ આનંદ આપે છે કે સત્યને કારણે મળ્યું છે, જૂઠને કારણે તો નથી મળ્યું ! અમને દુઃખ મળ્યું તો અમારા કૃષ્ણે આપ્યું છે, કંસે તો નથી આપ્યું. સત્ય કોણ છે ? કૃષ્ણ છે. દુઃખ આપ્યું તો રામે આપ્યું છે; રાવણે તો નથી આપ્યું. દુઃખ આપ્યું છે તો ધર્મે આપ્યું છે, અધર્મએ તો નથી આપ્યું. સત્ય દુઃખ આપે તો આપે. બહુ કઠિન છે, બહુ કઠિન છે.

સત્યની જગ્યાએ જ્યારે અનૃત બોલીએ છીએ તો એ વાણીનું પાપ છે. થોડો પ્રયોગ કરી જુઓ, હું તમને વિનંતી કરું છું. થોડું કષ્ટ સહન કરો, અસત્ય કેમ બોલો છો? ભલે લૂંટાઈ જવાય તો લૂંટાઈ જવાય ! અહીં શું હતું ? કેટલાક લોકો કહે છે, પેલો માણસ અમારા પર જુઠો આરોપ લગાવે છે, તેથી અમને ચોટ લાગી. જૂઠા આરોપથી દુનિયામાં કદી કોઈને ચોટ નથી લાગતી, સાવધાન. ચોટ સત્ય જ કરે છે, જ્યારે કોઈએ તમને કંઈક કહ્યું ને તમે વિચલિત થઈ ગયા, તો સમજજો કે તમારા વિશે એમણે તમને કંઈક સાચું કહી દીધું, જે તમે જાણો છો, દુનિયા નથી જાણતી. કોઈ જૂઠું કહે તો આપણે વિચલિત થવાનું શું કારણ છે? જે શસ્ત્ર જ નથી, એ આપણો વધ શું કરવાનો? જે મૂલતઃ શસ્ત્ર જ નથી. ઘણીવાર શું થાય છે કે સંસારમાં સદીઓ સુધી કોઈ ને કોઈ ઊલટું દર્શન આવી જાય છે. નાસ્તિક દર્શનોએ એવી બહુ ગરબડ કરી નાંખી છે.

બીજું સૂત્ર, પ્રેમ એને ત્યાં પણ એક પુત્ર છે, જેનું નામ છે ત્યાગ. જ્યાં પણ પ્રેમ હશે ત્યાં ત્યાગ હશે અને ત્રીજું સૂત્ર છે કરુણા. કરુણાને ત્યાં એક પુત્રીનો જન્મ થાય છે જેનું નામ છે અહિંસા. ક્યારેક આપણે ત્યાં કરુણાના સંતાનરૂપી અહિંસાનો જન્મ થાય છે ત્યારે ભગવાન પતંજલિ કહે છે કે એની પાસે શત્રુ આવશે તો પણ તેની વૈર બુદ્ધિનો ત્યાગ થશે. આપણે શત્રુનો નાશ નથી ઇચ્છતા. આ ભારતની પરંપરા છે. શત્રુબુદ્ધિનો વિનાશ થાય. શત્રુની માનસિકતા બદલે.

તો, સત્ય, પ્રેમ અને કરુણા. સત્ય બાદ અભય, પ્રેમની બાદ ત્યાગ અને કરુણા બાદ અહિંસા. જ્યાં અભય હશે ત્યાં શાંતિ હશે. ભયભીત માણસ ક્યારેય શાંત નહીં રહી શકે. ઉપર ઉપરથી ભલે ગમે તેટલી વાતો કરે પરંતુ તે શાંત નહીં હોય. નિર્ભય માણસ જ શાંત હોય છે.

એટલા માટે જે અભય હોય છે એના ઘરે ફરી એક પુત્રીનો જન્મ થાય છે જેનું નામ હોય છે શાંતિ. પાંચમું સૂત્ર છે શીલ. આપણામાં ગુણ અને વિદ્યા હશે પરંતુ શીલ નહીં હોય તો વિદ્યા અપૂર્ણ છે. શીલ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. શીલ આપણી બહુ મોટી સંપદા છે. આપ યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવો છો પરંતુ તેની સાથોસાથ સારી વૃત્તિ પણ નિર્મિત થવી જોઈએ. વૃત્તિનું નિર્માણ એટલે શીલનું સર્જન.

(સંકલનઃ જયદેવ માંકડ)■

## શુદ્ધ ભાવથી આરાધના કે ઉપાસના કરે તો તે જીવ મોક્ષ મેળવ્યા વગર રહેતો નથી

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com



(ગતાંકથી ચાલુ)

એક સમયે દંડકારણ્યમાં નંદભદ્ર નામે એક પ્રામાણિક વેપારી પ્રખર શિવભક્ત હતો. એ સમયે એવું કહેવાતું કે નીતિમત્તા તો નંદભદ્રની! નંદભદ્રની કોઈ પ્રશંસા કરે તે તેને ગમતું નહીં, પોતે ક્યારેય પોતાના વખાણ કરતો નહોતો. સાદગીથી જીવન ગુજારતાં શિવભક્તિમાં લીન રહેતો હતો. શિવભક્ત નંદભદ્રના પડોશમાં સત્યવ્રત નામનો એક યુવક રહેતો હતો. તે હંમેશાં નંદભદ્રની નિંદા અને કૂથલી કરતો રહેતો. આ સત્યવ્રત સાવ નાસ્તિક હતો. એ દૂરાચારી સત્યવ્રત એવા મોકાની રાહમાં હતો કે જેથી તે નંદભદ્રને ધર્મભ્રષ્ટ કરી શકે. એક દિવસ અચાનક નંદભદ્રનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો. પુત્રના મૃત્યુનો આઘાત સહન ન કરી શકતાં નંદભદ્રની પત્ની કનકા પણ મૃત્યુ પામી. બંનેના અકાળે થયેલા અવસાનથી નંદભદ્રને આઘાત લાગ્યો, તેણે થોડા જ દિવસોમાં મન મનાવી લીધું કે ભગવાન શિવની ઈચ્છા. તેની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા તલભાર પણ ન ડગી. પત્ની કનકાના મૃત્યુ બાદ ગૃહસ્થધર્મ નિભાવવો દુષ્કર થતું હતું. એક દિવસ મોકો મળતાં જ સત્યવ્રતે કહ્યું, 'હે ધર્માત્મા નંદભદ્ર તમારા પર જે આપત્તિ આવી પડી છે તે જોતાં મને તો એમ લાગે છે કે, ધર્મ તો કેવળ આઘાત આપવાનું સાધન છે, જ્યારથી તમે પથ્થર પૂજવાનું ચાલુ કર્યું છે ત્યારથી તમારી દુર્દશા બેઠી છે. તમારો વહાલસોયો એકનો એક પુત્ર ગુજરી ગયો, તમારા ધર્મપત્ની પણ તમને એકલા મૂકી ચાલ્યાં ગયાં. આવું ફળ તો કુકર્મીઓને જ મળે, આવી રીતે પડોશી સત્યવ્રત અત્યારે આશ્વાસન આપવાને બદલે ઘા પર મીઠું ભભરાવી રહ્યો હતો, પરંતુ શૂદ્ર સત્યવ્રતની ક્ષુલ્લક વાતો સાંભળી શિવભક્ત નંદભદ્રએ સસ્મિત કહ્યું, 'મિત્ર સત્યવ્રત! તારું નામ બહુ સુંદર છે, તું કહે છે કે ધર્મનું આચરણ કરનાર સદા દુઃખી રહે છે તે અસત્ય છે! તું મારી પાસે બેસ ધર્મ શું છે એ તને સમજાવું. શિવભક્ત નંદભદ્ર એ કહ્યું કે 'ધર્મની પરિભાષા છે કે, 'યત અભ્યુદય નિઃશ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ' અર્થાત્ : 'જેના આચરણથી આલોકમાં અભ્યુદય થાય, સુખશાંતિ મળે અને પરલોકમાં સુગતિ મળે તે ધર્મ. ભાઇ ધર્મનું, સત્સંગનું કે ઈશ્વરભજનનું છેવટનું ફળ સદાચાર જ છે. ધર્મની કસોટી દુઃખમાં જ થાય છે.' પ્રતિકુળતા એ ઇશ્વર તરફથી મોકલાવેલ કૃપાપ્રસાદ જ છે. ધર્મ માટે જે જીવન સમર્પિત કરે છે તેનું રક્ષણ પણ ધર્મ જ કરે છે. તું તારી જાતને નાસ્તિક માને છે, પણ તું નાસ્તિક નથી, કારણ કે ધર્મને અવગણનાર પણ ધર્મ વગર જીવી શકતો નથી. ધર્મનું પાલન કરવાથી આપણા મનને અને તનને અપાર શાંતિ બક્ષે છે. ધર્મ વિનાનું જીવન અને પ્રાણ વિનાનું શરીર સબ સમાન છે. શિવકથા અને શિવભક્તિ પાપને બાળે છે, સારા વિચાર અને કાર્ય કરવાની પ્રેરણા આપે છે, તેમ જ તન અને મનને શાંતિ આપે છે.

****

શિવલીલા અને શિવકથાનો મહિમા તો અપરંપાર છે, જો ધર્મકથા કે શિવકથાનો એક શબ્દ પણ હૃદયને સ્પર્શી જાય, તો તેનું જીવતર સફળ બની જાય છે. શિવકથાનું શ્રવણ કર્યા પછી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં અભિવૃદ્ધિ થાય, પાપ છોડવાની ઇચ્છા થાય, પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે, સ્વભાવમાં સરળતા આવે તો માનજો કે શિવલીલા કે શિવકથા ખરેખર સાંભળી છે.

સત્યવ્રત ધર્માત્માનો સદુપયોગ એકચિત્તે સાંભળી રહ્યો છે. નંદભદ્રનો વાણી-પ્રવાહ સતત વહે છે. તે કહે છે, ધર્મમાં એટલી તાકાત છે જે કોઈ જીવ પોતાના આરાધ્યની શુદ્ધ ભાવથી આરાધના કે ઉપાસના કરે તો તે જીવ મોક્ષે ગયા વગર રહેતો નથી, તેને અવશ્ય મોક્ષ મળે.

ધર્મ જીવનને કઈ રીતે જીવવાનું તે શિખવાડે છે. ધર્મી મનુષ્ય સુખે જીવે અને અન્યને પણ સુખે જીવવા દે છે એજ જીવન જીવવાની સાચી કળા છે. તે જ ધર્મ છે. ધર્મ એક આદર્શ જીવનશૈલી છે, ધર્મ જીવનમાં સુખશાંતિથી રહેવાની પાવન પદ્ધતિ છે. ધર્મ જ સર્વ લોકોનું કલ્યાણ કરનારી પવિત્ર આચારસંહિતા છે.

ભાઈ સત્યવ્રત તમે જે કહ્યું કે, ધર્મનું આચરણ કરનાર સદા દુઃખી રહે છે, તે વાત અસત્ય છે. ધર્મ જ શ્રેષ્ઠ છે. તમે એમ કહો છો કે, માણસ પથ્થરની મૂર્તિને શા માટે પૂજે છે?

હું તમને એમ પૂછું છું કે શું આંધળો સૂર્યને જોઈ શકે છે? બ્રહ્માથી માંડીને સર્વ દેવતાઓ, મહાત્માઓ, ઋષિ મુનિઓ અને સાર્વભૌમ ચક્રવર્તી રાજાઓ પણ પોતાના ઇષ્ટદેવની આરાધના - ઉપાસના કરે છે. એમની સ્થાપિત મૂર્તિઓ આજેય દૈદીપ્યમાન છે. શું તેઓ મૂર્ખ હતા? તમે જ સર્વસ્વ હોવ તો તમારી થાળીમાં આપોઆપ ભોજન કેમ પીરસાઈ જતું નથી?

'ઈશ્વર કે ભગવાન નથી' એવી વાતો તો કેવળ મૂર્ખ માણસોનો ભ્રમ છે, જે તેઓ ફેલાવી રહ્યા છે. કોઈપણ શાસક વિના પ્રજા રહી શકે ખરી? ધાર્મિક વ્યક્તિનું કામ ધર્મથી અળગા અને વિખૂટા પડેલા કે વિખૂટા થયેલા લોકોને જગાડવાનું છે તેઓને ઢંઢોળવાનું છે. કોઈએ પણ ધાર્મિક થવું તે સાધના છે. ધાર્મિક દેખાવવું વિલાસ છે. ધાર્મિક બનવું તે પોતાના જ કલ્યાણ માટે છે, પોતાના આધ્યાત્મિક વિકાસ માટે છે. ધર્મમાંથી વ્યવહારને તિલાંજલિ આપવામાં આવશે અને વ્યવહારને ધર્મમય બનાવવામાં આવશે ત્યારે જ સાચા અર્થમાં 'ધાર્મિક' બની શકાશે, માટે ધાર્મિક અને પ્રેમમય વ્યવહાર દ્વારા જીવનને વિશુદ્ધ રાખવું જરૂરી છે. નારાયણના નામનું નાણું જેની પાસે છે તેનો ખજાનો ખૂટતો નથી.

ધર્માત્મા નંદભદ્ર સામે શૂદ્ર સત્યવ્રત ભોઠો પડી ગયો. સત્યવ્રતને ધર્માત્મા નંદભદ્રએ પંચાક્ષર મંત્ર 'ઓમ નમઃ શિવાય' આપી કહ્યું કે આ પંચાક્ષર મંત્રનો જાપ કરો, ભગવાન શિવની કૃપા અવશ્ય થશે.

શૂદ્ર સત્યવ્રત પંચાક્ષર મંત્રનો જાપ કરવા લાગ્યો, થોડા જ સમયમાં તેના જીવનમાં આમૂલ્ય પરિવર્તન આવવા માંડ્યું.

નંદભદ્ર ભગવાન શિવના સાક્ષાત્ દર્શન કરવાના હેતુથી કપિલેશ્વર મંદિરમાં ગયો.

તેણે પ્રાર્થના કરતા ભગવાન શિવ સમક્ષ કહ્યું, 'પ્રભુ! જ્યાં સુધી આપ મને દર્શન નહિ આપો, ત્યાં સુધી હું અહીં ઊભા રહીને તમારી આરાધના કરતો રહીશ.'

કહેવાય છે કે ચાલીસ દિવસે ભગવાન શિવ બાળરૂપ ધારણ કરીને નંદભદ્રને દર્શન આપે છે. ભગવાન શિવના સાક્ષાત દર્શન કરી નંદભદ્ર કૃતકૃત્ય બન્યો.

ભગવાન શિવઃ 'હે પ્રિય નંદભદ્ર હું તમારી ભક્તિથી પ્રસન્ન છું. બોલો તમને શું વરદાન જોઈએ છે.'

નંદભદ્રઃ 'પ્રભુ તમારા દર્શનનો જ અભિલાષી હતો, બીજું કંઈ જોઈતું નથી, પણ તમે વરદાન આપતા હોવ તો મને શિવગણોમાં સામેલ કરો.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ.'

આટલું કહી ભગવાન શિવે કૈલાસ તરફ પ્રયાણ કર્યું.

વરદાની નંદભદ્ર પોતાનું સાલસ જીવન ભોગવી યોગ્ય સમયે પોતાના શરીરને ત્યાગ્યું. ભગવાન શિવના વરદાનથી તેણે શિવગણોમાં સામેલ થઈ કૈલાસ ખાતે ભગવાન શિવની સેવામાં હંમેશ માટે જોડાઈ ગયો. (ક્રમશઃ)■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# મૃત્યુની મીમાંસા કરતા દુહા



મૃત્યુનો સ્વીકાર એ ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વનું પાસું છે. મૃત્યુના ડરને, મૃત્યુની અવગણનાને બદલે મૃત્યુનો મહિમા કરતું સાહિત્ય વિપુલ માત્રામાં જોવા - સાંભળવા મળે છે. મૃત્યુ એ તો નવા જન્મપૂર્વેની પ્રક્રિયા છે. શરીર તો નાશવંત જ છે. જેનું નામ છે એનો નાશ છે. આવા હકારાત્મક અભિગમને કારણે મૃત્યુની મીમાંસા પણ આસ્વાદ્ય બની રહે છે. એમાં ક્યાંય ડંખ જોવા મળતો નથી. કડવાશ નથી.

જેઠિયો નામનો ફક્કડ અલમસ્ત, પરિવ્રાજિક ગિરનારમાં ઘૂમતો અને મસ્તીથી જીવન ગુજારતો. સમાજને છોડીને પ્રકૃતિને અને દેવધામને ખોળે વિહરતા જેઠિયાના છ કડિયા દુહામાં મૃત્યુની મીમાંસા થઈ છે એ અવલોકવા જેવી છે, એ ગાય છે કે :

*હંસલો રાજા હાલી નીકળ્યો, ઈશુનું મેલીને શેર;*
*મેલ્યો ગરવાનો છાંયડો, મને લાગે કડવો ઝેર;*
*લાગે કડવો ઝેર, તી કહીએ,*
*ને સાધુ-સંતને શીરામણી દઈએ;*
*જેઠિયો રામનો કે પછી છપન સાથે વાગતી ભરે,*
*હંસલો રાજા હાલી નીકળ્યો, ઈશુનું મેલીને શેર.*

અહીં મૃત્યુ તો શરીરનું થાય છે. આત્મા અમર છે. એટલે એના ચૈતન્યના જવાથી દેહનો નાશ થયો ગણાય છે. હંસના રૂપકારા એ આખી બાબત પ્રસ્તુત કરી છે. જયારે મૃત્યુના પથ પર વિહરવાનું છે. પરમધામની સફરે નીકળવાનું થાય છે એટલે સહવાસીઓ કે દેહ સૂના થઈ જાય છે. એ સફરની સાથે જયાં નિત્ય વાસ કરતા હતા એ ગિરનાર પણ ગમતો નથી એનો શિતળ છાંયડો કડવો ઝેર લાગે છે. અહીં છાંયડાને દશ્યને- ચક્ષુજન્ય પદાર્થને જીહ્વા, સ્વાદેદ્રિન્ય સાથે જોડીને ભાવને અભિવ્યક્તિ અર્પી છે. ત્રણથી ચાર સમયના ભોજનમાં મહિમા પ્રથમ સમયના અર્થાત્ સવારના ભોજન કે જેને સંજ્ઞા મળેલી છે. શીરામણની એનો છે.

બપોરના ભોજન બપોરા, એ પછી સાંજના ભોજન રોંઢાના કે રાત્રિના ભોજન વાળુને બદલે અહીં સાધુ-સંતોને શીરામણી અર્થાત્ દૂધ-દહીં-છાસ-રોટલા આદિના ભોજન કરાવીને એના આશીર્વાદ લેવાની વિગત મૂકાઈ છે. જેણે આવું અન્નદાન કર્યું છે એને પછી કોઈનો ભય રહેતો નથી એ તો અનંતની યાત્રાને, મૃત્યુની ક્ષણને પૂરી પ્રસન્નતાથી સ્વીકારી લે છે. એ બહુ ભારે લાઘવથી અહીં કહેવાયું છે.

*બીજા એક છકડિયા દુહામાં ગાય છે કે -*
*હંસની જાનું જુતિયું, ને વેળાવિયા લીધા ચાર,*
*સગું મળ્યું જીવને સામટું, ઈ રૂદન કરે છે અપાર;*
*રૂદન કરે છે અપાર, તી અટકી,*
*ને કાચી માટીને ચેહમાં ખડકી;*
*જેઠિયો રામનો કે પછી દેવો દાહ, ને બુઝવવી આગ,*
*હંસની જાનું જુતિયું, ને વેળાવિયા લીધા ચાર.*

જયારે આ શરીર મૃત્યુ પામે છે ત્યારે એને ચાર વ્યક્તિ વળાવવા માટે જાય છે અને સગાસ્નેહી સંબંધીઓ હૈયાફાટ રુદન કરતા હોય છે. કાચી માટી જેવા દેહને અગ્નિ મૂકાય છે. અગ્નિ ચંપાય છે. અંતે માટી ટાઢી કરવામાં આવે છે. આ શરીરની નશ્વરતાનો, મૃત્યુ પછીના લયનો અહીં ઉલ્લેખ છે. દુહામાં આવી બાબતો વર્ણવીને અંતે માનવને આ જીવનની નાશવંત સ્થિતિનું ભાન કરાવવામાં આવે છે. આ શરીરની માયા, મમતાનો કશો અર્થ નથી આખરે એને વળાવવાનો છે, એને વિદાય આપવાની છે. કશું ચિરંજીવ નથી.

બીજા એક દુહામાં પણ હંસ રૂપી શરીરને ઉધઈ રૂપી આસૂરી બાબતોએ આ સમાજ-સગાસંબંધી રૂપી મધ્ય દરિયામાં એટલે સંસાર જગતમાં કોરી ખાધેલો એણે કશા પુણ્યકાર્ય કર્યા ન હોઈને એને પાંખ વિનાનો કલ્પવામાં આવેલ છે.

આ શરીરને નોધારું પણ વર્ણવેલ છે. આ કારણે એને આશ્ચર્ય પણ થાય છે. આવા નોધારા, નશ્વર શરીરની પરત્વેના આપણા મોહની તરફ પણ અંગુલિનિર્દેશ કરેલ છે. જેઠિયો નામધારી દુહા રચયિતાએ અહીં પણ ભારે કુનેહથી, ખૂબીથી માનવશરીરની ક્ષણભંગુરતાની અને નોંધારાપણાની વિગતો દર્શાવી છે, એ દુહો જ જોઈએ :

*હંસને ઉધઈએ ખાધો, મધ્ય દરિયાની માંય,*
*પાંખ વિનાનો રુદન કરે, હંસલો હાલ્યા માંય;*
*હંસલો હાલ્યો માંય, તી હાલ્યો જાશે,*
*અને એના જીવને મોટો અચંબો થાશે;*
*જેઠિયો રામનો કે એવા જીવને રાખવોતો આંય,*
*હંસને ઉધઈએ ખાધો, મધ્ય દરિયાની માંય.*

અહીં દુહાના માધ્યમથી પોતાને લાધેલું આત્મજ્ઞાન, દર્શન, સમાજ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. શરીર નાશવંત છે, મૃત્યુ નિશ્ચિત છે. એના તરફના મોહનો કશો અર્થ નથી, એમ માનવજાતને સમજાવી જતો આ દુહો હકીકતે મૃત્યુની મીમાંસા છે. એ સનાતન તત્ત્વને, દર્શનને અભિવ્યક્તિ અર્પે છે. સ્વાનુભવને સર્વાનુભવની રીતે મૂકવાની કૌશલ્યશક્તિ આ દુહાને વિશેષ મહત્ત્વનું માન-મરતબો અર્પે છે. ■

તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombay samachar.com

# તીર્થયાત્રા જીવનને કોહવાટથી મુક્ત રાખવાનું ઉત્તમ માધ્યમ છે






માનવજીવન વિકાસની પ્રક્રિયા છે. જીવવું એટલે વિકસવું. જીવન વિકાસનાં અનેક સાધનો છે. માધ્યમો છે. તેમાંનું એક સાધન છે તીર્થયાત્રા. જીવન જ્યારે વિકાસના રહસ્યને ચૂકી જાય છે ત્યારે તેમાં કોહવાટ પેદા થાય છે. કોહવાટથી મુક્ત રહેવા માટે જીવનને સતત ગતિમાન રાખવું જોઇએ. ગતિ એટલે દોડાદોડી નહીં, પણ પ્રગતિ-વિકાસ. તીર્થયાત્રા જીવનને કોહવાટથી મુક્ત રાખવાનું, જીવનના સ્વાસ્થ્યને જાળવી રાખવાનું ઉત્તમ માધ્યમ છે.

એક વાર એક મિત્રે પોતાના પુત્ર અંગે ફરિયાદ કરી કે પુત્ર નબળો, માયકાંગલો, નિષ્પ્રાણ અને ભીરુ છે. પુત્રની ઉંમર પચીસ વર્ષની છે, પણ તેનામાં પગ પર ઊભા રહેવાની જરા પણ શક્તિ નથી. સતત માતા-પિતાનો આધાર જોઇએ. માતા-પિતાના આધાર વિના રહી શકતો નથી. ઘરની બહાર એકલા જવાની હિંમત કરતો નથી. પુત્ર ભલો છે. બુદ્ધિમાન છે. પોતાના કાર્યમાં સાવધાન અને કુશળ છે, પણ તેજસ્વિતા, હિંમત, મર્દાનગી નથી અને તેવા ગુણો વિના પુરુષ શોભે નહીં. તેમણ મને ઉપાય પૂછયો. મેં ઉપાય બતાવ્યો કે તેને યાત્રા માટે મોકલો, એકલો જ મોકલો. નાની-નાની સરળ યાત્રાથી પ્રારંભીને સમગ્ર ભારતની અને હિમાલયની યાત્રાએ એકલા જ અને વારંવાર મોકલો. યુવાનોમાં રહેલી સુષુપ્ત પ્રાણશક્તિને બહાર લાવવા માટે પ્રવાસ-યાત્રા ઉત્તમ માધ્યમ બની શકે છે.

વ્યક્તિની અંદર રહેલી તેજસ્વિતાની તેને પોતાને જાણ નથી હોતી. તેને યાત્રા દ્વારા તે શક્તિની જાણ થાય તેવા સંયોગો ઉત્પન્ન કરો.

પ્રાચીન ભારતની શિક્ષણવ્યવસ્થામાં યાત્રાનું સ્થાન અનિવાર્ય હતું, જ્યાં સુધી બ્રહ્મચારી આર્યાવર્તની યાત્રા પૂરી ન કરે ત્યાં સુધી તે સ્નાતક ગણાતો નહીં. ચાર દીવાલની વચ્ચેનું શિક્ષણ અને ચાર દીવાલની બહારનું શિક્ષણ, બંને મળીને શિક્ષણ પૂરું થાય છે. બંને એકબીજા વિના અધૂરાં છે અને બંને એકબીજાનાં પૂરક છે.

વિદ્યાર્થી ભૂગોળનાં પુસ્તકમાં હિમાલય અંગે વાંચે અને હિમાલયમાં યાત્રા માટે જાય, તે બંનેમાં ઘણો ભેદ છે. પુસ્તક દ્વારા અધ્યયનનું મૂલ્ય છે, પણ પુસ્તક સ્વયં પર્યાપ્ત સાધન નથી. શિક્ષણની પરિપૂર્ણતા માટે પુસ્તકની બહાર નીકળવું જ પડે છે.

ભારતીય સાધનામાં તીર્થયાત્રાને પણ એક સાધના ગણાવી છે. તેમાં પણ હિમાલયની યાત્રાની તો શી વાત કરવી! તીર્થયાત્રા સ્વરૂપતઃ બહિરંગ સાધના છે, પણ બહિરંગમાંથી જ અંતરંગમાં જવાય છે. જો યોગ્ય પદ્ધતિથી કરવામાં આવે તો તીર્થયાત્રા એક અનુષ્ઠાન છે. જીવન વિકાસનું એક માધ્યમ છે.

આપણા દેશમાં પ્રાચીનકાળથી જ યાત્રાનું મહત્ત્વ અને મૂલ્ય ખૂબ રહ્યું છે. આટલા વિશાળ હિમાલયમાં આટલાં તીર્થોની સ્થાપના, આટલી પગદંડીઓની ખોજ એકલદોકલ માણસનાં બે-પાંચ વર્ષોના પુરુષાર્થનું ફળ નથી, પણ હજારો વર્ષથી એક આખી પ્રજાના પુરુષાર્થનું એ પરિણામ છે. ભારતમાં મોટાં તીર્થોની સંખ્યા ૨,૨૦૦ છે. આપણા દેશનાં તીર્થોના વર્ણન માટે એક ખાસ પુરાણની રચના થઇ છે. ‘સ્કંદપુરાણ’ તીર્થોનું જ પુરાણ છે. એ પણ નોંધવું જોઇએ કે ‘સ્કંદપુરાણ’ સૌ પુરાણોમાં મોટું છે, તેથી જ તેને ‘મહાપુરાણ’ પણ કહે છે. ભારતનાં તે કાળે પ્રચલિત એવાં બધાં તીર્થોનુ વર્ણન ‘સ્કંદપુરાણ’માં જોવા મળે છે. એક રીતે જોઇએ તો ‘સ્કંદપુરાણ’ તીર્થોનો સર્વસંગ્રહ છે.

શ્રી ચૈતન્ય મહાપ્રભુએ ભારતનાં તીર્થોની વ્યાપક અને દીર્ઘ યાત્રાઓ કરેલી છે. શિવાજીના ગુરુ સમર્થ સ્વામી રામદાસજીએ બાર વર્ષ સુધી ભારતભરની પગપાળા યાત્રાઓ કરી હતી. મોટા ભાગના મહાપુરુષોનાં જીવનમાં તેમના જીવનના કોઇ કાળે તીર્થયાત્રાઓ થઇ હોય છે.

એવી કથા છે કે ભગવાન પરશુરામને માતૃહત્યાનો દોષ લાગ્યો હતો. આ દોષથી મુક્ત થવા માટે તેમને તીર્થયાત્રાની આજ્ઞા મળી. તીર્થયાત્રા કરતાં-કરતાં અરુણાચલ પ્રદેશના બ્રહ્મકુંડમાં સ્નાન કરતાં તેઓ માતૃહત્યાના દોષથી મુક્ત થયેલા.

ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઇ બલરામજીને પણ સૂતજીના વધનો દોષ લાગેલો. બ્રાહ્મણોએ તીર્થયાત્રારૂપી પ્રાયશ્ચિત્તથી દોષમુક્તિનો ઉપાય બતાવ્યો. આ ઉપાય તેમણે અજમાવેલો અને દોષમાંથી મુક્ત પણ થયેલા. એટલે તીર્થયાત્રાનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે.

તીર્થયાત્રા એ માત્ર બહિરંગ ક્રિયા જ નથી, પણ એક વિશિષ્ટ મનોભાવ પણ છે. કોઇ વેપારી બદરીનાથમાં દુકાન રચીને વેપાર માટે ત્યાં રહે તો તેને તીર્થવાસ ગણાય નહીં. આકસ્મિક સંજોગોને કારણે કોઇ પોલીસને વારાણસીમાં પાંચ દિવસ રોકાવાની નોકરી આવે અને તે રહે પણ ખરો, છતાં તે તીર્થયાત્રા ન ગણાય. તીર્થયાત્રામાં હેતું, મનનો ભાવ અને ચિત્તની અભિમુખતા મહત્ત્વનાં છે. તીર્થયાત્રા માત્ર બહિરંગ ક્રિયાકલાપથી થતી નથી.

આપણું સદ્ભાગ્ય છે કે આપણે ભારતમાં જન્મ્યા છીએ. ભારત એટલો વિશાળ દેશ છે અને ભારતમાં દર્શનીય સ્થાન એટલી મોટી સંખ્યામાં છે કે જીવનભર યાત્રા કર્યા કરીએ તો પણ પાર પામી શકાય તેમ નથી અને ‘ઐતરેય બ્રાહ્મણ’ના ‘ **चरन् वै मधु विन्दति**’નું રહસ્ય જેના મનમાં વસી ગયું તેની ગતિ ચાલુ જ રહે છે.

જયારે કોઇ જાગૃત અને જીવનનિષ્ઠ વ્યક્તિના પગ હિમાલય તરફ ચાલે છે ત્યારે ઊર્ધ્વલોક તરફ ચાલે છે તેમ સમજવું. (‘**स्थावराणां हिमालयः।**’ **શ્રીમદ્ભગવદ્ગીતા ૧૦-૨૫** ) ને સમજી અને ઉચિત મનોદશાથી કોઇ વ્યક્તિ હિમાલયની યાત્રાનો પ્રારંભ કરે તો તે તેના જીવનવિકાસના એક નવા અધ્યાયનો પ્રારંભ બની શકે છે.

આટલી ભૂમિકા પરથી આપણાં મનમાં સવાલ ઊભો થાય છે કે તીર્થ એટલે શું અને તીર્થયાત્રાનું યથાર્થ સ્વરૂપ શું છે.

કોઇપણ પવિત્ર સ્થાનને તીર્થ કહેવામાં આવે છે. અવતારોની લીલાભૂમિ (અયોધ્યા, વૃંદાવન, નવદ્વીપ) મહાપુરુષોનાં જન્મસ્થાન (આપેગાંવ, લુમ્બિની, પોરબંદર) મહાપુરુષોનાં સમાધિસ્થાન (ગોરખપુર, આણંદી, અંજાર, પોંડિચેરી) પવિત્ર પહાડ (કૈલાસ, ગિરનાર, શત્રુંજય) પવિત્ર નદીઓ (ગંગા, યુમના, સરયૂ), પવિત્ર સરોવર (માનસરોવર, પુષ્કર, નારાયણસરોવર, પંપાસરોવર), સંગમસ્થાન, (પ્રયાગરાજ, દેવપ્રયાગ, રુદ્રપ્રયાગ, વિષ્ણુપ્રયાગ), પવિત્ર મંદિરો (રામેશ્વર, તિરુપતિ, વારાણસી, વૈષ્ણોદેવી), આ બધાં જુદાં-જુદાં સ્વરૂપના તીર્થો છે. કોઇ વિશેષ સંયોગોને લીધે કોઇ સ્થાન વિશેષ પાવિત્ર્ય ધારણ કરે છે અને તેથી તે તીર્થ બને છે. સાંઇબાબાના પ્રાગટયથી શીરડી તીર્થ બન્યું છે. તીર્થના વાતાવરણમાં ડૂબકી મારવા માટે, તેના દર્શન કરવા માટે, ત્યાં સ્નાન કરવા માટે એક વિશિષ્ટ મનોભાવપૂર્વક વ્યક્તિ તીર્થમાં જાય છે તેને તીર્થયાત્રા કહે છે.


હિમાલય તો તીર્થભૂમિ છે. હિમાલયનો સમગ્ર વિસ્તાર જ તીર્થ છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. હિમાલયમાં આવેલાં તીર્થોનો વિચાર કરીએ તો પણ ગણ્યાં ગણાય નહીં અને જોયે પાર ન આવે તેટલાં તીર્થો છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો...

*રવિભાણ સંપ્રદાયના ત્રિકમસાહેબના શિષ્ય સીલદાસજીએ ગાયું છે :*
*રોમે રોમે રંગ છાયો,*
*ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો રે જી..૨*
*કરમ કોદાળી, થીર સે થાણો, ધીરજ ધરતીકું ખેડાયો,*
*દયા ધરમના ધોરી જોડ્યા, પ્રેમસે પાણી પાયો...*
*ગિયો ગાંજો, બે પાન લાગ્યાં, ઓહમ્ સોહમ્ કળી લાયો,*
*પાકતાં ગાંજો પેટાવી બેઠો, ને પાંચો ચોર ભગાયો..*
*ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો રે જી...૦*
*કાપ કૂટ ગાંજો નિજ ઘર લાયો, મનકો કામે લગાયો,*
*ચેતન જલસે ધોવા સારૂ, જુગતિ કો જલ મંગવાયો..*
*પીતાં ગાંજો અલખ ધૂન લાગી, નિરભે નિશાન ઘુરાયો,*
*સીલદાસ ગુરુ ત્રિકમ ચરણે, મેં તો જલમ મરણ કો મિટાયો..*
*ગુરુએ મુંને જ્ઞાન રો ગાંજો પાયો રે જી...૦*
*રવિ-ભાણ સંપ્રદાયના કચ્છ હિંગરીયાના હરિસાહેબના શિષ્ય દયારામજીએ ગાયું :*
*ગુરુ ગમ ગાંજા પીયા નિરંજન, નિશાં ચડી નિજ નામ તણી,*
*પ્રેમી પુરૂષને દીયા પ્રેમસે, હાથ ચડ ગઈ હીરા કણી..*



*ગાંજા તણી તો ગંમ જ નહોતી, સદગુરુએ આપ્યો ધોઈ કરી,*
*વિવેક વિચાર ચિત્તની ચલમમાં, કબુધી કોયલા ઉપર ધરી..*
*શરીર સાફી ધોઈ કર લીની, ધીરજ કેરી જડદાલ કરી,*
*શીલ સંતોષ કેરા લગાડ્યા સાબુ, પછી સતસંગીને હાથે ચડી..*
*ગુંન ગુંન ગુંન માંહી હોતી ગરજના, ઓહમ્ સોહમ્ની ભભકું ભરી,*
*ઔર નશા તો ચડે ને તરે, આ તો તરે નહીં કબુવે ફરી..*
*અરધ ઉરધના ઘાટ ઉપરે, સંતે પીધા પ્રેમે કરી,*
*કહે દયારામ હરિ ગુરુ શરણે, આવો અવસર ના આવે ફરી...*

*એજ પ્રમાણે રવિ-ભાણ સંપ્રદાયના દાસી જીવણસાહેબની પરંપરાના પ્રેમવંશી વાઘા-વિરમની પરંપરાના ખેમ શિષ્ય મૂળદાસ(વાછરા) ગાય છે -*

*મારા ગુરુજીએ ગાંજો મને પાયો, આમાં રંગ ચડી રહ્યો છે સવાયો..*
*-મારા ગુરુજીએ ગાંજો મને પાયો...૦*
*ઘૂંટી ઘૂંટીને ખૂબ જ ઘૂંટ્યો, આમાં રોમ રોમ રંગ લાગ્યો,*
*ઈંગલા ને પિંગલા પીવન લાગી, નાડી નાડીમાં રંગ લાગ્યો..*
*નૂરતે સુરતે નિરખન લાગી ઈ તો શૂનમાં દીઠો સવાયો,*
*મૂળદાસ કહે સત ખીમના ચરણે, મેં તો ગુલતાન થઈને ગાયો..*
*-મારા ગુરુજીએ ગાંજો મને પાયો...■*

આચમન

અનવર વલિયાણી
feedback@bombay samachar.com

# સબકો ગલે લગાતે ચલો પ્રેમ કી ગંગા બહાતે ચલો

જ્યારે વ્યક્તિનો પ્રેમ કામના વગરનો હોય છે ત્યારે તે શક્તિ બની જાય છે અને જ્યારે પ્રેમમાં કોઈ ચીજ મેળવવાનો લોભ રહેલો હોય ત્યારે તે આસક્તિ બની જાય છે.

* મીરાંબાઈને આપવામાં આવેલા ઝેરની કોઈ અસર થઈ ન હતી.

* ધ્રુવને પર્વતની ટોચ પરથી ફેંકવામાં આવ્યો તો પણ બચી ગયો હતો.


* પ્રભુ ભક્ત પ્રહ્લાદને અગ્નિના હવાલે કરી દેવામાં આવ્યો હોવા છતાં પણ હસતો હતો.

- આ પ્રેમની શક્તિનાં ઉદાહરણો છે.

* સંતો - શાહો - સૂફી ઓલિયાઓ કહે છે કે જેના હૃદયમાં સાચો પ્રેમ હોય છે તે વ્યક્તિ ઈશ્વરનો ભક્ત હોય છે. માત્ર સાચા પ્રેમની જ જરૂર છે. પછી તે સ્ત્રી-બાળક કે અન્ય સાંસારિક વસ્તુઓ પૈકી ગમે તેનો હોય.

* શ્રી ગોકુલનાથજીએ કહ્યું છે કે, જેના હૃદયમાં પ્રેમનું અંકુર હોય છે તે વ્યક્તિને ભક્તિ તરફ વાળી શકાય છે. કેમ કે પ્રેમનું વૃક્ષ ત્યારે જ ઊગી શકે છે જ્યારે પ્રેમનું બીજ, પ્રેમનું અંકુર હૃદયમાં હોય. બીજ વગર ખેતી કેવી રીતે થઈ શકે?

- આ સંદર્ભમાં એક કથા છે.



* એકવાર સંત શ્રી ગોસાઈ ગોકુલનાથજીને ત્યાં એક ખૂબ ધનવાન વ્યક્તિ બહુ ધન લઈને તેમનો શિષ્ય બનવા આવી. ગોસાઈએ તે વ્યક્તિને પૂછ્યું કે, શું તારો કોઈ વસ્તુ પર એવો સ્નેહ છે કે જેના વગર તારું મન વ્યાકુળ બની જાય?

* આ વ્યક્તિએ જવાબ આપ્યો કે મારો કોઈ વસ્તુ પ્રત્યે સ્નેહ નથી.

- તેનો જવાબ સાંભળીને ગોસાઈજીએ કહ્યું કે હું તને ક્યારેય દીક્ષા ન આપી શકું. તું બીજા કોઈને ગુરુ તરીકે શોધી લે.

## બોધઃ

* ભક્તિમાર્ગમાં પ્રેમ જ મુખ્ય છે.

* વ્યક્તિનો સંસાર પ્રત્યે જે પ્રેમ હોય છે તેને દીક્ષામાં ફેરવીને ભગવાનમાં લગાવી શકાય છે.

* જ્યારે તમારા હૃદયમાં કોઈના પ્રત્યે પ્રેમ જ ન હોય તો ભગવાનને કેવી રીતે પ્રેમ કરી શકો? સારાંશ કે, સબ કો ગલે લગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...!

## સંસારમાં દુઃખ શા માટે?

એક રાજા પોતાની સભામાં પંડિતો સાથે વાદવિવાદ કરી રહ્યા હતા. અચાનક એમણે પોતાના એક વિદ્વાન પંડિતને પ્રશ્ન કર્યો.

* ‘સંસારમાં આટલું બધું દુઃખ શા માટે છે?’

* ‘માનવ આટલો પીડિત શા માટે રહેતો હશે?’

પંડિતજી તુરંત જવાબ આપી ન શક્યા. પછી બોલ્યાઃ

* ‘મહારાજ, આ પ્રશ્નનો ઉત્તર શોધવા મને સમય લાગશે.’

- રાજાએ કહ્યું, ‘ઠીક છે, તમે એ માટે બે દિવસ વિચારી શકો છો.’

- પંડિતજી રાજાના પ્રશ્નનો જવાબ શોધવા નીકળી પડ્યા.

- રસ્તામાં જે કોઈ સાધુ-સંત મળે અને પ્રશ્ન પૂછતા, પણ ક્યાંય સંતોષકારક ખુલાસો ન મળ્યો. છેવટે થાકીને એક ઝાડ નીચે બેઠા. થોડીવારમાં ત્યાંથી એક ફકીરને પસાર થતા જોયા. એમને ઊભા રાખી વિનંતી કરી, ‘તમે મારા સવાલનો જવાબ આપી શકશો? સંસારમાં આટલાં દુઃખોનું કારણ શું છે?’

- ફકીર એમને જોતા રહ્યા. પછી ધીરેથી કહ્યું, ‘આનો જવાબ હું તમને પછી આપીશ. અત્યારે તો મારે પાસેના ગામમાં પાણી માટે કૂવો ખોદવા જવાનું છે. તમે પણ મને મદદ કરી શકો છો?’

- બંને જણ બાજુના ગામે ગયા અને કૂવો ખોદવા લાગ્યા થોડીવારમાં કંટાળીને બબડાટ કરવા લાગ્યાઃ મારા માટે આવા કામનો શું અર્થ? આવી મજૂરીથી મને શું મળવાનું છે? ખોટી હેરાનગતિ છે...!

- પેલા ફકીર આ સાંભળી ગયા. તેમણે કહ્યું, ‘પંડિતજી, અહીં જ તમારા પ્રશ્નનો જવાબ છે. જ્યાં સુધી મનુષ્ય ફકત પોતાના સ્વાર્થનો જ વિચાર કરતો રહેશે ત્યાં સુધી એ દુઃખી રહેવાનો, પણ જ્યારે એ બીજાના ભલાનો વિચાર કરશે ત્યારે એનાં અંગત સુખ-દુઃખ ગૌણ બની જશે!’

* આ ઉત્તરથી પંડિતજી ખુશ થઈ ગયા અને તરત રાજાને કહેવા દોડ્યા. ■

ચિંતન

# ધર્મની સ્થિરતા

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



કહેવાય છે કે અસ્થિરં જીવિતં લોકે, ધનં યૌવાનમસ્થિરમ્; અસ્થિરાઃ પુત્રદારાશ્ચ, ધર્મઃ કેવલં સ્થિરઃ. આ લોકમાં જીવન અસ્થિર છે, ધન અને યુવાની પણ અસ્થિર છે, પુત્ર અને પત્ની પણ અસ્થિર છે, માત્ર ધર્મ સ્થિર છે. એમ પણ કહેવાય છે કે 'ન ચ યૌવનમન્નપાશેતિ ન ચ, ન ચ પત્ની ન ચ પુત્રકોડપિ, એકો ધર્મઃ સ્થાપ્યોડયમચલઃ પારલૌકિકઃ સુખમાવહતીતિ.' ન તો યૌવન અવસ્થા કાયમ ટકે છે, ન અન્ન, ન પત્ની કે ન પુત્ર. એકમાત્ર ધર્મ અચલ - અચલિત રહે છે અને પરલોકમાં સાચું સુખ આપે છે - શુદ્ધ, પવિત્ર અને શાશ્વત સુખનું કારણ બને છે. એમ પણ કહેવાય છે 'ધર્મેણહીનાઃ પશવઃ સમાનાઃ'. જેના જીવનમાં ધર્મ નથી તે માનવી પશુ સમાન છે. પશુતા એટલે અસ્થિરતા, ચંચળતા, વિચારશીલતાનો અભાવ, કામનાની આવેગયુક્ત સ્થિતિ, વિવેક તથા સંયમનો અભાવ અને માત્ર આહાર-નિદ્રા-ભય-મૈથુનયુક્ત જીવન. આવી પરિસ્થિતિમાં ધર્મનું સ્થાન સંભવી ન શકે, પરિણામે પશુ સમાન માણસ વધુને વધુ પશુતા ધારણ કરતો જાય. પશુતાથી ધર્મ જ રક્ષણ કરી શકે. જે ધર્મનું રક્ષણ કરે તેનું ધર્મ રક્ષણ કરે. ધર્મો રક્ષતિ રક્ષિતઃ બાકી બધી જ વસ્તુઓ નાશ પામે, તેનો ભંગ થઈ જાય, પરંતુ ધર્મ શાશ્વત છે અને તે દરેક પરિસ્થિતિમાં બચાવવા સમર્થ છે. એકંદરે એમ કહી શકાય કે ધર્મ એકમાત્ર સ્થિર, અડગ, અચળ, શાશ્વત છે. તેનું અનુસરણ દરેક પ્રકારની અનિત્ય પરિસ્થિતિનાં બંધનથી મુક્તિ અપાવી શકે. આ ધર્મની સ્થાપના માટે ઈશ્વર દરેક યુગમાં સંભવામિ બને છે.

આ ધર્મ એટલે સદાચાર, સત્ય, નૈતિકતા તથા સનાતની સંસ્કૃતિ મુજબની જીવનશૈલી. ધર્મ સિવાય આ લોકમાં, સૃષ્ટિમાં, બ્રહ્માંડમાં કશું જ કાયમ નથી. ધર્મ એટલે જે ધારણ કરે તે, જે આધાર આપે તે. સૃષ્ટિમાં બે જ પ્રકારનાં તત્ત્વ છે, એક જે આધારિત છે અને બીજું જે આધાર આપે છે. ધર્મ આધાર છે અને તે જેને આધાર આપે તે આધારિત છે. સૃષ્ટિમાં એક જ આધાર છે અને તે છે ધર્મ અન્ય બધું જ આધારિત છે. ધર્મને કારણે ચોક્કસ પરિસ્થિતિ સ્થાપિત થાય, તે પરિસ્થિતિને કારણે અન્ય પરિસ્થિતિ સ્થાપિત થાય, જેને કારણે અન્ય અને અંતે પરિસ્થિતિની પરંપરા સ્થાપિત થયાં કરે, પરંતુ મૂળમાં આધાર તરીકે એકમાત્ર ધર્મ હોય. આ ધર્મ એટલે પરબ્રહ્મનો સ્વભાવ, આધ્યાત્મની પરિભાષા, નૈતિકતા, કર્તવ્ય પરાયણતા અને સૃષ્ટિના સંતુલનને જાળવી રાખતી વ્યવસ્થા.

પાપ અને પુણ્ય પણ તેનું ફળ ખર્ચીત થતાં શૂન્યતાને પામે છે અર્થાત પાપ અને પુણ્યનું સ્વરૂપ પણ બદલાય છે.

સમય બદલાય છે. સ્થળ ભિન્ન ભિન્ન સ્થિતિ પ્રાપ્ત કરે છે. સંજોગો બદલાય છે. સંજોગો પ્રત્યેની સમજ બદલાય છે અને તેનાં પ્રત્યેનાં પ્રતિભાવ બદલાય છે. પરિસ્થિતિ બદલાતા સમજ અને લાગણીઓ પણ બદલાતી રહે. આજે જે યોગ્ય જણાય છે તે કાલે તેમ ન પણ જણાય. આજે જેનાં પ્રત્યે અપાર ભાવ હોય તે કાલે ઘૃણામાં પરિવર્તિત પણ થઈ શકે. આજે જેના વિશે પસંદગી છે તે કાલે નાપસંદ પણ થઈ શકે. તેથી જ કઠ ઉપનિષદની વાત સમજવા જેવી છે. અહીં નચિકેતા યમરાજ પાસે પ્રેય નહીં પરંતુ શ્રેયની માગણી કરે છે. શ્રેય એટલે જે શ્રેયકર છે અને પ્રેય એટલે જે ઇન્દ્રિયોને, મનને પ્રિય છે તે. શ્રેય માત્ર ધર્મ છે કારણ કે ધર્મ થકી જ અધર્મનો, અસત્યનો, અવિદ્યાનો, અજ્ઞાનનો, માયાનો, છ શત્રુઓનો, આસુરી પ્રકૃતિનો અને જન્મ મરણના ચક્રનો નાશ થઈ શકે.

જીવન ક્યારેય એકસરખું રહેતું નથી, વળી કોઈપણ ક્ષણે મૃત્યુ દ્વારા તે છીનવી પણ લેવાય. ધન, યૌવન, પત્ની, પુત્ર, ઘર, પરિવાર, માતા-પિતા, પદ, પ્રતિષ્ઠા, લાગણી, સંબંધ, વિચારધારા, પસંદગી, અગ્રતાક્રમ અને જ્ઞાન સમાન લગતી માહિતી જેવાં તત્ત્વો પણ નાશ પામે. અહંકારનો પણ ક્યારેક અંત આવે અને સ્વાર્થથી પણ ક્યારેક છુટકારો મળી શકે. બધું જ થોડાં સમય માટે છે, નાશવંત છે, ક્ષણિક છે, અનિત્ય છે, છૂટી જાય છે, રહી જાય છે, રૂપાંતરિત થાય છે, ભિન્ન ભિન્ન પરિણામો આપે છે અને ક્યારેક અંત તો ક્યારેક નવસર્જન પામે છે. અસ્થિરતા, ચંચળતા એ પ્રકૃતિનો નિયમ છે, બ્રહ્માંડનો સિદ્ધાંત છે, માયાનું કૃત્ય છે, કુદરતની વાસ્તવિકતા છે, સૃષ્ટિના સંચાલનની રીતનું પરિણામ છે અને તે બધાં સાથે અસ્તિત્વના મૂળમાં રહેલી 'ઈચ્છા'માં સદંતર આવતાં બદલાવનું પરિણામ છે.

અસ્થિરતા અર્થાત સ્વરૂપ-ભિન્નતા એ ભૌતિક તેમજ સૂક્ષ્મ અસ્તિત્વની વાસ્તવિકતા છે. જે નથી બદલાતું તે કારણ અસ્તિત્વ છે અથવા ધર્મ છે. માનવીના ભૌતિક અસ્તિત્વમાં શરીર અને તેની સાથે સંકળાયેલ જ્ઞાનેન્દ્રિયો તેમજ કર્મેન્દ્રિયોનો સમાવેશ થાય. આ ઇન્દ્રિયોનું સ્વરૂપ, ક્ષમતા, પસંદગી, તેમજ અગ્રતાક્રમ બદલાયાં કરે છે. માનવીના સૂક્ષ્મ અસ્તિત્વમાં અંતઃકરણના ચાર સ્વરૂપની ગણના થતી હોય છે; મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર. આ ચારેય પણ હંમેશાં અસ્થિરતાના પ્રભાવ હેઠળ હોય છે. માનવીનું કારણ અસ્તિત્વ અથવા આત્મા જ સ્થિર છે. આ આત્માનો સ્વભાવ ધર્મ છે કારણકે તે હંમેશાં પવિત્ર, શુદ્ધ, નિર્લેપ, નિર્વિકાર, અસંગ, સાક્ષીરૂપ, અજન્મા તેમજ શાશ્વત હોય છે. નથી તેની માટે જન્મ કે નથી મરણ. નથી તેની માટે ગરમી કે ઠંડી, સુખ કે દુઃખ, રાગ કે દ્વેષ કે અન્ય કોઈપણ પ્રકારનો દ્વંદ્વ. એકવાર એમ પણ કહી શકાય કે કારણ અસ્તિત્વનો આધાર ધર્મ છે અને ધર્મનો આધાર કારણ અસ્તિત્વ છે.

સમજવાનું એ છે કે આ અસ્થિર સંસારમાં સ્થિર માત્ર ધર્મ છે. જ્યારે આ સ્થિર ધર્મનો આધાર મળે ત્યારે જ 'આધારિત' સ્થિરતાને પામી શકે. અસ્થિર બાબત સહારો ન આપી શકે છતાં પણ જો તેને સહારો માનવામાં આવે તો સંતુલન જતું રહેવાની પૂરેપૂરી શક્યતા રહે. ■

ગીતા મહિમા

# ધૃતિઃ એક આંતરિક બળ

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com



ગત અંકમાં પ્રવૃત્તિ ને નિવૃત્તિ ધર્મને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ ધૃતિ એટલે ધૈર્યના ત્રણ પ્રકાર બતાવે છે.

એક સમયની વાત છે. હિમાલયની ગોદમાં વસેલું એક નાનકડું ગામ હતું. કુદરતી સૌન્દર્ય તો ઘણું હતું પરંતુ પીવાના પાણીની તંગીથી ગ્રામવાસીઓ આહત હતા. જો કે પહાડ પરથી એક મીઠા પાણીનું ઝરણું આવતું. પણ વચ્ચે સમયના ખડકોએ થર ખડકી દીધેલા, એટલે વહેણ ગામમાં આવે એવી કોઈ શક્યતા ન હતી.

આ ગામમાં એક યુવાન પ્રજાપતિ રહેતો. દેહે ક્ષીણ પણ મનથી મજબૂત ! એક દિવસ તેણે નક્કી કર્યું કે ગામના સુકાઈ ગયેલા ઝરણાને ફરી જીવાડવું. પેઢીઓથી ઝરણું સૂકાઈ ગયું હતું. મોટાઓએ કહ્યું, આવું થયું છે, તે તો ભગવાને કર્યું છે, બદલાઈ નહીં. પરંતુ યુવાને કહ્યું, ભગવાન બ્રહ્માંડમાં ફેરફાર કરી શકે છે, તો હું પ્રયત્નમાં કેમ નહીં?

તેણે નાનું દાતરડું લઈને પહાડને ખોદવાનું શરૂ કર્યું. રોજ કેટલાય કલાકો સુધી વરસાદ હોય કે તડકો, હિમપાત હોય કે અંધકાર. ગામલોકો મજાક કરતા એ તો પાગલ છે. પર્વતોને ચમચીથી ખોદવાની કોશિશ કરે છે! પરંતુ યુવાનનું મન મજાકથી નહીં, ધીરજના મૌનથી ભરેલું હતું. હા, પહાડને પણ માત આપે એવું એક જ બળ તેની પાસે હતું અડગ ધૈર્ય !

દિવસો મહિનાઓમાં ફેરાયા. પથ્થરોને હાથની ઘસાઈ નમાવતા ગયા. એક સાંજે, થાકેલી આંખો સામે અચાનક એક ટીપું ઝળહળ્યું. પહાડના હૃદયમાંથી ટપકેલું પહેલું ટીપું, જેમ સર્જનનો પ્રથમ સ્વર. તે ટીપું એ યુવાનની પીઠ પર હરિએ હાથ મૂક્યા બરાબર હતું. પછી બીજી ટપક, ત્રીજી અને થોડા સમયમાં નાનો પ્રવાહ વહી ગયો.

જ્યારે પાણીનો પહોળો ધારો ગામ તરફ વહીને આવ્યો, ત્યારે લોકોને સમજાયું. આ કોઈ ચમત્કાર નહીં, પણ ધૈર્યની સિદ્ધિ છે.

હા, ધૈર્ય એ એવી ધાતુ છે જે મનુષ્યના અંતરાત્મામાં જ્વલંત અગ્નિ જગાડે છે. જે વરસાદે ભીંજાય નહીં, મજાકે મલિન થાય નહીં અને પરિસ્થિતિઓના પવનથી બુઝાય નહીં. જે ધૈર્યને સાધે છે, તે પોતાનું જગત પોતે રચે છે.

ભગવદ્ ગીતા માનવના આંતરિક બળ 'ધૃતિ'ને ત્રણ પ્રકારથી સમજાવે છેઃ સાત્ત્વિક, રાજસિક અને તામસિક. ધૃતિ એટલે મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને સ્થિર રાખવાની આંતરિક ક્ષમતા; સંકલ્પવિકલ્પમાં અડગ રહેવાની શક્તિ; ધર્મકર્મના માર્ગમાં અવિચળ રહેવાનો સંયમ.

સાત્ત્વિક ધૃતિ એ જીવનને પ્રકાશ તરફ દોરી જાય એવી સ્થિરતા છે. જે વ્યક્તિ પોતાના જીવનમાં ધાર્મિકતા, કર્તવ્ય, સત્ય, શાંતિ અને મૂલ્યોને હૃદયપૂર્વક સ્વીકારીને તે પર અડગ રહી શકે છે તે સાત્ત્વિક ધૃતિયુક્ત કહેવાય. ગીતા કહે છે કે આ ધૃતિ મન તથા પ્રાણની સમગ્ર શક્તિને 'એકાગ્ર' બનાવે છે. વ્યક્તિ ધર્મની વાતમાં, સદાચારમાં, ભક્તિમાં, સત્યમાં અને પોતાના સ્વધર્મમાં અડગ રહે છે.

રાજસિક ધૃતિ મનુષ્યને કર્મમાં તો આગળ ધપાવે છે, પરંતુ એ અડગતા સ્વભાવથી અસ્થિર છે. અહીં ધૃતિ હોય છે, પણ તેનું કેન્દ્ર 'ફળ' છે ઇચ્છા, લાભ, સ્થાન, પ્રતિષ્ઠા. તેથી આ ધૃતિ માણસને સતત ગતિમાં રાખે છે, પણ શાંતિથી દૂર રાખે છે. રાજસિક ધૃતિથી પ્રેરિત કર્મોમાં તેજ છે, ચેતના છે, પરંતુ દિશા સ્થિર નથી. દઢતા છે, પરંતુ આંતરિક શાંતિ નથી.

તામસિક ધૃતિ માણસને અંધકાર તરફ દોરી જાય છે. આ ધૃતિ કેવળ નામની છે, પરંતુ વાસ્તવમાં 'હઠ' છે. અજ્ઞાનથી જન્મેલી સ્થિરતા. ગીતા કહે છે કે આવી ધૃતિ મનુષ્યને આળસ, નિંદ્રા, ભય, રોષ, ક્રોધ, દુર્વ્યસનો, અવિચાર અને નિરાશામાં જ બાંધે છે. વ્યક્તિ જાણે છે કે આ રસ્તો ખોટો છે, છતાં હઠપૂર્વક તેને છોડતો નથી. વિચારોમાં જડતા, નિર્ણયોમાં અનિશ્ચિતતા, અને જીવનમાં બેદરકારી! આ તામસિક ધૃતિનાં લક્ષણો છે. આ ધૃતિ વૃદ્ધિમાં અવરોધરૂપ છે, કારણ કે એ માણસને પ્રયત્ન અને પ્રગતિથી દૂર કરે છે. એ અડગ રહેવાનું ધૈર્ય નથી, પરંતુ અડગ રહેલી ભૂલ છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે આ ત્રણેયથી ભિન્ન ગુણાતીત ધૃતિ એ એવી અડગતા છે જે ગુરુની આજ્ઞાથી જીવનનું અંગ બની જાય છે. અહીં મન, બુદ્ધિ અને અહંકાર ત્રણે ગુરુના શબ્દમાં સમર્પિત થઈ જાય છે. એવી ધૃતિમાં પ્રયત્ન ગુરુની ઇચ્છાનું વિસ્તરણ બને છે; સંકલ્પ વ્યક્તિગત નહીં, અધ્યાત્મિક બની જાય છે. આવી ધૃતિમાં થાક નથી, સંશય નથી, માત્ર એક નિર્વિકાર પ્રેરણા છે.

હા, આવી ધૃતિ જીવનને દિવ્ય શાંતિ તરફ લઈ જાય છે અને મનુષ્યને પોતાના ઉચ્ચતમ સ્વરૂપ સુધી પહોંચાડે છે. ■

શ્યામ સમીપે

# રાધાને દુઃખ છે કૃષ્ણની વ્યથામાં તે ભાગ ન લઈ શકી

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

પ્રસિદ્ધ હિંદી ભાષાના કવિ હરિઔધના 'પ્રિય પ્રવાસ'ની રાધા પવનને દૂત બનાવીને પોતાના વિરહદુઃખની કથા શ્યામને સંભળાવવા ઈચ્છે છે. 'કોઈ ગમતું ફૂલ કરમાઈને ઘરમાં ક્યાંક પડ્યું હોય, તો પ્યારાના ચરણ પર લાવીને તેને નાખી દેજે, એમ કરીને કે હે પવન, બતાવી દે તેને ફૂલ જેવી બાલા એક.' આ વાતનું અનુસંધાન મળે છે જગન્નાથદાસ રત્નાકરના 'ઉદ્ધવશતક'માં - જેમાં કૃષ્ણને જમુનામાં સ્નાન કરતાં એક કરમાયેલું કમળ નજરે પડે છે, અને તેમને થાય છે કે પોતાના વિરહમાં રાધા પણ આમ જ કરમાઈ ગઈ હશે અને કૃષ્ણને દુઃખ થાય છે. કવિકુલકલ્પના આકાશમાં તો વિહરે છે. છતાં ક્યાંક અનુસંધાન મળી જાય છે. 'પ્રિયપ્રવાસ'ની વિરહકાતરા રાધા વાદળાંને જોઈને બોલી ઊઠે છેઃ

*'આ ધરતી તો શું, વ્યોમના અંકમાં પણ*
*પ્રિયના શરીરની છબિની શોભા ધારણ કરી ઘૂમતા*
*મેઘને તાકી તાકીને ઘડીઓ સુધી જોઉં છું,*
*પોતાની વાણીથી કદાચ તે કંઈ કહી જાયે.'*

ચંડીદાસની રાધા પણ કૃષ્ણવિરહમાં કાળા વાળ, મોર અને વાદળાંને જોઈને કૃષ્ણને યાદ કરે છે, ડૂમો ભરાઈ આવે છે. પ્રાચીન સંસ્કૃત મહાકવિ કાલિદાસને પણ વાદળાં અને મેઘધનુષમાં ગોપવેશધારી ઘનશ્યામ દેખાતા હતા. હિંદી ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર ધર્મવીર ભારતીની રાધા વિચાર કરે છે, 'સાંભાળ, કનુ, સાંભળ. શું હું તારા માટે ફક્ત એક સેતુ જ હતી? લીલાભૂમિ અને કુરુક્ષેત્રના અલંઘ્ય અંતરાલમાં?' તેના દુઃખી હૃદયને શાંતિ નથી, કૃષ્ણના જીવનમાં પોતે કંઈ નહીં?

દરેક યુગના કવિઓએ એ સમયખંડને અનુસરી રાધાને જાણવા-સમજવા પ્રયત્ન કર્યો છે. રાધા શાશ્વત છે. કૃષ્ણ પ્રત્યેના પ્રેમને કોઈ સ્થળ કે કાળની સીમા નથી અને પ્રત્યેક કવિહૃદયમાં પ્રેમભરી રાધિકાનું જુદું જુદું આલેખન થયું છે. હરિઔધના 'પ્રિય પ્રવાસ'માં રાધાના વિયોગ અને વિરહનું ઉદાત્તીકરણ કરવામાં આવ્યું છે-

*'હૃદયતળના ભાવ એવા અનોખા થઈ જવાથી*
*મેં પરમ ગરિમાવાળા બે નિરાળા લાભ મેળવ્યા.*
*મારા મનમાં અનુપમ મહાવિશ્વ પ્રત્યે પ્રેમ જાગ્યો*
*મેં જોયા મારા પ્રાણેશમાં જ પરમ પ્રભુને.'*

તે પોતાના વ્યક્તિગતપ્રેમને સમદૃષ્ટિના પ્રેમમાં પરિણત કરી દે છે. એ રીતે લોકસેવારત સ્ત્રી બનીને રાધા વિશ્વના દુઃખી સંતપ્ત લોકોની સેવા દ્વારા પ્રેમનો વાસ્તવિક આદર્શ પામે છે. એ ફક્ત વિરહી બનીને પ્રિયતમના વિયોગમાં આંસુ વહાવતી નથી.

બીજું કાવ્ય જોઈએ, પ્રહ્લાદ પારેખનું. એકાકી રાધાને કૃષ્ણની શોધ માટે પૂછ્યું, 'રાધાએ કહ્યું કે તેણે આંખોને ઘણી વાર કૃષ્ણને શોધવા



મોકલી, પરંતુ સેંકડો કા'ન દેખાયા, ઘણી ગોપી લઈને રાસલીલા રમતા, કોઈ મટકી ફોડતા, કોઈ વળી દાણ માગતા, કોઈ બંસી પણ બજાવે. રાધાને વિમાસણ થઈ, 'શોધવા કેમ મારાને, કા'નના આ મહાધણે?'

*'પરંતુ જિંદગાનીની આ વહે જમુના અહીં*
*રાહ જોઈશ કા'નાની તીરે ઊભી રહી.*
*જાણું છું જલમાં તેના, નાગ કાલિય ઘૂમતો*
*હજારો જિંદગાનીને મૃત્યુનો દંશ આપતો*
*હજારો જિંદગીમાં કાલકૂટ ભરી જતો*
*કાન મારો તજી બંસી, રાસલીલા તજી દઈ.*
*દાણ બાકી બધાં રાખી, કૂદશે નીર આ મહીં*
*નાથશે નાગને, એની સહસ્રફેણ ચાંપશે*
*જિંદગી - જમુનામાંથી બા'ર એને ફગાવશે.'*

પછી આ રાધા બધું દાણ ચૂકવી દેશે. આ રીતે રાધા આધુનિક વિશ્વમાં પણ પ્રવેશે છે.

મૈથિલીશરણ ગુપ્તના 'દ્વાપર'માં રાધા જાણે છે કે 'મારા પ્રેમથી હરિ, તારી તૃષા નહીં છીપે. તું તારે રસ્તે જવા નીકળી જજે.' હવે એ લોકોપકારી બને છે, તેનાં બધા કાર્ય સેવા માટે છે. વ્રજવાસીઓના દુઃખે દુઃખી થાય છે. 'કૃષ્ણને જગતની પીડા જેમાં પડીને અરે છૂટી ગઈ વ્રજની તે ક્રીડા.' રાધાને દુઃખ છે કૃષ્ણની વિશ્વવિષયક વ્યથામાં તે ભાગ ન લઈ શકી. એ ફક્ત શૃંગાર પ્રેમની નાયિકા નથી રહી. તેનું ધ્યાન કર્તવ્યપથ પર હવે છે.' શ્યામકાંત પાઠકના 'શ્યામસુધા' કાવ્યમાં રાધાને થાય છે, વાતો મેં ઘણી કરી, લોકસેવાકલાની, તો શું પ્રિય તમે મારી કડક પરીક્ષા લઈ રહ્યા છો?'

રાધા પર અનેક ગ્રંથો પ્રાચીન છે અને દરેક ગ્રંથકારે પોતપોતાની રીતે વાત રજૂ કરી છે. કથાઓ અને ઉપકથાઓ જોડી છે. મૂળ સંસ્કૃતમાં લખાયેલાં પુસ્તકો પણ તેમાં અપવાદ નથી. તેમાં રાધાનું દૈવી કે માનવી રૂપ મળે છે. એટલું એ જુદું થાય, પણ, દરેકમાં રાધાકૃષ્ણના અનન્ય પ્રેમની વાત તો આવે જ. ગર્ગસંહિતા પ્રમાણે રાધાએ શ્રીકૃષ્ણને પામવા તુલસી-વ્રત કરવાનું નક્કી કર્યું. વ્રત સમાપ્તિ પછી શ્રીકૃષ્ણે એક ગોપીરૂપ ધારણ કરી રાધાના પ્રેમની કસોટી કરવાનું નક્કી કર્યું. એક સુંદર ગોપી બની રાધા પાસે આવ્યા. રાધા સાથે મૈત્રી કરી. બીજે દિવસે રાધા પાસે આવી નંદસુત કૃષ્ણની બૂરાઈ કરી. ગોરસની માટલી તોડી. દહીં ખાઈ ગયો. આવા સાથે રાધા પ્રેમ કરી શકે, જે ન ધનવાન, ન વીર, ન સુશીલ, જાતનો ગોવાળ, પાછો રંગ પણ શ્યામ? આશ્ચર્યચક્તિ થઈને રાધાએ કૃષ્ણના ગુણો અને પરાક્રમનું વર્ણન કર્યું. ગોપદેવીએ રાધાને આહ્વાન કરી કહ્યું કે શ્રી હરિ પરમાત્મા કૃષ્ણ તમારી વાતનો આવીને જવાબ આપે તો આ સાચું.

રાધાએ આ ચેલેન્જ સ્વીકારી, જો રાધા બોલાવે અને કૃષ્ણ નહીં આવે તો રાધા પોતાનું સમસ્ત ધન આ સખીને આપી દેશે. રાધાએ એક મનથી ધ્યાન ધર્યું અને શ્રીકૃષ્ણ રાધાનો પ્રેમ જોઈ તરત પ્રગટ થયા. ભારતના પ્રાચીન સંસ્કૃત મહાકવિ કાલિદાસે 'કુમારસંભવમ્' મહાકાવ્યમાંથી આવી જ એક સુંદર ગૂંથણી કરી છે. નગાધિરાજ હિમાલયસુતા પાર્વતી શંકરને પતિ તરીકે પામવા કઠોર તપસ્યા કરતી હતી. છેવટે શંકર બટુક સતપસ્વી વેશે ત્યાં આવ્યા અને જાણ્યું કે પાર્વતી શંકરને પામવા તપ કરતી હતી. પછી તેમણે શંકરની ખૂબ નિંદા કરી, એ કઠોર શંકર તો વાઘાંબરધારી, ભભૂત લગાવે, સર્પોની માળા, સ્મશાનમાં રહે, પાર્વતી જેવી સુંદર સુકુમાર કન્યાને માટે યોગ્ય પતિ ન જ કહેવાય. પાર્વતી અને છદ્મવેશધારી શંકર સાથે સંવાદ થયો. શંકરે તો કહી જ દીધું. વદ પ્રદોષે સ્ફુટચંદ્રતારકા વિભાવરી યદિ અરૂણાય કલ્પતે - તારા અને ચંદ્રથી શોભતી રાત્રિ પ્રારંભમાં જ થોડો અરુણ (અંત)નો વિચાર કરે? છેવટે ક્રોધિત થઈને પાર્વતીએ જવા પગ ઉપાડ્યો, ત્યારે શંકર મૂળ સ્વરૂપે પ્રગટ થયા અને પાર્વતી ન જઈ શકી, કે ન થોભી શકી. ન યયૌ ન તસ્થૌ. અંતે નિરવધિ નિર્વ્યાજ પ્રેમ જ રહે છે.■

વિશેષ

# તત્ત્વત્રયીઃ એ સમજણ જે આત્માને પરમાત્મા બનાવે છે

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

જૈન દર્શનમાં મુખ્યત્વે ૭ કે ૯ તત્ત્વો (તત્ત્વાર્થ) પ્રખ્યાત છે, પરંતુ આત્માની ઉન્નતિ અને આધ્યાત્મિક વિકાસના સંદર્ભમાં, 'તત્ત્વત્રયી' (આત્માની ત્રણ શ્રેણીઓ) નું વર્ણન જોવા મળે છે. ત્રણ મુખ્ય તત્ત્વો મુખ્યત્વે આત્માની ત્રણ સ્થિતિઓ અથવા આત્માના સ્વભાવનો ઉલ્લેખ કરે છે. શું છે આ તત્ત્વત્રયી?

**બહિરાત્માઃ** જે આત્મા શરીરને આત્મા માને છે અને સાંસારિક પદાર્થો સાથે જોડાયેલો છે તેને બહિરાત્મા કહેવામાં આવે છે. આ આત્માની મૂર્ખ અથવા અજ્ઞાની સ્થિતિ છે. સંસારમાં આપણામાંથી મોટાભાગના લોકો આ જ સ્થિતિમાં જીવે છે અને મૃત્યુ પામે છે. હું કોણ છું? શા માટે આ સંસારમાં આગમન થયું છે? જેવા પ્રશ્નો આપણે વિચારવા માગતા નથી. આપણે બાહ્ય સૌંદર્ય, શરીરના સુખ, સફળતા, ઐશ્વર્ય તેના માટે જીવીએ છીએ. આપણે ઈશ્વર પાસે બીજું શું માગીએ છીએ? રોજ ઈશ્વર સામે હાથ જોડીને મોક્ષ તો માગતા નથી! આધુનિક જમાનાનું શિક્ષણ પણ એ જ શીખવે છે. પરિણામે નવી પેઢી ઈશ્વર, આત્મા, પુણ્ય-પાપ, વગેરેમાં માનતી જ નથી.

પણ જો ઈશ્વરકૃપાથી બહિરાત્માથી આપણે આગળ વધીએ તો?

**અંતરાત્માઃ** જ્યારે આત્મા તેના સાચા સ્વભાવ (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ને સમજે છે અને વિવેક (આત્મા અને શરીર વચ્ચેનો તફાવત) દ્વારા આત્મ-સાક્ષાત્કારમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે તેને અંતરાત્મા કહેવામાં આવે છે. તેને જાગૃત આત્મા અથવા મહાત્મા પણ કહેવામાં આવે છે.

આપણે જે પણ વ્રત, તપ, જપ, અનુષ્ઠાન, કરીએ છીએ તે બધું જ આ અંતરાત્મા માટે છે. કારણ, સાચો આત્મા તે જ છે. એ આત્માએ અઘોને રાખેલો આંચળો એટલે આ શરીર. આત્મા અજન્મા છે, અમર છે, અવિનાશી છે.

એકવાર આત્માને ઓળખી લઈએ પછી તો આપણે કહીએ જ છીએ, કે આત્મા સો પરમાત્મા! તો ત્રીજું ચરણ શું હશે?

**પરમાત્માઃ** જ્યારે આત્મા કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને (નિર્જરા અને મોક્ષ) કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે તે પરમાત્મા બને છે. આ આત્માની સર્વોચ્ચ, શુદ્ધ અને મુક્ત સ્થિતિ છે.



ભારતમાં જેમના મૂળ છે, તેવા બધા જ ધર્મનું અંતિમ લક્ષ આત્માની આ પરમ અવસ્થા પ્રાપ્ત કરવાનું છે. પરમાત્મા બનવાનું છે અથવા કહીએ તો જીવમાંથી શિવ બનવાનું છે. શાસ્ત્રોના બધા જ ઉપદેશોનું અંતિમ લક્ષ્ય પણ આત્માને મોક્ષના આ માર્ગ તરફ દોરી જવાનું છે. સવાલ માત્ર એટલો કે આપણી તૈયારી કેટલી છે.

જૈન દર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય આ ત્રણ અવસ્થાઓને સમજવાનો અને સાત તત્ત્વો (જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ) માં સાચી શ્રદ્ધા રાખવાનો છે, જેથી આત્મા બહિરાત્મામાંથી, અંતરાત્મામાં પરિવર્તિત થઈ શકે અને અંતે પરમાત્મા બની શકે.

ભારતના ધર્મો વચ્ચે જુદાપણું હોવા છતાં કેટલું એકત્વ છે તેનું ઉદાહરણ પણ અહીંયા જોવા મળે છે. જૈન દર્શનની તત્ત્વત્રયીને જો સનાતન દર્શનની તત્ત્વત્રયી સાથે સરખાવીએ તો સમજાય કે શબ્દો કદાચ અલગ હોય, કહેવાની રીત અલગ હોય તો પણ મૂળ વાત એ જ છે.

સંતાનમાં, 'તત્ત્વ ત્રય' એ મુખ્યત્વે શ્રી વૈષ્ણવ સંપ્રદાય (વિશિષ્ટાદ્વૈત ફિલસૂફી)ની એક મહત્ત્વપૂર્ણ વિભાવના છે, જેનું વર્ણન પિલ્લઈ લોકાચાર્ય દ્વારા કરવામાં આવ્યું છે.

**ચિત્ઃ** આનો અર્થ જીવાત્મા અથવા ભોક્તા થાય છે, જે ચેતન છે, જે કર્મ અને મોક્ષનો અનુભવ કરે છે. જૈન દર્શનમાં આ જ અંતરાત્મા કહેવાયો છે.

**અચિતઃ** આનો અર્થ 'જડ પદાર્થ' અથવા 'ભોગ્ય' (પ્રકૃતિ) થાય છે. આ એ ભોગ્ય છે જેમાં ચેતના નથી. જૈન દર્શનમાં તેને જ બહિરાત્મા કહ્યો છે. શરીર પણ જડ છે. આપણે તેને ચેતન માની બેઠા છીએ. અને જે ચેતન છે તેનું તો અસ્તિત્વ જ સ્વીકારતા નથી.

**ઈશ્વરઃ** જેનો અર્થ 'પરમ આત્મા' અથવા 'નિયંતા.' પરમ ચેતન સત્તા જે ચેતન અને અચેતન બંનેને નિયંત્રિત કરે છે. તે જ જૈન દર્શનમાં પણ પરમાત્મા છે.

જે ચિત્ છે, તે જ સત છે અને તે જો સમજાય જાય તો આત્મા જે મોક્ષની અવસ્થાએ પહોંચે તે જ આનંદ છે. તે જ પરમાત્મા બની જવાની અવસ્થા, જેને સચ્ચિદાનંદ અવસ્થા છે. શ્રીમદ્ ભગવદગીતામાં તો ભગવાન કૃષ્ણએ ઠેરઠેર આત્માની વાત અલગ અલગ રીતે કરી છે. અર્જુનને કહેવા દ્વારા સંસારના પ્રત્યેક મનુષ્યને વિષાદમાંથી મુક્ત કરવાનો ન ભૂતો ન ભવિષ્યતિ એવો ઉપદેશ આપ્યો છે. મનુષ્યને સમજાવ્યું છે કે આત્મા અવિનાશી છે. સાચું કહું તો, મને એવું લાગે છે કે અર્જુન અને કૃષ્ણ બે ભિન્ન વ્યક્તિ છે જ નહીં, એક જ છે. અર્જુન એ આપણું મન છે જે વિષાદ કરે છે અને કૃષ્ણ આપણો આત્મા છે, જે આપણને યાદ કરાવે છે કે તારામાં બેઠેલો હું આત્મા છું, માટે હે મનુષ્ય વિષાદથી મુક્ત થઈને તારું કર્મ કરતો રહે. ■

# કોલંબિયામાં ત્રાસવાદી હુમલોઃ ૧૩નાં મોત, ૩૮ ઘાયલ

બોગોટા (કોલંબિયા)ઃ અગ્નિ કોલંબિયામાં બસમાં સ્ફોટ થતાં ૧૩ જણ મરણ પામ્યા હતા અને બીજા ૩૮ જણ ઘાયલ થયા હતા. દેશના લશ્કરી વડાએ આને આતંકવાદી હુમલો ગણાવ્યો હતો. કેફીદ્રવ્યોની હેરફેર કરનારા સાથે કડી ધરાવતી હિંસા વધતી જાય છે.

કોકા રીજનના ગવર્નર ઓક્ટેવિયો ગુઝમેને એક્સ પર લખ્યું હતું કે બસ કાજિબોની મ્યુનિસિપાલિટીના પાનઅમેરિકન હાઈવે પર મુસાફરી કરી રહી હતી ત્યારે એમાં વિસ્ફોટક ડીવાઈસને ફોડવામાં આવ્યો હતો. કોકાનાં આરોગ્ય સચિવ કેરોલિના કામાર્ગોએ માહિતી આપી હતી કે ઘાયલોમાં પાંચ બાળકનો સમાવેશ થાય છે.

કોલંબિયાના લશ્કરી દળોના સેનાપતિ જનરલ હુગો લોપેઝે કહ્યું હતું કે આ આતંકવાદી કૃત્ય હતું. તેમણે આ હુમલા માટે કોલંબિયાના મોસ્ટ વોન્ટેજ મેન ઈવાન મોર્ડિસ્કો અને જૈમે માર્ટિનેઝના જૂથના નેટવર્કને દોષિત ઠરાવી હતી.

૨૦૧૬માં કરાયેલા શાંતિ કરારને માનવાનો મોર્ડિસ્કો અને જૈમે માર્ટિનેઝે ના પાડી છે.

કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ આ હુમલાની નિંદા કરી છે. તેમણે કહ્યું હતું કે જે લોકોએ હુમલો કરીને સાત નાગરિકોને મારી નાખ્યા હતા અને બીજા ૧૭ને ઘાયલ કર્યા હતા એ લોકો આતંકવાદી, ફાંસિસ્ટ અને કેફીદ્રવ્યોની હેરફેર કરનારા છે. આ હુમલો જાહેર માળખાકીય સુવિધાને તોડી પાડવા માટે કરાયો હતો. (એજન્સી) ■



**પૂજાઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મથુઆ ઠાકુર મંદિરની મુલાકાત લઈને દર્શન કર્યાં હતાં. (પીટીઆઈ)

# રાજસ્થાનમાં કાર પલટી જતાં ત્રણનાં મોત

જયપુરઃ રાજસ્થાનના ઝુનઝુનુમાં મંડ્રેલા રોડ પર રવિવારે એક કાર પલટી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે એક ઘાયલ થયો હતો. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર રખડતું પ્રાણી ચાલતી કારની સામે આવી જતાં ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે અકસ્માત સર્જાયો હતો. પોલીસે કહ્યું કે કાર પલટી ગઇ, અમુક મીટર દૂર સુધી ફંગોળાઇ અને એક ખેતરમાં જઇને પડી હતી. કારમાં સવાર ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

મૃતકોની ઓળખ વિજય, ગૌરવ અને સુનિલ તરીકે થઇ છે. જે બધા ઝુનઝુનુના રહેવાસી હતા. જ્યારે ઘાયલ જીતેન્દ્રને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં તેને ગંભીર હાલતમાં જયપુર ખસેડવામાં આવ્યો હતો. પીડિતો સોનસરમાં એક ભજન કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# પોલીસે ફરજ દરમિયાન ચંદન-તિલક કરવા નહિઃ બિહાર ડીજીપીનો આદેશ

પટનાઃ બિહાર પોલીસના ડીજીપી વિનય કુમારે એક આદેશ જારી કરતા રાજ્યભરમાં નવી ચર્ચા શરૂ થઇ ગઇ છે. ડીજીપીએ શનિવારે કડક સૂચના આપી હતી કે ફરજ દરમિયાન પોલીસ અધિકારી કપાળ પર તિલક કે ચંદનના ટીકા જેવા કોઇપણ પ્રકારના ધાર્મિક ચિહ્નનો ઉપયોગ કરી શકશે નહીં.

ડીજીપીએ આને પોલીસ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન ગણાવતા સ્પષ્ટતા કરી હતી કે નિયમોની અવગણના કરનારાઓ સામે કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. ડીજીપી વિનય કુમારે કહ્યું કે પોલીસ દળની એક વ્યાવસાયિક છબી હોવી જોઇએ. નવા નિર્દેશો મુજબ પોલીસ અધિકારીઓએ ફરજ દરમિયાન ટોપી અને બેલ્ટ પહેરવો ફરજિયાત છે. જેના વિના યુનિફોર્મ અધૂરો માનવામાં આવશે.

આ સાથે મહિલા પોલીસ અધિકારીઓ માટે પણ નિર્દેશ જારી કરવામાં આવ્યા છે. મહિલા અધિકારીઓએ ફરજ દરમિયાન જરૂરિયાતથી વધુ પડતો મેકઅપ ન કરવા જણાવાયું છે. વહીવટીતંત્રનું માનવું છે કે આ ફેરફારોથી પોલીસ દળની વ્યક્તિગત ઓળખ કરતાં તેની સત્તાવાર ઓળખને પ્રાધાન્યતા મળશે.

બિહાર પોલીસે તિલક ઉપરાંત ડિજિટલ શિસ્ત પર પણ ભાર મૂક્યો છે. હવે કોઇપણ પોલીસ અધિકારી યુનિફોર્મમાં વીડિયો કે રીલ બનાવીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી શકશે નહીં. પોલીસ વિભાગનું માનવું છે કે યુનિફોર્મમાં આ પ્રકારની પ્રવૃતિઓ વિભાગની ગોપનીયતા અને છબી માટે ખતરો ઊભો કરી શકે છે. જો કોઇ પોલીસ અધિકારી યુનિફોર્મમાં પ્રચાર-પ્રસાર કરતો જોવા મળશે તો તેને વિભાગીય કાર્યવાહીનો સામનો કરવો પડશે. ■

# ઉત્તર ભારતમાં ભારે ગરમી

નવી દિલ્હીઃ ઉત્તર ભારતમાં રવિવારે ઘણી જગ્યાએ તાપમાન ૪૦ અંશ સેલ્સિયસથી વધુ રહ્યું હતું. લૂ લાગવાથી અનેક લોકોની તબિયત બગડી હતી. હવામાન ખાતાએ આગાહી કરી છે કે ૨૭ એપ્રિલ સુધી આવી કાળઝાળ ગરમી ચાલુ રહેશે. ૨૮ એપ્રિલ પછી વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે અમુક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડવાથી મહત્તમ તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી નીચે જઈ શકે. આ સમયે પવનની ઝડપ એક કલાકદીઠ ૩૦-૪૦ કિલોમીટર હોઈ શકે. આવું હવામાન બીજી મે સુધી પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં રહેશે. જોકે ત્યાર બાદ નવો હીટવેવ આવશે.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં કાળઝાળ ગરમી પડી હતી. રાત્રે પણ હવામાન થોડું ગરમ રહે એવી આગાહી છે.

દરમિયાન કાળઝાળ ગરમીને લીધે અયોધ્યાના રામમંદિરમાં દર્શન કરવા આવતા ભાવિકોની સંખ્યા ઘટી ગઈ છે. સત્તાવાળાઓએ અયોધ્યા અને વારાણસીનાં મોટાં મંદિરોમાં મુલાકાતીઓને ગરમીથી રાહત આપવા ખાસ વ્યવસ્થા કરી છે. હવામાન ખાતાએ અયોધ્યામાં મહત્તમ ઉષ્ણતામાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ હોવાનું નોંધ્યું હતું. આગામી ૭૨ કલાકમાં અયોધ્યામાં ઉષ્ણતામાન ૪૦ ડિગ્રીથી વધારે રહે એવી આગાહી છે.

રામમંદિરના ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રે કહ્યું હતું કે વેઈટિંગ રૂમમાં એ કૂલર રાખવામાં આવ્યા છે અને તેની ક્ષમતા ૩,૦૦૦ લોકોની છે.

મેયર ગિરીશપતિ ત્રિપાઠીએ કહ્યું હતું કે અયોધ્યા મ્યુનિસિપલ કોર્પોરેશન રામપથ અને નજીકના વિસ્તારોમાં તાપમાન નીચે લાવવા ફોગિંગ મશીનથી પાણીનો છંટકાવ કરે છે.

સામાન્ય સંજોગોમાં મંદિરમાં દર્શનાર્થે એક લાખ શ્રદ્ધાળુ આવે છે, પરંતુ હીટવેવને લીધે આ સંખ્યા ૪૦,૦૦૦ થઈ ગઈ છે.

રામલલાને પણ ઠંડક મળે એ માટે તેમના આહારમાં લસ્સી, ફળોના રસ (ખાસ કરને કેરીનો રસ)નો સમાવેશ કરાયો છે. મૂર્તિને ઠંડા પાણીથી સ્નાન કરાવામાં આવે છે અને તેમને કોટનના કપડાં પહેરાવામાં આવે છે. કાશી વિશ્વનાથ મદિરમાં મૂર્તિ પર પરંપરાગત ફુવારો મૂકવામાં આવ્યો છે.

દરમિયાન જમ્મુના પાંચ જિલ્લામાં હવામાન ખાતાએ હીટવેવની ચેતવણી આપી છે. જોકે કેન્દ્રશાસિત પ્રદેશના બીજા ભાગોમાં હવામાન ખુશનુમા રહેવાની આગાહી છે. કાશ્મીરમાં ૪૮ કલાકમાં વરસાદ પડવાની આગાહી છે. (એજન્સી) ■

# અમેરિકામાં પ્રમુખો પર હુમલાનો લોહિયાળ ઈતિહાસ, ચાર પ્રમુખની થઈ છે હત્યા

વોશિંગ્ટનઃ અમેરિકાને દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ માનવામાં આવે છે. તે પોતાને વિશ્વનો સૌથી જૂનો લોકશાહી દેશ ગણાવે છે. રવિવારે વોશિંગ્ટનમાં પ્રમુખ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના કાર્યક્રમમાં થયેલા ગોળીબારથી આ લોહિયાળ ઇતિહાસ વિશે ચર્ચાઓ ફરી શરૂ થઈ છે.

અત્યાર સુધીમાં અમેરિકાના સાત પ્રમુખો પર હુમલો કરાયો છે જેમાંથી ચાર પ્રમુખની હત્યા થઈ છે.

અમેરિકન રાજકારણમાં પ્રથમ રાષ્ટ્રપતિની હત્યા ૧૪ એપ્રિલ, ૧૮૬૫ના રોજ થઈ હતી. વોશિંગ્ટન ડી.સી.ના ફોર્ડના થિયેટરમાં પ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા કરવામાં આવી હતી. પ્રખ્યાત અભિનેતા જોન વિલ્કસ બૂથે તેમના માથાના પાછળના ભાગમાં ગોળી મારી હતી; તેમનું બીજા દિવસે ૧૫ એપ્રિલે મૃત્યુ થયું હતું.

લિંકનની હત્યાના ૧૬ વર્ષ પછી અમેરિકામાં બીજા પ્રમુખની હત્યા ૧૮૮૧માં થઈ હતી. તત્કાલીન પ્રમુખ જેમ્સ એ. ગારફિલ્ડની વોશિંગ્ટન, ડી.સી.માં બે જુલાઈ, ૧૮૮૧ના રોજ પદ સંભાળ્યાના માત્ર ચાર મહિના પછી હત્યા કરવામાં આવી હતી. ચાર્લ્સ જે. ગિટો નામના એક બેરોજગાર વ્યક્તિએ તેમની હત્યા કરી હતી.

ગારફિલ્ડની હત્યાના ૨૦ વર્ષ પછી અમેરિકાના પ્રમુખ પર હત્યાનો પ્રયાસ થયો હતો. અમેરિકાના ૨૫મા રાષ્ટ્રપતિ વિલિયમ મેકકિનલી હતા. છ સપ્ટેમ્બર, ૧૯૦૧ના રોજ ન્યૂયોર્કના બફેલોમાં પેન-અમેરિકન એક્સપોઝિશન દરમિયાન તેમને ગોળી મારી દેવામાં આવી હતી. તેમની હત્યા લિયોન ચોલગોઝ નામના વ્યક્તિએ કરી હતી. પ્રમુખને પેટમાં બે વાર ગોળી વાગી હતી. આઠ દિવસ પછી ૧૪ સપ્ટેમ્બર, ૧૯૦૧ના રોજ પ્રમુખનું સારવાર દરમિયાન મૃત્યુ થયું.

અમેરિકન પ્રમુખ પર જીવલેણ હુમલાની સૌથી ચોંકાવનારી ઘટના ૧૯૬૩માં બની હતી. અમેરિકાના ૩૫મા પ્રમુખ જોન એફ. કેનેડી હતા. ૨૨ નવેમ્બર, ૧૯૬૩ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે કેનેડી પર ટેક્સાસના ડલ્લાસમાં તેમની પત્ની જેક્લીન સાથે ખુલ્લા વાહનમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો. લી હાર્વે ઓસ્વાલ્ડે ગોળી મારી હતી. ગરદન અને માથામાં ગોળી વાગતા તેમનું મોત થયું હતું. આ હુમલા બદલ લી હાર્વે ઓસ્વાલ્ડેની ધરપકડ કરાઈ હતી પરંતુ બે દિવસ પછી જેક રૂબીએ તેની હત્યા કરી હતી. ગોળીબારમાં ચાર અમેરિકી પ્રમુખોની હત્યા ઉપરાંત અલગ અલગ સમયે ત્રણ અન્ય અમેરિકી પ્રમુખો પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જેમાં ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ, રોનાલ્ડ રીગન અને ડોનલ્ડ ટ્રમ્પ સામેલ છે .

ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ પર હુમલો ૧૫ ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ ફ્લોરિડાના મિયામીમાં થયો હતો. ભાષણ દરમિયાન અચાનક તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

૩૦ માર્ચ, ૧૯૮૧માં રોનાલ્ડ રિગન પર જોન હિંકલી જુનિયર નામના એક વ્યક્તિએ વોશિંગ્ટન હિલ્ટન હોટલની બહાર ગોળીબાર કર્યો હતો. રિગનને છાતીમાં ગોળી વાગી હતી, પરંતુ તેઓ સારવાર બાદ બચી ગયા હતા. આ હુમલામાં પ્રેસ સેક્રેટરી જેમ્સ બ્રેડી સહિત ત્રણ અન્ય લોકો પણ ઘાયલ થયા હતા. ■



**આગઃ** રવિવારે ગુરુગ્રામમાં પ્લાસ્ટિકના કારખાના અને ગોદામમાં આગ લાગતા ઘટનાસ્થળે આગ ઓલવવા ફાયર ફાઈટર આવ્યાં હતાં. (પીટીઆઈ)





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ડગુમગુ | સ્વચ્છ |
| ડફોળ | સ્થિર |
| ડરપોક | સાલસ |
| ડહોળું | નીડર |
| ડામીજ | ચાલાક |

## માતૃભાષાની મહેક

ચ ગુજરાતી ભાષાના મૂળાક્ષરોનો સત્તરમો અઘોષ વ્યંજન છે. ચ અને છ ને બદલે કોઈ વાર બોલવામાં સ વપરાય છે. સંસ્કૃત ત્યનો ગુજરાતીમાં ચ થાય છે. જેમકે, સત્યનું સાચ, નૃત્યનું નાચ. લહિયાઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી, કારણ કે તેઓ માને છે કે ચ ચલ જાવે.

## ગુજરાત મોરી મોરી રે

પ્રાચીન ભારતની વાસ્તુકલા અને બૌદ્ધ ધર્મના પ્રારંભિક દોરનું પ્રતિનિધિત્વ કરતી બાવા પ્યારા ગુફાઓ ગુજરાતના કયા શહેરમાં સ્થિત છે?

અ) કરમસદ  બ) પાટણ  ક) ગોધરા  ડ) જૂનાગઢ

## ઈર્શાદ

*બજે જ્યાં બિન મીઠું ત્યાં ન હરણી આવજે પાસે,*
*વિંધાવું બાણથી પડશે, મજા છે દૂર રહેવામાં!*

--- પરમાનંદ મણિશંકર ભટ્ટ

## શબ્દલાલિત્ય

કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | | ૬ |
| ૭ | | | | | ૮ | | | | |
| | | ૯ | | | | | | ૧૦ | |
| ૧૧ | ૧૨ | | | | ૧૩ | | ૧૪ | | |
| | ૧૫ | ૧૬ | | | | | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | | ૨૧ | | |
| | | ૨૨ | ૨૩ | | | ૨૪ | | ૨૫ | ૨૬ |
| ૨૭ | | | | | ૨૮ | | | | |
| | | | ૨૯ | ૩૦ | | | | ૩૧ | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

### આડી ચાવી

૧. ભેદભાવની લાગણી, તરફદારી (૪)
૪. સરખી ઉંમરનો, પ્રતિસ્પર્ધી (૫)
૭. ભય, બીક (૨)
૮. ભસ્મ, રાખ (૨)
૯. દિલ (૩)
૧૦. મેંદી (૨)
૧૧. ઝરૂખો (૨)
૧૩. એક જાતના કીડાની લાળના તંતુમાંથી બનતું કાપડ (૩)
૧૫. ---માં ઘર નહીં ને સીમમાં ખેતર નહીં (૨)
૧૭. માગશર અને પોષ મહિનાની ઋતુ (૩)
૧૯. અમીર, જાગીરદાર (૩)
૨૧. દીવાની જોત (૨)
૨૨. પ્રયત્ન (૩)
૨૫. ટેવ, વ્યસન (૨)
૨૭. હવન, હોમ (૨)
૨૮. ગંદું (૩)
૨૯. આપણું રાષ્ટ્રિય પક્ષી (૨)
૩૧. કાબેલ કે પક્કો (માણસ( (૨)
૩૨. નામ પાડવાનો વિધિ (૫)
૩૩. બાળપણ (૪)

### ઊભી ચાવી

૧. પૂછપરછ (૪)
૨. ખારાશવાળું તત્ત્વ (૨)
૩. દૂધ જેવું સફેદ પાણી (૪)
૪. મિત્ર (૨)
૫. જગાની છૂટ (૪)
૬. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૧૨. ચાલાકી, ચતુરાઈ (૩)
૧૩. રખડતું, સંભાળ વિનાનું (૨)
૧૪. ઉમાપતિ (૩)
૧૬. માખણ (૩)
૧૮. શુભ, કલ્યાણકારી (૩)
૨૦. લગામ (૨)
૨૩. સર્વશ્રેષ્ઠ હોય તે (૪)
૨૪. --- અને ચાલીસ ચોરની વાર્તા નાનામોટા સૌને ગમે (૪)
૨૬. તદ્દન પલળી ગયેલું (૪)
૨૭. દિલ્હીમાં વહેતી નદી (૩)
૩૦. રેતીનું મેદાન (૨)
૩૧. ---માં કહેવા નહીં ને મામામાં મણાં નહીં (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | વં | ૨ વ્યા | ૩ પી | | ૪ મા | હિ | ૫ ત | ૬ ગા | ર |
| હ | | ૭ કુ | ળ | વા | ન | | ૮ પ | ય | |
| ૯ દે | ૧૦ વ | ળ | | | હા | | ન | | ૧૧ જ |
| ૧૨ વ | ર | | ૧૩ ફા | | ૧૪ નિ | ત્ય | | | ન |
| | જં | | ૧૫ નિ | શા | | | ૧૬ સ | ૧૭ બ | ક |
| ૧૮ સુ | ગ | મ | | | ૧૯ શ્રા | ૨૦ પ | | દ | |
| શી | | | ૨૧ શુ | ૨૨ ક | | ત્રી | | ૨૩ ના | ૨૪ ના |
| લ | | ૨૫ ઉ | | ટ | | | ૨૬ અ | મિ | ત |
| | ૨૭ સુ | ધા | | ૨૮ ક | લ | ૨૯ ર | વ | | વ |
| ૩૦ અં | ત | ર | પ | ટ | | ૩૧ સ | ધિ | યા | રો |

## ઓળખાણ પડી?



વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નામાંકિત બૌદ્ધિક આસ્થાનું પ્રતીક એવું જોખાંગ ટેમ્પલ કઈ જગ્યાએ આવેલું છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) બાંગ્લાદેશ  બ) ભૂતાન  ક) તિબેટ  ડ) મ્યાનમાર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'જે પણ દીધું એ બધું વેતરીને દીધું' પંક્તિમાં વેતરીનો અર્થ શું થાય એ જણાવો.

અ) રંગવું  બ) વધારવું  ક) કાપવું  ડ) બગાડવું

## માઈન્ડ ગેમ

દુનિયાના દેશોમાં વિવિધ ચલણથી આપસમાં વ્યવહાર થાય છે. ટકા તરીકે ઓળખાતું ચલણ કયા દેશમાં અસ્તિત્વમાં છે એ જાણો છો?

અ) જાપાન  બ) શ્રીલંકા  ક) નેપાળ  ડ) બાંગ્લાદેશ

## સુડોકુ-૯૨૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | | | | | ૫ | ૩ |
| ૫ | | | | ૭ | | | | ૪ |
| ૯ | | | ૫ | ૬ | ૩ | | | ૧ |
| ૨ | | | ૯ | | ૬ | | | ૮ |
| | ૮ | | | | | | ૨ | |
| ૩ | | | ૨ | | ૭ | | | ૫ |
| ૬ | | | ૪ | ૫ | ૮ | | | ૭ |
| ૪ | | | | ૯ | | | | ૨ |
| ૮ | ૭ | | | | | | ૪ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૭ |
| ૭ | ૧ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ | ૮ | ૫ |
| ૮ | ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૯ | ૨ |
| ૫ | ૪ | ૮ | ૩ | ૧ | ૭ | ૬ | ૨ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ | ૪ |
| ૧ | ૭ | ૨ | ૪ | ૯ | ૬ | ૮ | ૫ | ૩ |
| ૪ | ૮ | ૯ | ૫ | ૬ | ૩ | ૨ | ૭ | ૧ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૯ | ૪ | ૬ |
| ૬ | ૨ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૩ | ૮ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ઠાર | બાફ |
| ઠાવકું | ઉદ્ધત |
| ઠીંગણું | લંબૂસ |
| ઠીક | બેચેન |
| ઠોઠ | હોશિયાર |

**ગુજરાત મોરી મોરી રેઃ** પોરબંદર

**ઓળખાણ પડી?** કોસી

**માઈન્ડ ગેમ :** આર્મેનિયા

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** આકાશ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) ભાવના કર્વે (૧૫) કમલ માતલિયા (૧૬) ભરત કજરિયા (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) જ્યોત્સના ગાંધી (૨૪) રમેશભાઈ દલાલ (૨૫) હિનાબેન દલાલ (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) અંજુ ટોલિયા (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) પુષ્પા ખોના (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) મહેશ દોશી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) પ્રતિમા પમાણી (૪૦) ધીરેન્દ્ર મુલરાજ




**હાલાકીઃ** મધ્ય હોય કે પશ્ચિમ રેલવે ટ્રેનોના ધાંધિયા હંમેશાં જ હોય છે અને પ્રવાસીઓને હાલાકી થતી જ હોય છે. તેમ છતાં રેલવેતંત્ર દ્વારા પ્રવાસીઓને દરેક પ્રકારની સુવિધા આપવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. રવિવારે હાર્બર લાઈનમાં બ્લોક હોવાથી કુર્લા હાર્બર લાઈન સ્ટેશન પર પ્રવાસીની ભારે ભીડ જોવા મળી હતી.

# રાજ્યમાં સતત બીજા દિવસે આગઝરતી ગરમી

## વિદર્ભના અકોલામાં પારો ૪૬.૯ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં રવિવારે પણ કાળઝાળ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. મુંબઈમાં દિવસ દરમ્યાન ગરમી ઉકળાટ વચ્ચે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન વિદર્ભના અકોલામાં ૪૬.૯ ડિગ્રી જેટલું ઊંચું રહ્યું હતું. સોમવારથી તાપમાનમાં હળવો ઘટાડો થવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં

(જુઓ પાનું ૪) ▶▶

### મહાબળેશ્વરથી થશે હવામાનની આગાહી

કોંકણ સહિત મધ્ય મહારાષ્ટ્રના હવામાનનો અચૂક અંદાજ અને તે પણ ત્રણ કલાક પહેલા મળવાનો છે. અતિવૃષ્ટિનો ભાગ રહેલા મહાબળેશ્વર સહિત સમગ્ર મધ્ય મહારાષ્ટ્રમાં વીજળી, મેઘગર્જના અને વરસાદનો અપડેટ પણ જલદી મળશે. તેમ જ મુંબઈ-કોંકણના હવામાન અંદાજ પણ

(જુઓ પાનું ૪) ▶▶

# મે મહિનામાં બે દિવસ માટે ઘોડબંદર રોડ પર નો-એન્ટ્રી!

## રાહદારી પુલના કામને કારણે ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે?

થાણે : ઘોડબંદર રોડ પૂર્વીય પરાંથી અમદાવાદ, નાશિક અને ભિવંડી જવા માટેનો સૌથી ઝડપી માર્ગ ગણાતો હોવા છતાં, હકીકત એ છે કે છેલ્લા કેટલાક વર્ષથી અહીં ટ્રાફિક જામની સમસ્યા દરરોજ ચાલુ રહે છે, પરંતુ મે મહિનામાં હાલત વધુ ખરાબ થવાની શક્યતા છે. મહાનગરપાલિકાએ ઘોડબંદર રોડ પર એક રાહદારી પુલના ગર્ડર બેસાડવાનું કામ હાથ ધર્યું હોવાથી મે મહિનામાં બે દિવસ માટે ઘોડબંદર રોડ પર ટ્રાફિક અસ્થાયી રૂપે બંધ રહેશે. જોકે, રાહદારી પુલથી લોકોને મોટો ફાયદો થવાની આશા છે.

આ ફૂટ ઓવર બ્રિજના ગર્ડર માટે ૮ થી ૧૦ મે સુધી રસ્તો અસ્થાયી રૂપે બંધ રહેશે. થાણે શહેર પોલીસની સત્તાવાર જાહેરાત મુજબ ૮ થી ૧૦ મે દરમિયાન બે તબક્કામાં ઘોડબંદર રોડ પર કામ કરવામાં આવશે. આ સમય દરમિયાન વાહનોને અન્ય રૂટ પર વાળવામાં આવશે. પ્રથમ તબક્કાનું કામ ૮ મેના રોજ રાત્રે ૧૧.૫૫ વાગ્યાથી ૯ મેના સવારે ૧૧.૫૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. બીજા તબક્કાનું કામ ૯ મેના રોજ રાત્રે ૧૧.૫૫ વાગ્યાથી ૧૦ મેના રોજ

(જુઓ પાનું ૪) ▶▶

# 'કેઇએમ'નું નામ બદલવાનો 'માર્ડ'નો વિરોધ

મુંબઈઃ કેઇએમ હોસ્પિટલનું નામ બદલીને 'કૌશલ્યશ્રેષ્ઠ એકલવ્ય સ્મારક હોસ્પિટલ' કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

જોકે, હોસ્પિટલનું નામ બદલાયેલ હોવા છતાં, સંક્ષિપ્ત નામ યથાવત છે. પરંતુ, કેઇએમ 'માર્ડ' (રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન) એ આ નામકરણનો સખત વિરોધ કર્યો હતો. 'માર્ડ' સંગઠને માગ કરી હતી કે 'કેઇએમ' એક પ્રતિષ્ઠિત, પ્રખ્યાત અને શ્રેષ્ઠ તબીબી સેવા આપતી હોસ્પિટલ અને મેડિકલ કોલેજ છે, તેથી અહીંના રેસિડેન્ટ ડોક્ટરો અને તબીબી નિષ્ણાતોને વિશ્વાસમાં લીધા વિના નામ બદલવાનો આવો એકપક્ષીય નિર્ણય લેવો જોઈએ નહીં.

ઐતિહાસિક વારસો ધરાવતી આ સંસ્થાનું નામ બદલવાનો કોઈપણ પ્રસ્તાવ નિરાશાજનક છે, એમ રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું હતું.

હોસ્પિટલમાં ખરેખર કઈ સમસ્યાઓ છે, તે સમજીને તેના પર વહીવટી નિર્ણયો લેવાની જરૂર છે. માત્ર નામ બદલવાથી આ સમસ્યાઓ હલ થશે નહીં. તેથી 'કેઇએમ' હોસ્પિટલનું નામ બદલવાને બદલે જે પ્રવર્તમાન સમસ્યાઓ છે તેને ઉકેલવા પર ભાર મૂકવો જોઈએ, તેવી માગ રેસિડેન્ટ ડોક્ટરોએ હોસ્પિટલ પ્રશાસન પાસે કરી હતી. ■

# ડૉન દાઉદના સાગરીત અને ડ્રગ્સ નેટવર્કનો સૂત્રધાર સલીમ ડોલા ઈસ્તંબુલમાં પકડાયો

## દસકા અગાઉ દક્ષિણ મુંબઈના ડોંગરીથી ફરાર થયેલો ડોલા વિદેશમાં બેસીને અનેક રાજ્યોમાં ડ્રગ્સના કારોબારનું સંચાલન કરતો હતો

મુંબઈઃ અન્ડરવર્લ્ડના ડૉન દાઉદ ઈબ્રાહિમનો સાગરીત અને ડ્રગ્સ નેટવર્કનો કથિત સૂત્રધાર સલીમ ડોલા આખરે ઈસ્તંબુલમાં પકડાયો હતો. દક્ષિણ મુંબઈના ડોંગરી પરિસરમાં રહેતો ડોલા દસકા અગાઉ વિદેશ ભાગી ગયો હતો અને ત્યાંથી અનેક રાજ્યોમાં ડ્રગ્સના કારોબારનું સંચાલન કરતો હતો, એવું પોલીસ સૂત્રોનું કહેવું છે.

સલીમ ડોલા (૫૯) વિરુદ્ધ એનડીપીએસ ઍક્ટ હેઠળ આઠથી દસ ગુના નોંધાયેલા હોવાનું કહેવાય છે. ૨૦૧૫-૧૬માં તે દેશમાંથી ફરાર થઈ ગયો હતો અને વિદેશમાં સંતાયો હતો. પોતાની ઓળખ છુપાવવા માટે તેણે યુએઈના બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો. તુર્કિયેની નૅશનલ ઈન્ટેલિજન્સ ઑર્ગેનાઈઝેશન અને સ્થાનિક પોલીસ યુનિટે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી ડોલાને પકડી પાડ્યો હતો. ભાગેડુ ગૅન્ગસ્ટર દાઉદનો સાગરીત ડોલાની મેફેડ્રોન (એમડી) ડ્રગના ઉત્પાદન અને વિતરણમાં મહત્ત્વની ભૂમિકા હોવાનું પોલીસનું કહેવું છે. ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય સપ્લાયર્સ, આર્થિક લેવડદેવડ અને ડ્રગ્સના વિતરણ નેટવર્કનો ડોલા સૂત્રધાર હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. તેના પુત્ર તાહિર સલીમ ડોલા (૩૦)નું નામ ડ્રગ્સ કેસમાં સામે આવતાં ગયા વર્ષે તેને પ્રત્યર્પણ દ્વારા ભારત લવાયો હતો.




સલીમ ડોલા (ડાબે) અને તેનો પુત્ર તાહેર ડોલા (જમણે)

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ૨૦૨૪માં ચાર કિલો એમડી જપ્ત કર્યું હતું. આ કેસની તપાસમાં ડોલાની ભૂમિકા સામે આવી હતી. કેસની તપાસ દરમિયાન પોલીસે સાંગલીમાં ધમધમતી એમડી બનાવવાની ફૅક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. આ ડ્રગ્સની ચેઈન સાંગલી અને સુરતથી છેક યુએઈ અને તુર્કિયે સુધી ફેલાયેલી હોવાનું તે સમયે તપાસમાં સ્પષ્ટ થયું હતું.

ડોલાને પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવાના પ્રયાસ સેન્ટ્રલ એજન્સીએ હાથ ધર્યા છે. આ માટે તેની વિરુદ્ધના કેસ સંબંધી દસ્તાવેજો એજન્સીને સોંપવામાં આવશે. ■

**૧ મેથી મરાઠી ફરજિયાત!**

# લાઈસન્સ રદ કરવાના નિર્ણય સામે આજે મહત્ત્વની બેઠક

મુંબઈઃ તમામ વ્યાવસાયિક પેસેન્જર વાહન ચાલકો માટે 'વ્યવહારુ મરાઠી' અનિવાર્ય કરવાના સંદર્ભમાં પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે મજૂર નેતા શશાંક રાવ, શિવસેના નેતા સંજય નિરૂપમ અને વિવિધ રિક્ષા-ટેક્સી ચાલક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ઓટો-ટેક્સી યુનિયન દ્વારા રાજ્ય સરકારના આ પ્રસ્તાવિત નિર્ણયનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો.

સંગઠને આરોપ લગાવ્યો હતો કે બીજી મે, ૨૦૨૬ થી મરાઠી વાંચી અને લખી શકતા ન હોય તેવા ઓટો-ટેક્સી ડ્રાઇવરોના લાઇસન્સ રદ કરવાનો નિર્ણય અન્યાયી અને ગેરકાયદેસર છે. પરિવહન પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

# ભુજબળે કહ્યું બે દિવસના અભ્યાસક્રમમાં મરાઠી શીખો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટેક્સી અને રિક્ષા ચાલકો માટે મરાઠી ભાષા ફરજિયાત કરવામાં આવી છે. જે રિક્ષા ચાલકો મરાઠી બોલી શકતા નથી તેમના વાહન લાઇસન્સ પહેલી મે પછી સીધા રદ કરવામાં આવશે. સરકારના આ નિર્ણયને કારણે હાલમાં વાતાવરણ ગરમાયું છે. ટેક્સી અને રિક્ષા ચાલકોએ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-પુણે માર્ગ પર 'મિસિંગ લિંક' તૈયાર, પરંતુ દરેક વાહનોને પ્રવેશ નહીં

મુંબઈઃ હવે મુંબઈથી પુણેનો પ્રવાસ વધુ ઝડપી અને સરળ બનશે. નવો 'મિસિંગ લિંક' રૂટ શરૂ થવા જઈ રહ્યો છે, જેમાં શરૂઆતના છ મહિના માટે એક નવી શરત લાગુ કરવામાં આવશે. આ નવી મિસિંગ લિંકને કારણે વાહનવ્યવહારનું ભારણ મોટા પ્રમાણમાં ઘટશે તેવો અંદાજ છે. હાલમાં આ માર્ગ પર કુલ ટ્રાફિકના લગભગ ૭૦ ટકા કાર અને બસ હોય છે, જ્યારે બાકીના ૩૦ ટકા હિસ્સો ભારે વાહનોનો છે. તેથી આ નવા રૂટને કારણે ટ્રાફિકની સમસ્યાથી ઘણી રાહત મળશે.

આ માર્ગનો બીજો મોટો ફાયદો એ થશે કે મુસાફરોને હવે ટોલ ભરવો પડશે નહીં. આ ઉપરાંત શનિવાર અને રવિવારના દિવસે મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ભારે ભીડ હોય છે, ખાસ કરીને લોનાવલા અને ખંડાલા ઘાટ વિસ્તારમાં. આ નવો રૂટ આ ટ્રાફિક માંથી મોટી રાહત આપશે.

આ નવા રૂટ પર શરૂઆતના છ મહિના સુધી માત્ર કાર અને બસને જ જવાની પરવાનગી આપવામાં આવશે. આ માર્ગ એશિયાના સૌથી લાંબા ટનલ પૈકીનો એક માનવામાં આવે છે, જે આ પ્રોજેક્ટને વધુ ખાસ બનાવે છે. ■

# મુંબઈ યુનિવર્સિટીની પરીક્ષાનું નવું ટાઈમ ટેબલ જાહેર

## ગ્રામ પંચાયત ચૂંટણી અને સીઈટીને કારણે ટાઈમટેબલમાં ફેરફાર કરાયો હતો

મુંબઈઃ ગ્રામ પંચાયત ચૂંટણીઓ અને સીઇટીને કારણે મુંબઈ યુનિવર્સિટીએ ઉનાળા સત્ર ૨૦૨૬ ની પરીક્ષાઓનું નવું ટાઈમ ટેબલ જાહેર કર્યું છે. મુંબઈ યુનિવર્સિટીના પરીક્ષા અને મૂલ્યાંકન બોર્ડ દ્વારા ૧૮ એપ્રિલના રોજ પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, ગ્રામ પંચાયતની ચૂંટણીને કારણે કેટલીક પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી હતી. હવે સીઇટીની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને મુંબઈ યુનિવર્સિટીએ નવી તારીખો જાહેર કરી છે.

મુંબઈ યુનિવર્સિટી પ્રશાસને તમામ વિભાગોના વડાઓ, થાણે અને કલ્યાણ ઉપકેન્દ્રોના ડિરેક્ટરો, ડિપાર્ટમેન્ટ ઓફ ડિસ્ટન્સ એજ્યુકેશન અને સંલગ્ન કોલેજોના પ્રિન્સપાલને સૂચના આપી છે કે તેઓ વિદ્યાર્થીઓને નવા જાહેર કરાયેલા સુધારેલા સમયપત્રકની તાત્કાલિક જાણ કરે. મુંબઈ યુનિવર્સિટી દ્વારા ૧૮ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવેલા ટાઈમટેબલ અનુસાર છ પરીક્ષાઓ ૨૮ એપ્રિલના રોજ યોજાવાની હતી. પરંતુ ગ્રામ પંચાયતની ચૂંટણીઓને કારણે આ પરીક્ષાઓ નવની મેના રોજ લેવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

જોકે આ દરમિયાન અનેક વિદ્યાર્થીઓ સીઇટીની પરીક્ષા આપવાના હોવાથી સીઇટી આપતા વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવાની માગ કરવામાં આવી હતી. તેથી મુંબઈ યુનિવર્સિટીએ પરીક્ષાઓનું નવું ટાઈમ ટેબલ જાહેર કર્યું છે.

તે મુજબ હવે આ પરીક્ષાઓ બીજી મે, ૬ મે, ૧૧ મે, ૧૪ મે અને ૧૫ મે ના રોજ લેવામાં આવશે. ■

# હવે એસટીમાં 'આપલી બસ, આપલી સેવા' અભિયાન શરૂ થશે

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન (એસટી) નિગમ દ્વારા ૧ મે ૨૦૨૬ થી 'આપલી બસ, આપલી સેવા' અભિયાન શરૂ કરવામાં આવશે. આ અંતર્ગત કંડક્ટર મુસાફરોનું 'જય મહારાષ્ટ્ર' કહીને સ્વાગત કરશે. આ અભિયાન રાજ્યભરની મધ્યમ અને લાંબા અંતરની બસોમાં કાયમી ધોરણે અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલનો હેતુ પ્રવાસીઓને વધુ સ્વચ્છ, ગુણવત્તાયુક્ત અને સન્માનજનક સુવિધા પૂરી પાડવાનો છે. 'આપલી બસ, આપલી સેવા' અભિયાન હેઠળ, ડ્રાઇવરો અને કંડક્ટરોની જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવી છે. બસ શરૂ કરતા પહેલા સ્વચ્છતા સુનિશ્ચિત કરવામાં આવશે. એસટીના પ્રસ્થાનના ઓછામાં ઓછા ૧૫ મિનિટ પહેલાં બસ પ્લેટફોર્મ પર પાર્ક કરવામાં આવશે. ડ્રાઇવર અને કંડક્ટર માટે યુનિફોર્મ સાથે સમયસર હાજર રહેવું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. બસ પ્રસ્થાન પહેલાં કંડક્ટર 'જય મહારાષ્ટ્ર' કહી મુસાફરોને પોતાનો અને ડ્રાઇવરનો પરિચય કરાવશે. મુસાફરોની સંખ્યા વધારીને આવક વધારવાના ઉદ્દેશ્યથી આ પગલું લેવામાં આવ્યું છે. એસટી નિગમના વાઇસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. માધવ કુસેકરે આ અભિયાનનો અસરકારક અમલ કરીને મુસાફરોની સંખ્યા અને આવક વધારવાનો લક્ષ્યાંક તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સામે રાખ્યો છે. ■

**થાણે-નાશિક મુસાફરી હવે ઝડપી!**

# ખારેગાંવ ક્રીક બ્રિજનું કામ આખરે પૂર્ણ

થાણે : થાણેના લોકો માટે એક મોટી રાહતના સમાચાર આવ્યા છે. મુંબઈ-નાશિક હાઈવે પર છેલ્લાં કેટલાક વર્ષોથી ભોગવવી પડી રહેલી ટ્રાફિક જામની સમસ્યા હવે ભૂતકાળ બનવાની શક્યતા છે, કારણ કે ખારેગાંવ ક્રીક પર નવો પુલ બની ગયો છે અને તેને ટ્રાફિક માટે ક્યારે ખોલવામાં આવશે તેની તારીખ પણ સામે આવી ગઈ છે. આ પુલ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાંનો એક માનવામાં આવે છે. આ પુલ ખારેગાંવ ક્રીક વિસ્તારમાં આવેલો હોવાથી મુંબઈથી નાશિક સુધીની મુસાફરી સરળ બનશે. અત્યાર સુધી આ રસ્તા પર ઘણો ટ્રાફિક જામ રહેતો હતો. ઘણીવાર

(જુઓ પાનું ૪) ▶▶

# વિશ્વાસુ કર્મચારીએ દુકાનમાંથી થોડા થોડા કરીને ૧૮ કરોડના દાગીના સેરવી લીધા!

## પુણેના જ્વેલર્સના કર્મચારી સહિત ત્રણની ધરપકડઃ ૫.૨૪ કરોડના દાગીના હસ્તગત

પુણેઃ પુણેમાં જ્વેલર્સની દુકાનમાં કામ કરતા વિશ્વાસુ કર્મચારીએ જ થોડા થોડા કરીને લગભગ ૧૮ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ૭૨ લાખની રોકડ સેરવી લીધી હોવાની આંચકાજનક ઘટના સામે આવી હતી. ઓડિટ દરમિયાન આ હાથફેરાનો ખુલાસો થતાં પોલીસે કર્મચારી સહિત ત્રણની ધરપકડ કરી હતી.

પુણેના એન્ટિ-એક્સ્ટોર્શન સેલે પકડી પાડેલા આરોપીઓની ઓળખ પ્રશાંત

(જુઓ પાનું ૪) ▶▶

# ઈસ્ટર્ન અને વેસ્ટર્ન હાઈવેના સમારકામ માટે પાલિકા ₹ ૧૦૫ કરોડનો ખર્ચ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃચોમાસા પહેલાં વેસ્ટર્ન અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તથા ઈસ્ટર્ન ફ્રી-વે પર ખાડાઓના સમારકામ માટે મુંબઈ મહાનગરપાલિકાએ ટેન્ડર બહાર પાડ્યા છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૧૦૫ કરોડ રૂપિયા છે, જેમાં વરસાદ દરમ્યાન સલામત અને સુરક્ષિત રીતે મુંબઈગરા પોતાના વાહન ચલાવી શકશે. ગયા વર્ષે પાલિકાએ સમગ્ર મુંબઈમાં ખાડા ભરવા અને રસ્તાના સમારકામ માટે લગભગ ૧૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

આ કામને અનેક પૅકેજમાં વહેંચી દેવામાં આવ્યું છે, જેમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે માટે ૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત નવ મીટરથી સાંકડા રસ્તાઓ માટે સાત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને જે રસ્તાઓનું કૉંક્રીટીકરણ બાકી છે, તેની માટે સાત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

કોલ્ડ મિક્સ મટિરિયલની ખરીદી માટે એક અલગથી ટેન્ડર પર બહાર પાડવામાં આવ્યું છે. એકંદરે ખાડાના સમારકામનો ખર્ચ ઘટયો છે, તે માટેનું શ્રેય પાલિકાના ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના રોડ કૉંક્રીટીકરણ પ્રોજેક્ટને માનવામાં આવે છે. મુંબઈમાં અત્યાર સુધી કૉંક્રીટીકરણનું ૭૫ ટકા કામ થઈ ગયું છે.

અગાઉ પાલિકા છ મીટરથી સાંકડા રસ્તા પરના ખાડાના સમારકામ માટે તેના પોતાના પ્લાન્ટમાં ઉત્પાદિત કોલ્ડ મિક્સ પર આધાર રાખતી હતી. જોકે પ્રદૂષણ સંબધિત સમસ્યા સહિત અન્ય કારણથી આ સુવિધાને બંધ કરી દેવામાં આવી હતી. ગયા વર્ષે ખાડાના સમારકામ માટે લગભગ ૩,૦૦૦ મેટ્રિક ટન મેસ્ટિ ટનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જોકે આ વર્ષે ખર્ચમાં ઘટાડો થયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ વખતે મેસ્ટિકનો ઉપયોગ લગભગ ૨,૦૦૦ મેટ્રિક ટન સુધી મર્યાદિત રહેશે. ■

### કૉંક્રીટાઈઝેશનનું ૭૫ ટકા કામ પૂર્ણ

મુંબઈ મહાનગરપાલિકાનો રસ્તાના કૉંક્રીટાઈઝેશનનો પ્રોજેક્ટ મુંબઈની માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવાની યોજનાનો ભાગ છે. ૨૦૨૩માં શરૂ કરવામાં આવેલા આ પ્રોજેક્ટમાં રસ્તાઓને ખાડા મુક્ત અને વર્ષો સુધી ચાલે એવા ટકાઉ સ્વરૂપમાં રૂપાંતરિત કરવાનો છે. ફેઝ-વન અને ફેઝ-ટૂ હેઠળ મુંબઈમાં ૬૭૬.૯૫ કિલોમીટરના કુલ ૨,૦૬૬ રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૩૨૭.૬૯ કિલોમીટરના ૧,૨૦૪ રસ્તાનું કામ લગભગ પૂરું થઈ ગયું છે. બાકીના ૧૬૯.૧૫ કિ.મી. ૫૩૨ રસ્તાનું કામ ટૂંક સમયમાં શરૂ થવાનું છે.

# જેલમાં બેઠાં બેઠાં ખંડણી માટે ગોળીબાર કરાવનારા ગુનેગારને ૧૦ વર્ષની કેદ

થાણેઃ ઉત્તર પ્રદેશની જેલમાં પુરાયેલા ગુનેગારે ૨૦૧૫માં થાણેના બિઝનેસમૅનને ખંડણી માટે ધમકી આપવા સહિત તેના પર ગોળીબારનું સૂત્રસંચાલન કર્યું હોવાનું સાબિત થયું હતું. થાણે કોર્ટે યુપીની જેલમાં જનમટીપની સજા ભોગવી રહેલા ગુનેગારને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી.

ભિવંડીના એડિશનલ સેસન્સ જજ એન. એલ. કાળેએ આરોપી આઝાદ માસૂક અલી અન્સારી ઉર્ફે ઈજાઝ બટલાને (૪૪) થાણેના બિઝનેસમૅન પર ખંડણી માટે ધમકી આપવાના કેસમાં કસૂરવાર ઠેરવ્યો હતો. આ કેસમાં પ્રયાગરાજની નૈની સેન્ટ્રલ જેલમાંથી બર્ચ્યુઅલ સુનાવણી કરવામાં આવી હતી.

ફરિયાદ પક્ષ અનુસાર અન્સારી જનમટીપ ભોગવી રહ્યો છે. આ કેસનો સહઆરોપી નવેમ્બર, ૨૦૧૫માં તેને નૈની જેલમાં મળ્યો હતો અને તેમણે ગુનાહિત કાવતરું ઘડી કાઢ્યું હતું. અન્સારીની સૂચનાને અનુસરીને તેના ગ્રૂપે વેપારી સંતોષ શેટ્ટી પાસેથી પચીસ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. વેપારીએ નાણાં ન આપતાં તેના પર ગોળીબાર કરાવ્યો હતો.

કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) અને ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો. કોર્ટે તેને ૧૦ વર્ષની સખત કેદ અને ૪૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ કેસના અન્ય ત્રણ આરોપી જામીન પર છે અને સુનાવણી માટે કોર્ટમાં હાજર રહ્યા નહોતા. (પીટીઆઈ)■



**પ્રગતિ પથ પરઃ** પનવેલ મહાનગરપાલિકા મુખ્યાલયની નવી ઈમારતનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને બાંધકામ અંતિમ તબક્કામાં હોઈ ટૂંક સમયમાં તે પૂર્ણ થવાની આશા સેવાઈ રહી છે. નાગરિકોને પાલિકાની દરેક સેવાનો લાભ આ નવા મુખ્યાલયમાંથી મળી રહેશે. (અમય ખરાડે)

# એસટી નિગમમાં કરોડોનું 'ગ્રેચ્યુઇટી કૌભાંડ'? ૬૩ વરિષ્ઠ અધિકારીઓ સામે ગંભીર આરોપો

મુંબઈ : આર્થિક નુકસાનના ખાડામાં ફસાયેલ એસટી નિગમને પાટે ચઢાવવા વહીવટીતંત્ર વિવિધ પગલાં લઈ રહ્યું છે. બીજી તરફ, નિગમના અધિકારીઓના કારણે નાણાકીય બોજ વધી રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. એસટી નિગમમાં ગ્રેચ્યુઇટી કૌભાંડ હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે અને તેના માટે ૬૩ અધિકારીઓ જવાબદાર હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ આરોપને કારણે હવે એસટી નિગમના શાસન પર પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે.

એસટી નિગમના નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓને સમયસર ગ્રેચ્યુઇટી આપવામાં આવી નહોતી. મહારાષ્ટ્ર એસટી કર્મચારી કોંગ્રેસના મહાસચિવ શ્રીરંગ બરગેએ આરોપ લગાવ્યો છે કે કોર્ટના નિર્ણયને કારણે ૨૬ વિભાગોના ૪૮૦ નિવૃત્ત કર્મચારીઓને બે

(જુઓ પાનું ૪) ▶▶

# મોહસિનની પાંચ વિકેટ, રિન્કુના ચાર બૉલમાં ચાર ચોગ્ગા

લખનઊઃ ગઈ કાલે કોલકાતા (૨૦ ઓવરમાં ૭/૧૫૫) અને યજમાન લખનઊ (૨૦ ઓવરમાં ૮/૧૫૫) વચ્ચેની દિલધડક મૅચ મોહમ્મદ શમીના ચોગ્ગા-છગ્ગાને કારણે ટાઇ થતાં સુપર ઓવરમાં ગઈ એ અગાઉ મૅચમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા હતા. કોલકાતાને આઠમા સ્થાને આવવાનો મોકો હતો, જ્યારે મુંબઈ તથા લખનઊ તળિયાના બે સ્થાને (અનુક્રમે નવમા અને દસમા ક્રમે) જાય એવી સ્થિતિ હતી. શનિવારે જ્યારે અપરાજિત પંજાબની ટીમે ૨૬૫ રનનો લક્ષ્યાંક ચેઝ કરીને ટી-૨૦ ફૉર્મેટમાં નવો વિશ્વવિક્રમ રચ્યો ત્યારે રવિવારે લખનઊની ટીમે ૧૫૬ રનનો સાધારણ લક્ષ્યાંક પણ મેળવવા સંઘર્ષ કર્યો હતો. કૅપ્ટન રિષભ પંત (૪૨ રન, ૩૮ બૉલ, એક સિક્સર, ચાર ફોર) ફરી એક વખત નબળું રમ્યો હતો. કોલકાતાના બોલર્સને લખનઊના બૅટ્સમેનો સામે જોરદાર લડત આપવાનો મોકો મળ્યો હતો. માર્કરમે ફક્ત ૩૧ રન તથા બદોનીએ ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. રિન્કુ સિંહે (૮૩ અણનમ, ૫૧ બૉલ, પાંચ સિક્સર, સાત ફોર) કોલકાતાની ઇનિંગ્સની છેલ્લી ઓવરમાં ઉપરાઉપરી ચાર છગ્ગા સાથે જે ધમાલ મચાવી એ છેવટે લખનઊને ભારે પડી શકે એમ હતી. વૈભવ અરોરા તથા વરુણ ચક્રવર્તીએ બે-બે વિકેટ લીધી હતી. લખનઊનો પેસ બોલર મોહસિન ખાન (૪-૧-૨૩-૫) આ વખતે પાંચ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો હતો.

### ચાર કરોડવાળા મોહસિનની વિક્રમજનક પાંચ વિકેટ

કોલકાતાએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૫ રન બનાવ્યા. મૂળ ઉત્તર પ્રદેશના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અને લખનઊ સુપર જાયન્ટ્સ વતી રમતો મોહસિન ખાન આ વખતની આઇપીએલમાં એક મૅચમાં પાંચ વિકેટ લેનાર પ્રથમ બોલર છે. તેને આ ફ્રૅન્ચાઇઝી ૨૦૨૬ની સીઝન રમવાના ચાર કરોડ રૂપિયા આપશે.

### રઘુવંશીએ બૉલ રોક્યો, આઉટ અપાયો

કોલકાતાની ત્રીજી વિકેટ અંગક્રિશ રઘુવંશીની હતી જેને 'ઑબ્સ્ટ્રક્ટિંગ ધ બૉલ'ની અપીલમાં અમ્પાયરે આઉટ આપ્યો હતો. રઘુવંશી ડાઇવ મારીને ક્રીઝમાં પાછો આવી રહ્યો હતો ત્યારે તે તેના સ્ટમ્પ્સ પર થ્રો કરનાર મોહમ્મદ શમી માટે વિઘ્ન બન્યો હતો. શમીનો બૉલ રઘુવંશીના શરીરને વાગ્યો હતો. રઘુવંશીએ શમીના થ્રોમાં બૉલ સ્ટમ્પ્સમાં જતો રોકવાનો પ્રયાસ કર્યો એવી ખુદ શમી અને લખનઊની ટીમની અપીલને પગલે રઘુવંશીએ દલીલો કરી હતી, પરંતુ થર્ડ અમ્પાયર રોનક પંડિતે રઘુવંશીને આઉટ જાહેર કર્યો હતો. રઘુવંશીએ ગુસ્સામાં પોતાની હેલ્મેટ નીચે પછાડી હતી.

### આજે કઈ મૅચ?

દિલ્હી વિરુદ્ધ બેંગ્લૂરુ
દિલ્હીમાં, સાંજે ૭.૩૦

### રિન્કુની ચાર બૉલમાં ચાર સિક્સર

લખનઊમાં કોલકાતાએ યજમાન લખનઊની ટીમ સામે એકંદરે ખરાબ બૅટિંગ પ્રદર્શન કર્યું, પરંતુ ઇનિંગ્સની અંતિમ ઓવર કે જે સ્પિનર દિગ્વેશ રાઠીએ કરી હતી એમાં રિન્કુ સિંહે (૮૩ અણનમ, ૫૧ બૉલ, પાંચ સિક્સર, સાત ફોર) ઉપરાઉપરી ચાર બૉલમાં ચાર છગ્ગા ફટકાર્યા હતા. ■



કોલકાતાના અંગક્રિશ રઘુવંશીએ ક્રીઝમાં પહોંચતી વખતે ફીલ્ડિંગમાં અવરોધ ઊભો કર્યો એ બદલ તેને આઉટ અપાયો ત્યારે તેણે દલીલ કરી હતી, પણ તેણે પાછા જવું પડ્યું હતું.



કોલકાતાના રૉવમૅન પૉવેલને લખનઊના મિચલ માર્શનો ડાઇવિંગ કૅચ ઝીલતી વખતે ઈજા થઈ હતી. બે રન બનાવનાર માર્શની વિકેટ વૈભવ અરોરાએ લીધી હતી.

# આઈપીએલમાં બે દિવસમાં બે ફીલ્ડરની ઘાત ગઈ, ઍન્ગિડી પછી આ ખેલાડીને પણ ઈજા

ચેન્નઈઃ ગુરુવારે વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સના ચાર પ્લેયર ડૅનિશ માલેવર, નમન ધીર, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માની વિકેટ લઈને મુંબઈને પરાજય તરફ દોરી જનાર ચેન્નઈ સુપરકિંગ્સના કૅરિબિયન સ્પિનર અકીલ હોસૈનને રવિવારે ચેન્નઈમાં ગુજરાત ટાઇટન્સ સામેની મૅચમાં ચહેરા પર ઈજા થઈ હતી. જોકે એ ઈજા ગંભીર નહોતી અને પછીથી તે રમ્યો હતો.

બે દિવસમાં બે ફીલ્ડરને ઈજા થવાનો બનાવ બન્યો છે. શનિવારે દિલ્હીનો લુન્ગી ઍન્ગિડી પંજાબના બૅટ્સમૅનનો સંભવિત કૅચ ઝીલતી વખતે ઊંધા માથે પટકાયો હતો અને તેને માથાના પાછળના ભાગમાં ઈજા થઈ હતી. જોકે દિલ્હીની હૉસ્પિટલમાં સારવાર લીધા બાદ તેની હાલત હવે સારી છે.

રવિવારે ચેન્નઈના અકીલ હોસૈનની ઈજાની ઘટના ગુજરાતની ઇનિંગ્સની છઠ્ઠી ઓવરમાં બની હતી. ગુજરાતના સુકાની શુભમન ગિલે બૉલને ઑફ સાઇડ પર મોકલ્યો હતો અને અકીલ કૅચ ઝીલવાના ઇરાદાથી પોતાની જમણી દિશામાં દોડ્યો હતો. જોકે તે જમીન પર પટકાયો હતો અને તેને ગાલ પર ઈજા થઈ હતી.

અકીલને ઈજા થતાં સૌ કોઈને શનિવારની ઍન્ગિડીની ઈજાવાળી ઘટના યાદ આવી ગઈ હશે. ચેન્નઈના ફિઝિયો તરત જ મેદાન પર દોડી આવ્યા હતા અને અકીલની ઈજા ગંભીર તો નથીને અને તેને માથામાં કોઈ દુખાવો નથી થતોને એવું વિચારીને સારવાર શરૂ કરી હતી. જોકે સદ્નસીબે અકીલની ઇન્જરી ગંભીર નહોતી અને તેણે થોડી જ વારમાં ફરી રમવાનું શરૂ કરી દીધું હતું. ■



અકીલ હોસૈનને ગઈ કાલે કૅચ ઝીલતી વખતે જમીન પર પટકાતાં ગાલ પર ઈજા થઈ હતી. (પીટીઆઇ)

# દીપ્તિની પહેલી વખત ટી-૨૦ મૅચમાં પાંચ વિકેટ, ભારતને જિતાડ્યું

ભારતની મહિલા ટી-૨૦ ટીમ સામેની પાંચ મૅચની સિરીઝમાં યજમાન સાઉથ આફ્રિકાએ ૩-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી છે, પરંતુ જોહનિસબર્ગમાં શનિવારે રાત્રે ભારતે સ્પિનર દીપ્તિ શર્માની પાંચ વિકેટના તરખાટ સાથે ચોથી મૅચમાં વિજય મેળવી લીધો હતો. ટી-૨૦ મૅચમાં દીપ્તિએ પહેલી જ વખત પાંચ વિકેટ લીધી છે.

ભારતે જેમિમા રૉડ્રિગ્સના ૪૩ રન તેમ જ દીપ્તિના અણનમ ૩૬ રન તથા વિકેટકીપર રિચા ઘોષના અણનમ ૩૪ રનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૫ રન કર્યા હતા.

સાઉથ આફ્રિકાની ટીમ દીપ્તિની પાંચ વિકેટ તેમ જ ક્રાંતિ ગૌડ, શ્રી ચરની, શેફાલી વર્મા અને કાશ્વી ગૌતમની એક-એક વિકેટને લીધે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૭૯ રન કરી શકી હતી. દીપ્તિને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો. ■



# ભારે ટ્રાફિક વચ્ચે ઍન્ગિડી માટે 'ગ્રીન કૉરિડોર': જાણો, દિલ્હી પોલીસે કેવી રીતે ૧૧ મિનિટમાં હૉસ્પિટલમાં પહોંચાડ્યો





નવી દિલ્હીઃ પાટનગરમાં અરુણ જેટલી સ્ટેડિયમમાં શનિવારે સાંજે દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ના સાઉથ આફ્રિકન પેસ બોલર લુન્ગી ઍન્ગિડીને પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામેની મૅચમાં ફીલ્ડિંગ દરમ્યાન માથામાં ઈજા પહોંચતાં જ ગણતરીની મિનિટોમાં ભારે ટ્રાફિક વચ્ચે નજીકના રાજેન્દ્ર નગર વિસ્તારની બીએલકે-મૅક્સ સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં જે ઝડપથી પહોંચાડવામાં આવ્યો એ બદલ દિલ્હી પોલીસની વાહ-વાહ થઈ રહી છે.

### ઍન્ગિડીએ ચાહકોનો આભાર માન્યો

લુન્ગી ઍન્ગિડીએ ઇન્સ્ટાગ્રામ પર પોતાના સોશ્યલ મીડિયા હૅન્ડલ પર પોતાની ઈજા બાદ ચિંતા વ્યક્ત કરતા અને શુભેચ્છા આપનાર તમામ ચાહકોનો આભાર માન્યો હતો. તેણે સંદેશમાં આટલું લખ્યું હતું, 'થૅન્ક યૂ ફૉર ધ મૅસેજિસ. ઑલ ગૂડ.'

### ઍન્ગિડીની ઈજા અને પછીની ઘટના

શનિવારે દિલ્હીએ બે વિકેટે ૨૬૪ રન કર્યા ત્યાર બાદ ૨૬૫ રનના લક્ષ્યાંકનો સામનો કરનાર પંજાબની ટીમના ઓપનર પ્રિયાંશ આર્યએ એક તબક્કે દિલ્હીના સુકાની અક્ષર પટેલના બૉલમાં શૉટ માર્યો ત્યારે ઍન્ગિડીએ કૅચ ઝીલવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બૉલની દિશા બરાબર સમજી ન શકનાર ઍન્ગિડી કૅચ નહોતો ઝીલી શક્યો, પરંતુ ઊંધે માથે નીચે પટકાયો હતો અને માથાના પાછળના ભાગમાં તેને ગંભીર ઇજા થઈ હતી. તરત જ ફિઝિયોથેરપિસ્ટ તેમ જ મેડિકલ ટીમના મેમ્બર્સ મેદાન પર દોડી આવ્યા હતા, ઍમ્બ્યૂલન્સ પણ બોલાવવામાં આવી હતી અને ઍન્ગિડીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેઓ તેને સ્ટ્રેચર પર સૂવડાવીને હૉસ્પિટલમાં લઈ ગયા હતા. તેણે માથાના તથા ગરદનના દુખાવાની ફરિયાદ કરી હતી.

બન્યું એવું કે મેદાન પર ઍન્ગિડીની પ્રાથમિક સારવાર પૂરી થઈ ત્યાર બાદ માત્ર ૧૧ મિનિટમાં દિલ્હી ટ્રાફિક પોલીસે ઍન્ગિડી માટે 'ગ્રીન કૉરિડોર' બિછાવ્યો હતો. બીજી રીતે કહીએ તો સાંજના સમયે વીકએન્ડનો ભારે ટ્રાફિક હોવા છતાં પોલીસે હૉસ્પિટલ સુધીનો રૂટ તાબડતોબ ક્લિયર કરી નાખ્યો હતો અને હૉસ્પિટલમાં પહોંચાડ્યો હતો. ઍન્ગિડીની ઈજાથી માંડીને હૉસ્પિટલમાં તેની સારવાર શરૂ થઈ ત્યાં સુધીમાં કુલ ૩૦ મિનિટનો સમય વીત્યો હતો.

દિલ્હી પોલીસના અધિકારીએ એક મુલાકાતમાં કહ્યું, 'મૅચના આયોજકોનો સંપર્ક કરતા અમને જાણ થઈ હતી કે ઍન્ગિડીને તાબડતોબ હૉસ્પિટલમાં વિશેષ સારવારની જરૂર છે. તરત જ એસીપી ટ્રાફિક/સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ સંજય સિંહે તરત જ પોલીસ કન્ટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો અને ઍન્ગિડીને લઈને આવનારી ઍમ્બ્યૂલન્સને માર્ગ પર કોઈ અડચણ ન આવે એની ખાસ તકેદારી રાખવાની સૂચના આપી હતી. ઍમ્બ્યૂલન્સ ગણતરીની મિનિટોમાં હૉસ્પિટલમાં પહોંચાડવામાં આવી અને સારવાર શરૂ કરી દેવામાં આવી હતી.' ■

# સુદર્શન બીજી સદી ચૂક્યો, પણ હવે ગુજરાતને જિતાડ્યું

ચેન્નઈઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)એ અહીં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને ૨૦ બૉલ તેમ જ આઠ વિકેટ બાકી રાખીને હરાવી દીધું. ગુજરાત ચોથી જીત બાદ આઠ પૉઇન્ટ સાથે પાંચમા સ્થાને છે, જ્યારે સીએસકે પાંચમી હાર બદલ છઠ્ઠા સ્થાને છે. સાઇ સુદર્શન (૮૭ રન, ૪૬ બૉલ, સાત સિક્સર, ચાર ફોર) આ વખતની બીજી સેન્ચુરી ૧૩ રન માટે ચૂકી ગયો હતો, પણ તેની ધમાકેદાર ઇનિંગ્સ આ વખતે મૅચ-વિનિંગ સાબિત થઈ.



સુદર્શન તથા બટલર વચ્ચે ૯૭ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી.

### શુક્રવારે સુદર્શનના ૧૦૦ રન એળે ગયા હતા

શુક્રવારે સુદર્શનના ૧૦૦ રન પછી પણ બેંગ્લૂરુ સામે ગુજરાતનો પરાજય થયો હતો. જોકે આ વખતે સુદર્શનની ઇનિંગ્સ મૅચ-વિનિંગ સાબિત થઈ. સીએસકેએ સાત વિકેટે ૧૫૮ રન કર્યા બાદ ગુજરાતે ૧૬.૪ ઓવરમાં બે વિકેટના ભોગે ૧૬૨ રન કર્યા હતા. કૅપ્ટન શુભમન ગિલે ૩૩ રન કર્યા હતા, જ્યારે જૉસ બટલર ૩૯ રને અણનમ રહ્યો હતો. ચેન્નઈના છ બોલરમાંથી માત્ર અકીલ હોસૈન અને નૂર અહમદને એક-એક વિકેટ મળી હતી.

### સુદર્શન-બટલરની ૯૭ રનની ભાગીદારી

સુદર્શન તથા વિકેટકીપર જૉસ બટલર (૩૯ અણનમ, ૩૦ બૉલ, એક સિક્સર, ચાર ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૯૭ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. ૧૭મી ઓવર સીએસકેના લેફ્ટ-આર્મ સ્પિનર અકીલ હોસૈને કરી હતી અને એના એક બૉલમાં સુદર્શનનો ડીપ મિડવિકેટ પર ડેવાલ્ડ બ્રેવિસે અફલાતૂન કૅચ ઝીલ્યો હતો અને સુદર્શનની લડાયક ઇનિંગ્સનો અંત આવી ગયો હતો. જોકે તેની વિકેટ પડ્યા બાદ બટલર વૉશિંગ્ટન સુંદર (એક રન અણનમ)ની જોડીએ બાજી સંભાળીને ગુજરાતને વિજય અપાવ્યો હતો.

### ગાયકવાડની આ વખતે પ્રથમ હાફ સેન્ચુરી

એ પહેલાં, સીએસકેએ કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૭૪ અણનમ, ૬૦ બૉલ, ચાર સિક્સર, છ ફોર)ની આ વખતની ટૂર્નામેન્ટની પ્રથમ હાફ સેન્ચુરીની મદદથી સાત વિકેટે ૧૫૮ રન કર્યા હતા. બીજો કોઈ બૅટ્સમૅન પચીસ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો. ગાયકવાડના આ પહેલાંની સાત મૅચના સ્કોર આ મુજબ હતાઃ ૬, ૨૮, ૭, ૧૫, ૭, ૧૯ અને ૨૨ રન. સીએસકેએ એક તબક્કે માત્ર ૩૭ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ગાયકવાડ અને શિવમ દુબે (બાવીસ રન) વચ્ચે ૫૯ રનની ભાગીદારીએ ટીમની આબરૂ સાચવી હતી અને છેલ્લે ગાયકવાડ ટોટલને દોઢસો રનને પાર લઈ જઈ શક્યો હતો. આ વખતે બે સદી ફટકારનાર સંજુ સૅમસન ફક્ત ૧૧ રન બનાવી શક્યો હતો. ગુજરાતના રબાડાએ ત્રણ તથા અર્શદ ખાને બે વિકેટ લીધી હતી. ■

# શનિવારે ૧૪ ખેલાડીએ છોડ્યા ૧૬ કૅચ







નવી દિલ્હી/જયપુરઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)-૨૦૨૬માં શનિવાર, ૨૫મી એપ્રિલનો દિવસ આ ટૂર્નામેન્ટના ૧૯ વર્ષના ઇતિહાસમાં એક દિવસના આંકડાની દૃષ્ટિએ ઐતિહાસિક બની ગયો. એમાં રનની ધોધમાર વર્ષા તો થઈ જ હતી, કુલ મળીને ૧૬ કૅચ છૂટ્યા હતા અને બીજું પણ ઘણું બની ગયું હતું.

શનિવારે બે મૅચ રમાઈ હતી જેમાં કુલ મળીને ૯૮૬ રન બન્યા હતા. અગાઉ આઇપીએલની ઘણી સીઝનમાં ડબલ હેડર (એક દિવસમાં બે મૅચ) થઈ હતી, પરંતુ ક્યારેય એક દિવસમાં આટલા રન નહોતા બન્યા. શનિવારના એક દિવસમાં કુલ ૫૯ છગ્ગા તેમ જ ૯૬ ચોગ્ગા ફટકારવામાં આવ્યા હતા. શનિવારે દિલ્હી-પંજાબ મૅચમાં કુલ ૫૨૯ રન બન્યા હતા. દિલ્હીએ કે. એલ. રાહુલના અણનમ ૧૫૨ રનની મદદથી બે વિકેટે ૨૬૪ રન કર્યા ત્યાર બાદ પંજાબે ૧૮.૫ ઓવરમાં ચાર વિકેટે ૨૬૫ રન કરીને રેકૉર્ડ-બ્રેક ચેઝ સાથે અપરાજિત રહીને પૉઇન્ટ્સ-ટેબલમાં સ્થાન મજબૂત કર્યું હતું.

રાજસ્થાન-હૈદરાબાદ મૅચમાં કુલ ૪૫૭ રન બન્યા હતા. રાજસ્થાને વૈભવ સૂર્યવંશીના ૧૦૩ રનની મદદથી ૨૨૮ રન કર્યા હતા. હૈદરાબાદે ૧૮.૩ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૯ રન કરીને વિજય મેળવી લીધો હતો.

શનિવારના આખા દિવસમાં કુલ બે મૅચમાં કુલ ૪૬૪ બૉલ ફેંકવામાં આવ્યા હતા જેમાં ૯૮૬ રન તો બન્યા, પણ કુલ મળીને ૧૬ કૅચ છૂટ્યા હતા. એમાંથી આઠ કૅચ દિલ્હી-પંજાબ મૅચમાં અને આઠ કૅચ રાજસ્થાન-હૈદરાબાદ મૅચમાં છૂટ્યા હતા. આ ૧૬ કૅચ ૧૪ ખેલાડીએ છોડ્યા હતા. કરુણ નાયર તથા સાકિબ એવા બે ખેલાડી છે જેમણે બે-બે કૅચ છોડ્યા હતા. ■

# ફુલ મૅરથન પહેલી જ વખત બે કલાકની અંદર પૂરી થઈ! નવો ઇતિહાસ રચાયો

## કેન્યાના રનરે પોતાના જ દેશના સદ્ગત દોડવીરનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો

લંડનઃ મુંબઈ મૅરથન સહિત વિશ્વના અનેક શહેરોમાં યોજાતી મૅરથનમાં રવિવારે નવો ઇતિહાસ રચાયો હતો જેમાં ફુલ મૅરથન (૪૨.૧૯૫ કિલોમીટર) પહેલી જ વખત બે કલાકથી ઓછા સમયમાં પૂરી કરી નાખવામાં આવી હતી અને આ સિદ્ધિ કેન્યાના સબાસ્ટિયન સાવેએ મેળવી હતી. તેણે લંડન ફુલ મૅરથન એક કલાક, ૫૯ મિનિટ અને ૩૦ સેકન્ડમાં પૂરી કરીને નવો ઇતિહાસ રચ્યો હતો. એ પહેલાં, ક્યાંય પણ કોઈ મૅરથનમાં રનરે મુખ્ય દોડ બે કલાકથી ઓછા સમયમાં પૂરી નહોતી કરી. ખરેખર તો રવિવારે ફુલ મૅરથન પૂરી કરવા માટેનું બે કલાકનું વિઘ્ન બે વખત તૂટ્યું હતું.

સબાસ્ટિયને પોતાના જ દેશ કેન્યાના કેલ્વિન કિપ્ટમનો ત્રણ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે. કમનસીબે, કેલ્વિન કિપ્ટમ પોતાના જ દેશના સબાસ્ટિયનની મહાન સિદ્ધિ જોવા માટે હવે હયાત નથી. સબાસ્ટિયને કિપ્ટમ કરતાં એક મિનિટ વહેલી મૅરથન પૂરી કરી.







### અગાઉના રેકૉર્ડધારકનું બે વર્ષ પહેલાં મૃત્યુ થયું

કેલ્વિન કિપ્ટમનું ૨૦૨૪માં ૨૪ વર્ષની ઉંમરે કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેણે ૨૦૨૩માં શિકાગો મૅરથનમાં ફુલ મૅરથન બે કલાક અને ૩૫ સેકન્ડ (૨:૦૦:૩૫)માં પૂરી કરી હતી.

### સબાસ્ટિયને આગાહી કરેલી

સબાસ્ટિયને લંડનની રેસ પહેલાં જ એક જાણીતી વેબસાઇટના પત્રકારને કહ્યું હતું કે 'બે કલાકથી ઓછા સમયમાં ફુલ મૅરથન પૂરી કરવાનો રેકૉર્ડ મોડો વહેલો નોંધાશે જ. બની શકે કે એ સિદ્ધિ કદાચ હું જ મેળવીશ.'

### એક રેસમાં બે વખત બે કલાકનું બૅરિયર તૂટ્યું

લંડન મૅરથનમાં સબાસ્ટિયને ૧:૫૯:૩૦ના રેકૉર્ડ-બ્રેક ટાઇમિંગ સાથે ફુલ મૅરથનની રેખા પાર કરી એની થોડી ક્ષણો બાદ ઇથિયોપિયાના યૉમિફ કેયેલ્ચાએ પણ બે કલાકનું બૅરિયર તોડ્યું હતું. તેણે ફુલ મૅરથન ૧:૫૯:૪૧ના ટાઇમિંગમાં પૂરી કરી હતી. જોકે તે બીજા નંબરે રહ્યો હતો. ત્રીજું સ્થાન યુગાન્ડાના જૅકબ કિપ્લિમોએ મેળવ્યું હતું. તેણે આ રેસ ૨:૦૦:૩૫ના ટાઇમિંગમાં પૂરી કરીને કિપ્ટમના ત્રણ વર્ષ જૂના વિક્રમની બરાબરી કરી હતી.

### મહિલા રનરે પોતાનો જ વિશ્વવિક્રમ તોડ્યો

લંડન મૅરથનમાં મહિલાઓના વર્ગમાં ઇથિયોપિયાની ટિગ્સ્ટ અસેફા (૨:૧૫:૪૧)એ ફુલ મૅરથન જીતી લીધી હતી. તેણે પોતાના જ વિશ્વવિક્રમી ટાઇમિંગને પાર કરીને નવા ટાઇમિંગ સાથે વિજય મેળવ્યો હતો. ■

# અખાતી મડાગાંઠ યથાવત્: બજારની નજર ફેડરલના નિર્ણય, એફઆઇઆઇના વલણ, રૂપિયાની વધઘટ અને કંપની પરિણામ પર

મુંબઇ: અમેરિકા અને ઇરાન વચ્ચેની મડાગાંઠ ઉકેલાવાને સ્થાને વધુ ગુંચવાઇ રહી હોવા સાથે ક્રૂડ ઓઇલના ભાવ બેરલે ૧૦૬ ડોલર વટાવી જવા ઉપરાંત બોન્ડ યિલ્ડમાં વધારા સામે રૂપિયામાં સતત વધતી નબળાઇને કારણે ઇક્વિટી ઇન્વેસ્ટર્સના ખખડી ગયેલા માનસની અસર શેરબજારમાં વર્તાઇ રહી છે. વિદેશી ભંડોળની એકધારી વેચવાલી, અખાતી દેશોની લશ્કરી અથડામણ લાંબો સમય સુધી ચાલુ રહેવાની સંભાવના અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સતત વિક્ષેપ વચ્ચે વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણે નિરાશામાં વધારો કર્યો છે.

આ અઠવાડિયાના મુખ્ય ટ્રિગર્સમાં ફેડરલ રિઝર્વના નીતિ નિર્ણય, ચોથા ક્વાર્ટકની કોર્પોરેટ કમાણી અને ભૂ-રાજકીય તણાવનો સમાવેશ થાય છે. બજારો અસ્થિર રહેવાની ધારણા છે. રૂપિયામાં સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો નોંધાયો છે, જ્યારે કોર્પોરેટ હલચલમાં ખાસ કરીને વેદાંત અને હિન્દુસ્તાન ઝિંક પર ધ્યાન કેન્દ્રિત રહેશે.

ભારતીય શેરબજાર સપ્તાહ દરમિયાન અફડાતફડી બાદ અંતે નીચા મથાળે બંધ થયા. વૈશ્વિક અને સ્થાનિક પ્રતિકૂળ પરિબળોના મિશ્રણને વચ્ચે પશ્ચિમ એશિયના સતત ભૌગોલિક રાજકીય તણાવ, યુએસ-ઈરાન વચ્ચેની ઠપ્પ થઇ ગયેલી શાંતિ મંત્રણા અને ક્રૂડ ઓઈલની ૧૦૦ પ્રતિ બેરલના સપાટી પાર કરી જવાના કારણે સેન્ટિમેન્ટ દબાણ હેઠળ રહ્યું હતું. એ જ સમયે, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો થવાને કારણે એફઆઇઆઇના સતત આઉટફ્લોને કારણે રૂપિયો વધુ નબળો પડ્યો. સ્થાનિક સ્તરે, આરબીઆઇ દ્વારા આર્થિક મંદીના પ્રારંભિક સંકેતો, નબળો પડિ રહેલો બિઝનેસ કોન્ફીડેન્સ અને ભારતીય ઇક્વિટી આઉટલુક પર વિદેશી બ્રોકરેજના ડાઉનગ્રેડને કારણે બજારનું મોરલ ડહોળાઇ ગયું છે.

આઇટી શેરોમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું, જે નબળી કમાણી અને સાવચેતીપૂર્ણ મેનેજમેન્ટ માર્ગદર્શનથી પ્રભાવિત થયા હતા. તેનાથી વિપરીત, પ્રખર ઉનાળા દરમિયાન મજબૂત માગના દૃષ્ટિકોણને કારણે પાવર અને સંલગ્ન સેગમેન્ટ્સમાં આકર્ષણ જોવા મળ્યું હતું. એફએમસીજી અને ફાર્માએ વ્યાપક જોખમ ટાળવા વચ્ચે રક્ષણાત્મક ખરીદીને પણ આકર્ષિત કરી હતી.

આગળ જોતાં, આ સપ્તાહમાં ઘટનાસભર મેક્રો કેલેન્ડર નજીકના ગાળાની દિશાને ભૌતિક રીતે આકાર આપશે, એમ જણાવતાં જિઓજિતના રિસર્ચ હેડ વિનોદ નાયર કહે છે કે, અમેરિકન ફેડરલ રિઝર્વનો દર નિર્ણય અને તેની સાથેની ટિપ્પણી મુખ્ય ઉત્પ્રેરક હશે, કારણ કે ફેડરલનું હોકીસ વલણ મજબૂત ડોલર અને એકધારા એફઆઇઆઇ આઉટફ્લો દ્વારા ઉભરતા બજારો પર દબાણને લંબાવી શકે છે. આ ઉપરાંત બેન્ક ઓફ જાપાનનો નીતિગત નિર્ણય વૈશ્વિક પ્રવાહિતા સંવેદનશીલતાનું વધારાનું સ્તરઉમેરી શકે છે. વૈશ્વિક ઇક્વિટી બજારો યુએસ ફેડરલ રિઝર્વની પોલિસી મીટિંગ પર નજર રાખશે, જે મંગળવાર, ૨૮ એપ્રિલથી શરૂ થશે. પરિણામ બુધવાર, ૨૯ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવશે, જેમાં સેન્ટ્રલ બેંક વ્યાજ દર ૩.૫૦-૩.૭૫ ટકા પર યથાવત રાખે એવી અપેક્ષા છે. આ અઠવાડિયે બીએસઇ પર લિસ્ટેડ ૨૦૦થી વધુ કંપનીઓ નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કરવા માટે તૈયાર છે. ફોકસમાં રહેલા મુખ્ય નિફ્ટી ઘટકોમાં કોલ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઇટર્નલ, મારુતિ સુઝુકી ઇન્ડિયા, બજાજ ફાઇનાન્સ, અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, બજાજ ફિનસર્વ, હિન્દુસ્તાન યુનિલિવર અને કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે.

વ્યાપક રીતે ટ્રેક કરાયેલા નોન-નિફ્ટી કંપનીના નામોમાં, એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, બજાજ હાઉસિંગ ફાઇનાન્સ, બંધન બેંક, આરઇસી, જીઆરએસઇ, અદાણી પાવર, મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસીસ, વેદાંત, વારી

**શેર બજાર**
**નિલેશ વાઘેલા**

એનર્જી, એસીસી, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા અને એવન્યુ સુપરમાર્ટ્સ (ડીમાર્ટ)ના પરિણામો જાહેર થવાના છે.

૨૭ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલાઓ બાદ શરૂ થયેલા યુદ્ધમાં ઉતાર-ચઢાવની તીવ્રતા જોવા મળી છે. અલબત્ત પરસ્પર મિસાઇલ અને ડ્રોણ એટેક સીજફાયરને કારણે અટક્યા છે, પરંતુ બંને પક્ષો ઉકેલથી દૂર છે. ઈસ્લામાબાદમાં વાટાઘાટોનો પ્રારંભિક રાઉન્ડ પણ પ્રગતિમાં નિષ્ફળ ગયો છે. ઇરાની પ્રતિનિધિઓએ અમેરિકનોને મળ્યા વગર જ પાકિસ્તાનમાંથી વિદાય લીધી છે. આ વાટાઘાટોનો માર્ગ વૈશ્વિક બજારના સેન્ટિમેન્ટ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, હવે વાટાઘાટ અટકી હોવાથી બજારોમાં અસ્થિરતા અને અનિશ્ચિતતા વધશે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સપ્તાહ દરમિયાન ભારે વેચવાલ રહ્યા, શુક્રવારે પૂરા થયેલા પાંચ સત્રોમાં તેમણે ૧૭,૧૪૦ કરોડ રૂપિયાના સ્થાનિક ઇક્વિટી શેર વેચ્યા છે. એપ્રિલમાં કુલ આઉટફ્લો વધીને ૪૩,૯૬૭ કરોડ રૂપિયા થયો છે, જ્યારે ૨૦૨૬ માટે અત્યાર સુધીનો કુલ આઉટફ્લો ૧,૭૫,૦૮૯ કરોડ રૂપિયા થયો છે. શુક્રવારે, એફઆઇઆઇએ ૮,૮૨૭.૮૭ કરોડ રૂપિયાના શેર વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૪,૭૦૦.૭૧ કરોડ રૂપિયાના ચોખ્ખા ખરીદદાર રહ્યા હતા.

સપ્તાહના અંતિમ સત્રમાં શુક્રવારે સેન્સેક્સમાં ૧૦૦૦ પોઇન્ટનો જોરદાર કડાકો પડ્યો હતો. અંતિમ સત્રમાં સેન્સેક્સ ૯૯૯.૭૯ પોઇન્ટ અથવા ૧.૨૯ ટકા ઘટીને ૭૬,૬૬૪.૨૧ના સ્તર પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૨૬૦.૧૩ પોઇન્ટ અથવા ૧.૬૨ ટકાના કડાકા સાથે ૭૬,૪૦૩.૮૭ની નીચી સપાટી સુધી પટકાયો હતો. જ્યારે નિફ્ટી ૨૭૫.૧૦ પોઇન્ટ અથવા તો ૧.૧૪ ટકાના ઘટાડા સાથે ૨૩,૮૯૭.૯૫ની સપાટીએ સ્થિર થયો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ, આઇટી ક્ષેત્રમાં સતત નબળાઈ સાથે બજારનું મોરલ ખખડી ગયું હોવાથી ભારતીય ઇક્વિટી બજારોમાં પાછલા ત્રમ સત્રમાં ભારે ઊથલપાથલ જોવા મળી હતી. પશ્ચિમ એશિયામાં વધતા ભૂરાજકીય તણાવ, ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર તેજી અને નબળા રૂપિયાના કારણે ભારતીય ઇક્વિટી બજારે તેની પ્રોફિટ-બુકિંગની શ્રેણી લંબાવી હતી. નિરાશાજનક ત્રિમાસિક કમાણીને પગલે આઇટી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે વેચાણનું દબાણ તમામ ક્ષેત્રોમાં વ્યાપક હતું. થોડા સમયના રોકાણપ્રવાહ પછી વિદેશી સંસ્થાકીય રોકાણકારો ફરીથી ચોખ્ખી વેચવાલી પર પાછા ફર્યા હોવાથી બજાર ઝડપથી તૂટી રહ્યું છે.

કોર્પોરેટ હલચલમાં ઇન્ફોસિસનું ગાઇડન્સ બજારની અપેક્ષા કરતાં નબળું રહ્યું હોવાથી તેના શેરમાં શુક્રવારે ૭.૦૯ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ઇન્ફોસિસે ચોથા ત્રિમાસિક પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૧ ટકાના વધારા સાથે જે ૮,૫૦૧ કરોડ રૂપિયાનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં રૂ. ૭,૦૩૩ કરોડ હતો. જ્યારે રેવેન્યૂ ૧૩.૪૦ ટકા વધીને રૂ. ૪૬,૪૦૨ કરોડ રહી હતી, જે પાછલા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૪૦,૯૨૫ કરોડ હતી.

યુટીઆઇ એએમસીએ માર્ચ ક્વાર્ટરમાં રેવેન્યુમાં ચાર ટકાના વધારા સામે રૂ. ૬૪ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે. હિંદુસ્તાન ઝીંક લિમિટેડે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૫૦૩૩ કરોડનો નફો નોંધાવ્યો છે. લાર્સન એન્ડ ટૂબ્રોએ ઇન્ડસ્ટ્રીઅલ ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. ઇન્વેન્ચર્સ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડ (આઇકેએસ)ની યુ.એસ. પેટાકંપની, ઇન્વેન્ચર્સ નોલેજ સોલ્યુશન્સ, ઇન્કે હેલ્થકેર ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રોવાઇડર, ટ્રુબ્રિજ, ઇન્ક. હસ્તગત કરવાના કરાર કર્યો છે. સ્વીડીશ ગેમીંગ કંપની એમટીજી એબીની સબ્સિડરી પ્લેસિમ્પલ ગેમ રૂ. ૩૧૫૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે.

# સોનાચાંદીની જ્વેલરીની નિકાસ પેટેના ડ્યૂટી ડ્રોબેક દરમાં વધારો

મુંબઈ: સરકાર દ્વારા સોનાચાંદીની જ્વેલરીની નિકાસ પેટેના ડ્યૂટી ડ્રોબેક દરમાં વધારો કરવામાં આવ્યો છે. અમેરિકાના ટેરિફ તથા ઈરાન યુદ્ધને કારણે તાજેતરમાં દેશમાંથી નિકાસને પડેલા ફટકા ઉપરાંત કાચા માલના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખી સરકાર વિવિધ માલસામાનના નિકાસકારોને રાહત પૂરી પાડવાના પગલાં લે છે.

આ પગલાંના ભાગરૂપ સરકારે સોનાચાંદીની જ્વેલરીના નિકાસકારોને રાહત આપવા નિર્ણય કર્યો છે. દેશના સોનાચાંદીની જ્વેલરીના નિકાસકારોને રાહત પૂરી પાડવાના ભાગરૂપે સરકારે ડ્યૂટી ડ્રોબેક નિયમો હેઠળ નિકાસકારોને વધુ રિફન્ડસ પૂરા પાડવા નિર્ણય જાહેર કર્યો છે.

૨૪ એપ્રિલના જારી કરાયેલા નોટિફિકેશન પ્રમાણે સોનામાંથી બનેલી જ્વેલરી અને પાર્ટસ માટેના નવા ડ્યૂટી ડ્રોબેક દર જે અગાઉ પ્રતિ ગ્રામ રૂપિયા ૬૩૯.૫૯ હતા તે વધારી રૂપિયા ૭૭૩.૧૭ કરાયા છે. આજ રીતે ચાંદીમાંથી બનેલી જ્વેલરી તથા તેના પાર્ટસ પેટેના દર જે અગાઉ પ્રતિ કિલો રૂપિયા ૯૦૮૯.૩૩ હતા તે વધારી રૂપિયા ૧૪૯૯૦.૬૬ કરાયા છે.

નિકાસ માટેના માલસામાનના ઉત્પાદન પેટે આયાત કરાયેલા કાચા માલ પર વસૂલવામાં આવતી કસ્ટમ્સ તથા એકસાઈઝ ડ્યૂટીને નિકાસકારોને ડ્યૂટી ડ્રોબેકના સ્વરૂપમાં રિફન્ડ આપવામાં આવે છે. અમેરિકા દ્વારા ટેરિફમાં અવારનવાર કરાઈ રહેલા ફેરબદલથી દેશના સોનાચાંદીના નિકાસકારોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર અસર પડી છે. ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે તાજેતરમાં સોનાચાંદીના વૈશ્વિક ભાવમાં જોરદાર વધારો થયો છે જેને કારણે આ કિંમતી ધાતુની આયાત મોંઘી પડી રહી છે.

# સરકારે લો-ગ્રેડ આયર્ન ઓરના ભાવનિર્ધારણ ધોરણોમાં સુધારો કર્યો

નવી દિલ્હી: યુદ્ધને કારણે સર્જાયેલા વિક્ષેપ વચ્ચ સ્ટીલ પુરવઠો વધી શકે અને વેડફાટ કે બગાડ ઘટી શકે માટે સરકારે લો-ગ્રેડ આયર્ન ઓરના ભાવનિર્ધારણ ધોરણોમાં સુધારો જાહેર કર્યો છે. આ પગલાથી લો-ગ્રેડ સંસાધનોને વ્યવહારુ ઉપયોગમાં લાવવાની અપેક્ષા છે.

ઉચ્ચ-ગ્રેડ થાપણોના ઘટાડાને સંબોધિત કરવામાં આવશે અને વૈજ્ઞાનિક ખાણકામ પદ્ધતિઓ દ્વારા ખનીજ સંરક્ષણને પ્રોત્સાહન આપવામાં આવશે. સરકારે લો-ગ્રેડ આયર્ન ઓરના ભાવનિર્ધારણ ધોરણોમાં સુધારો કરવા માટે નિયમોમાં જાહેર કરેલો સુધારો સ્ટીલ ઉદ્યોગને સતત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે આવા ભંડારનો ઉપયોગ વધારવામાં ઉપયુક્ત થશે એવી અપેક્ષા છે.

ખાણ મંત્રાલયે દસમી એપ્રિલ, ૨૦૨૬ના રોજ ખનીજો (પરમાણુ અને હાઇડ્રો કાર્બન ઉર્જા ખનિજો સિવાય) કન્સેશન (ત્રીજો સુધારો) નિયમો, ૨૦૨૬ને સૂચિત કર્યા છે, જેમાં બેન્ડેડ હેમેટાઇટ ક્વાર્ટઝાઇટ (બીએચક્યુ) અને બેન્ડેડ હેમેટાઇટ જેસ્પર (બીએચજે) સહિત થ્રેશોલ્ડ મૂલ્યથી નીચે હેમેટાઇટ આયર્ન ઓરના સરેરાશ વેચાણ ભાવના પ્રકાશન માટેની પદ્ધતિ પ્રદાન કરવામાં આવી છે, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

# એફઆઇઆઇ દ્વારા આ મહિને ₹ ૫૬૩.૬ અબજની વેચવાલી

મુંબઇ: વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) ભારતીય શેરબજારમાં સતત વેચવાલી કરી રહ્યા છે; પાછલા સપ્તાહ દરમિયાન તેઓ ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા. વિદેશી ફંડોએ કામચલાઉ વિનિમય ડેટાના આધારે રૂ. ૧૭૧.૪ અબજનું વેચાણ કર્યું હતું. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ બજારને મજબૂત ટેકો પૂરો પાડ્યો હતો, ગયા સપ્તાહ દરમિયાન ચોખ્ખા ખરીદદારો તરીકે ઉભરી આવ્યા હતા અને કામચલાઉ વિનિમય ડેટાના આધારે કુલ રૂ. ૯૭.૮ અબજનું રોકાણ કર્યું હતું.

મહિનાથી તારીખ સુધીનો ટ્રેન્ડ સતત ૧૦મા મહિના માટે સમાન રહ્યો છે, એપ્રિલ મહિનામાં એફઆઇઆઇએ આજ સુધી ભારતીય શેરબજારમાંથી રૂ. ૫૬૩.૬ અબજનું નોંધપાત્ર રોકાણ પાછું ખેંચ્યુ છે, જ્યારે ડીઆઇઆઇએ કામચલાઉ વિનિમય ડેટા મુજબ સમાન સમયગાળા દરમિયાન રૂ. ૩૯૪.૮ અબજનું રોકાણ કર્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા યુ.એસ.-ઈરાન યુદ્ધવિરામ લંબાવવામાં આવ્યા બાદ ભૌગોલિક-રાજકીય સમાચાર સંસ્થાકીય પ્રવાહ પર અસર ધરાવે છે, જ્યાં સુધી તહેરાન યુએસ અને ઇઝરાયલ સાથેના સંઘર્ષને સમાપ્ત કરવા માટે એકીકૃત પ્રસ્તાવ રજૂ ન કરે ત્યાં સુધી વૈશ્વિક બજારોમાં સ્થિરતા સંભવ નથી. સીઝફાયરતી ભૂરાજકીય ઉછાળા અંગેની ચિંતાઓ થોડા સમય માટે ઓછી થઈ છે પરંતુ લાંબા સમય સુધી અનિશ્ચિતતા વધવાની શક્યતા છે.

ગયા સપ્તાહે પાંચેય ટ્રેડિંગ સત્રો દરમિયાન વિદેશી ફંડો ચોખ્ખા વેચવાલ રહ્યા હતા અને અઠવાડિયાના બીજા ભાગમાં વેચાણનું પ્રમાણ વધ્યું હતું. નિફ્ટીએ તેનો બે અઠવાડિયાનો વિજયી સિલસિલો તોડી નાખ્યો અને અઠવાડિયાના બીજા ભાગમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો અને લગભગ બે ટકા ઘટીને બંધ થયો હતો. ભૂ-રાજકીય તણાવ પર સ્પષ્ટતા અને વાટાઘાટોનો માર્ગ હજુ પણ અવરોધીત હોવાથી બજારના સેન્ટિમેન્ટમાં સાવચેતી રહેવાની છે. ખાસ કરીને હોર્મુઝના નિર્ણાયક સ્ટ્રેટની આસપાસ ઇરાન અને અમેરિકાના બ્લોકેડને કારણે પુરવઠાની ચિંતાઓ વચ્ચે બ્રેન્ટ ક્રૂડના ભાવ ઊંચા રહેવાની ધારણા છે. હાલ બેરલદીઠ ૧૦૦ ડોલરથી વધીને ૧૦૬ ડોલર જેવો ભાવ બોલાઇ રહ્યો છે. આગળ જોતાં, સંસ્થાકીય પ્રવૃત્તિ મુખ્યત્વે વૈશ્વિક સમાચાર પ્રવાહ દ્વારા સંચાલિત થવાની ધારણા છે, જેમાં યુએસ-ઈરાન વાટાઘાટોમાં થયેલા વિકાસ ભૂરાજકીય સ્થિરતા અને વૈશ્વિક ઊર્જા બજારો પર તેમની સંભવિત અસરને કારણે મુખ્ય દેખરેખ હેઠળ રહેશે.

# અખાતી દેશોમાં તળિયે પહોંચેલી ઇજનેરી નિકાસ જર્મની અને ચીનમાં વધી

મુંબઇ: હોર્મુઝ સ્ટ્રેઇટમાં નાકાબંધી વચ્ચે સંયુક્ત અરબ અમિરાત અને સાઉદી અરેબિયા જેવા અખાતી દેશોમાં ઇજનેરી નિકાસ તળિયે પહોંચી છે, જ્યારે બીજી તરફ જર્મની અને ચીન સહિતના દેશોમાં તેમાં વધારો નોંધાયો છે. પશ્ચિમ એશિયા યુદ્ધ અને શિપિંગ રૂટ બંધ થવાને કારણે ભારતની એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસમાં ભારે ઘટાડો નોંધાયો છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના બજારમાં શિપમેન્ટમાં ૬૬.૮ ટકા અને સાઉદી અરેબિયામાં ૪૫ ટકાનો ઘટાડો થયો છે.

માર્ચમાં યુએઈમાં એન્જિનિયરિંગ માલની નિકાસ ઘટીને ૨૩૭.૪ મિલિયન ડોલર થઈ છે, જે પાછલા વર્ષના સમાન સમયગાળામાં ૭૧૪.૮ મિલિયન ડોલર હતી. સાઉદી અરેબિયાની નિકાસ માર્ચ ૨૦૨૫માં ૪૫૦.૫ મિલિયન ડોલરથી ઘટીને ૨૪૭.૭ મિલિયન ડોલર થઈ હતી. યુએઈ વેપાર-ટ્રાન્સશિપમેન્ટ હબ હોવાથી, ઘણા ભારતીય નિકાસકારો યુરોપ, આફ્રિકા અને યુએસએ સાથે વધુ વેપાર માટે ત્યાં વેરહાઉસ ધરાવે છે. આ ક્ષેત્રમાં તાજેતરના ભૂ-રાજકીય સંઘર્ષોએ પણ આ વેરહાઉસ પ્રવૃત્તિઓને અસર કરી હોવાનું એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું.

મુખ્ય પશ્ચિમ એશિયાઈ બજારોમાં ફટકો પડયો હોવા છતાં, આ મહિના દરમિયાન એકંદર એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસ ૧.૧૩ ટકા વધીને ૧૦.૯૪ બિલિયન ડોલર થઈ હતી. ૨૦૨૫-૨૬ દરમિયાન એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસ ૪.૮૬ ટકા વધીને ૧૨૨.૪૩ બિલિયન ડોલર થઈ હતી.

૨૦૨૫-૨૬માં કુલ વેપારી નિકાસમાં આ ક્ષેત્રનો હિસ્સો ૨૭.૭૧ ટકા હતો. માર્ચ ૨૦૨૬માં આ હિસ્સો ૨૮.૧૧ ટકાથી પણ વધુ સારો હતો. આગળ જતાં, નિકાસ ગતિને ટકાવી રાખવા અને લાંબા ગાળાના નિકાસ લક્ષ્યો તરફ આગળ વધવા માટે ક્ષેત્રીય સ્થિતિસ્થાપકતા, બજાર વૈવિધ્યકરણ અને લક્ષિત નીતિગત હસ્તક્ષેપોનું સંયોજન મહત્વપૂર્ણ બની રહેશે.

સપ્ટેમ્બર અને જાન્યુઆરી દરમિયાન વધારાના ટેરિફ દબાણ હોવા છતાં, યુએસ ભારતીય એન્જિનિયરિંગ નિકાસ માટે સૌથી મોટું બજાર રહ્યું, જે ૫૦ ટકા જેટલું ઊંચું હતું. યુએસમાં નિકાસ ૨.૩ ટકા વધીને ૧૯.૬ બિલિયન ડોલર થઈ હતી.

અન્ય ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા બજારોમાં જર્મનીનો સમાવેશ થાય છે જ્યાં શિપમેન્ટ વાર્ષિક ધોરણે ૧૪.૬ ટકા વધીને ૪.૯૬ બિલિયન ડોલર, યુકે ૧૮.૨ ટકા વધીને ૪.૭૪ બિલિયન ડોલર, ચીન ૩૨.૪ ટકા વધીને ૩.૫૩ બિલિયન ડોલર અને કોરિયા ૧૬.૭ ટકા વધીને ૩.૦૩ બિલિયન ડોલર રહ્યા હતા. નેધરલેન્ડ્સ, વિયેતનામ, સ્પેન અને બેલ્જિયમ બજારો અન્ય ઉચ્ચ પ્રદર્શન બજારો હતા.

લોખંડ અને સ્ટીલ અને તેના ઉત્પાદનોની નિકાસ સાત ટકા વધીને ૨૦.૬૭ અબજ ડોલર થઈ હતી. અન્ય ધાતુ ઉત્પાદનોની નિકાસ ૧૯ ટકા વધીને ૧૪.૧૯ અબજ ડોલર થઈ હતી. ઔદ્યોગિક મશીનરીની નિકાસ સાત ટકા વધીને ૧૫.૩૬ અબજ ડોલર અને ઇલેક્ટ્રિકલ મશીનરીની નિકાસ સાત ટકા વધીને ૧૫.૩ અબજ ડોલર થઈ.

ઓટો સેક્ટરની નિકાસ ૧૪.૩ ટકા વધીને ૨૬.૮ અબજ ડોલર થઈ હતી. એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસમાં આ ક્ષેત્રનો હિસ્સો સૌથી વધુ હતો. ઓટો સેક્ટરમાં, મોટર વાહન અને કારની નિકાસ ૨૩ ટકા વધીને ૧૧.૦૮ અબજ ડોલર થઈ હતી. ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરની નિકાસ ૨૪ ટકા વધીને ૩.૯ અબજ ડોલર જ્યારે ઓટો કોમ્પોનન્ટ નિકાસ પાંચ ટકા વધીને ૮.૫૬ અબજ ડોલર રહી હતી. ટાયરની નિકાસ ચાર ટકા વધીને ૩.૨૦ અબજ ડોલર જ્યારે બાંધકામ મશીનરીની નિકાસ ૨૦ ટકા વધીને ૩.૬ બિલિયન ડોલર થઈ હતી.

# ભારતમાં ૨૦૪૭ સુધીમાં ૩૫૦ એરપોર્ટ અને એક અબજ મુસાફરોની ધારણા

મુંબઈ: ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર એક નિર્ણાયક તબક્કામાં પ્રવેશી રહ્યું છે અને ૨૦૪૭ સુધીમાં ૩૫૦ એરપોર્ટ અને એક અબજ મુસાફરોની અવરજવર રહેવાની ધારણાં છે. તાજેતરની ભૂ-રાજકીયઘટનાઓએ એવિએશન ક્ષેત્રની નબળાઈઓ, રૂટ અને ખર્ચને લગતા પડકારો તથા કાર્યકારી કાર્યક્ષમતાને અસર કરતી બાબતોને પ્રકાશિત કરી છે. જોકે, એ જ સમયે વૈશ્વિક સ્તરે, ઉદ્યોગ ડિજિટલ પરિવર્તન, સસ્ટેને-બિલિટી અને લોજિસ્ટિક્સ, પર્યટન અને વેપારમાં ઊંડા એકીકરણ દ્વારા આકાર આપવામાં આવી રહ્યો છે, એમ જણાવતાં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મુખ્ય સલાહકાર ડો. શરદ કુમારે એરપોર્ટ૩૬૦ એક્સ્પો દરમિયાન કહ્યું હતું કે, આ સંદર્ભમાં, ભારતને વધતી માગ તેમ જ માળખાગત સુવિધાઓના વિસ્તરણ જોતા ૨૦૪૭ સુધીમાં લગભગ ૩૫૦ એરપોર્ટ સુધી વિકાસ સાધવાનો અવકાશ છે.

ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર પરિવર્તનના નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે, જેમાં એરપોર્ટ વિકાસ ક્ષમતા નિર્માણથી આગળ વધીને કામગીરી, કાર્યક્ષમતા અને મુસાફરોના ઉત્તમ અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

ભારત પહેલાથી જ વૈશ્વિક સ્તરે ટોચના ત્રણ સ્થાનિક ઉડ્ડયન બજારોમાંનો એક છે, જેમાં ૨૦૨૫માં મુસાફરોનો ટ્રાફિક લગભગ ૪૧૨ મિલિયન સુધી પહોંચ્યો છે, જે મજબૂત વૃદ્ધિ ગતિને પ્રતિબિંબિત કરે છે. આ ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં લગભગ ૫૦૦ મિલિયન મુસાફરોને સંભાળશે અને ૨૦૪૭ સુધીમાં એક અબજ સુધી પહોંચશે તેવી અપેક્ષા છે, જે સતત માગ અને કાફલાના વિસ્તરણને સમર્થન આપે છે, જેમાં ૧,૦૦૦થી વધુ વિમાનોના ઓર્ડર છે.

# લઘુ ઉદ્યોગોના આઠ લાખ કરોડ રૂપિયા મોટા ઉદ્યોગોમાં સલવાયેલા છે!

મુંબઇ: એમએસએમઇની સવલત માટે તેમના બિઝનેસમાં નાણાનો ફ્લો અટકે નહીં તે માટે સરકારે અમલમાં મુકેલી ૪૫ દિવસમાં પેમેન્ટની સ્કીમને મોટા ઉદ્યોગો ઘોળીને પી ગયા છે. સ્કીમ બહુ મોટાપાયે શરૂ કરી હતી પરંતુ તેના અમલીકરણના ધાંધીયા શરૂ થયા છે. જે કંપનીઓ ૪૫ દિવસમાં એમએસએમઇને પેમેન્ટ ના કરે તેમની સામે ટોક્ષ સહીતના કડક પગલાંની જાહેરાત કરાઇ હતી, પરંતુ પોતાની સ્કીમના અમલીકરણમાં સરકાર નબળી પુરવાર થઇ છે. મોટા ઉદ્યોગો એમએસએમઇને ગાંઠતા નથી અને તેમની પેમેન્ટ ટલ્લે ચઢાવવાની નિતી ચાલુ રાખી છે. ઉદ્યોગના અંદાજો અને સરકારી મૂલ્યાંકન મુજબ, સમગ્ર ભારતમાં માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝિસ (એમએસએમઇ)ની આવી બાકી લેણી રકમ અંદાજે રૂ. ૮.૧ લાખ કરોડ હોવાનો અંદાજ છે.

અહીં મહત્વની બાબત એ છે કે એમએસએમઇ એક્ટ હેઠળ એમએસએમઇને ૪૫ દિવસની અંદર ચુકવણી કરવી કાયદેસર રીતે ફરજિયાત છે. પરંતુ મોટા ઉદ્યોગો કાયદાને ગાંઠતા નથી. આ લેણાંના ઇન્વોઇસ (બિલ) બની ગયા છે, પરંતુ અપેક્ષિત સમયમર્યાદામાં તેની પતાવટ થઈ નથી, જે ઘણીવાર ૬૦થી ૯૦ દિવસ અથવા તેનાથી વધુ સમય સુધી ખેંચાય છે.

એમએસએમઇ માટે, આનાથી રોકડ પ્રવાહ (કેશ ફ્લો) પર તાત્કાલિક દબાણ આવે છે. કાર્યકારી મૂડીનો મોટો હિસ્સો લેણાંમાં ફસાયેલો રહે છે, જે કેટલાક કિસ્સાઓમાં ૭૦થી ૮૦ ટકા જેટલો ઊંચો હોય છે, જે તેમની કામગીરી માટે ભંડોળ પૂરું પાડવાની ક્ષમતાને મર્યાદિત કરે છે. વ્યવસાયો આના જવાબમાં વેન્ડર પેમેન્ટ્સમાં વિલંબ કરીને, ઓર્ડરમાં કાપ મૂકીને અથવા ટૂંકા ગાળાના ધિરાણ પર નિર્ભર રહીને પ્રતિક્રિયા આપે છે. ઘણા લોકો માટે, આ ઉધાર લેવું ખૂબ મોંઘું પડે છે.

નાના કારખાના સાથે સંકળાયેલા લોકો કહે છે કે જ્યારે ચુકવણીમાં ૬૦ થી ૯૦ દિવસનો વિલંબ થાય છે, ત્યારે વ્યવસાયો અસંગઠિત ક્રેડિટ માર્કેટ તરફ વળે છે જ્યાં વ્યાજ દર મહિનાના ત્રણથી પાંચ ટકા સુધી હોઈ શકે છે, જે અસરકારક રીતે તેમના નફાને ખતમ કરી નાખે છે. મોટી કંપનીઓ અસરકારક રીતે એમએસએમઇ સપ્લાયર્સનો વ્યાજમુક્ત કાર્યકારી મૂડીના સ્ત્રોત તરીકે ઉપયોગ કરે છે. આનાથી તરલતાનું દબાણ સપ્લાય ચેઇનમાં નીચે તરફ જાય છે, જેમાં નાની કંપનીઓએ તેનો પ્રભાવ સહન કરવો પડે છે.

કાયદો કહે છે કે એમએસએમઇ એક્ટ હેઠળ ૪૫ દિવસમાં ચુકવણી ફરજિયાત છે. જોકે, લાંબા પેમેન્ટ સાયકલ હજુ પણ સામાન્ય બાબત બની રહી છે. એમએસએમઇ મોટાભાગે મર્યાદિત સંખ્યામાં મોટા ખરીદદારો પર નિર્ભર હોય છે. કાનૂની ઉપાયો ઉપલબ્ધ છે પરંતુ વ્યવસાયિક જોખમોને કારણે તેનો વ્યાપકપણે ઉપયોગ થતો નથી.

# વિદેશી ફંડોએ ભારતીય શૅરબજારમાંથી ત્રણ મહિનામાં આખા વર્ષ જેટલા શૅર ફૂંકી દીધાં!

મુંબઈ : અમેરિકા-ઈરાન યુદ્ધને પરિણામે ક્રુડ તેલના ભાવમાં આવેલા ઉછાળાની ભારતના આર્થિક વિકાસ પર અસર પડવાની શકયતાને ધ્યાનમાં રાખી વૈશ્વિક ફંડોએ વર્તમાન વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં જ ભારતીય ઇક્વિટી બજારમાં ૧૮.૮૪ અબજ ડોલરનું વેચાણ કર્યું છે, જે ગયા સંપૂર્ણ વર્ષ દરમિયાન કરાયેલા ૧૮.૭૯ અબજ ડોલરના વેચાણને પાર કરી ગયું છે.વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત વેચવાલીથી બજાર દબાણ હેઠળ રહ્યા કરે છે અને યુદ્ધ વિરામની જાહેરાત છતાં ગયા સપ્તાહમાં બજારના મૂડમાં સાવચેતીભર્યો સુધારો જોવા મળ્યો હતો. ગયા વર્ષની ઓલટાઈમ હાઈથી ભારતીય ઈક્વિટીસની માર્કેટ કેપમાં ૬૦૦ અબજ ડોલરનું ધોવાણ થઈ ગયું છે. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના આક્રમણથી ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી) ક્ષેત્રની કંપનીઓ પર અસર, અમેરિકા દ્વારા ટેરિફ મુદ્દે બદલાતી સ્થિતિ તથા યુદ્ધને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાએ દેશની ૪.૮૦ ટ્રિલિયન ડોલરની ઈક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારોનું આકર્ષણ ઘટી ગયાનું જણાય છે. ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે ડોલર સામે રૂપિયામાં બોલાઈ ગયેલા કડાકાએ સ્થિતિને વધુ વણસાવી છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

ભારતની સરખામણીએ દક્ષિણ કોરિઆ તથા તાઈવાન જેવી ઊભરતી બજારો સારી કામગીરી કરી રહી છે. વર્તમાન મહિનામાં વિદેશી રોકાણકારોએ દક્ષિણ કોરિઆમાં ૩.૬૦ અબજ ડોલર જ્યારે તાઈવાનમાં ૫.૬૦ ડોલર ઠાલવ્યા છે, જ્યારે ભારતમાંથી ત્રણ અબજ ડોલર જેટલી રકમ પાછી ખેંચી લેવાઈ હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

જો કે ભારતમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની સતત લેવાલીને પગલે ઈક્વિટીસને ટેકો મળી રહ્યો છે. એફઆઈઆઈની વેચવાલી સામે ડીઆઈઆઈની ખરીદી જોવા મળી રહી છે. મ્યુચ્યુઅલ ફન્ડસ તથા નાણાં સંસ્થાઓએ મળીને વર્તમાન વર્ષમાં અત્યારસુધી ૩૧ અબજ ડોલરની ઠાલવણી કરી છે. ભારતીય ઈક્વિટીસના મૂલ્યાંકન હાલમાં વ્યવહારુ સ્તરે આવી ગયા હોવાથી યુદ્ધની સમાપ્તિ બાદ ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની ખરીદી નીકળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# હવે ₹ ૧૫,૦૦૦ સુધીના ઓટો-ડેબિટ માટે ઓટીપીની જરૂર નહીં

મુંબઇ: ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઇ)એ ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકોની સુવિધા વધારવા માટે એક મોટું પગલું ઉઠાવ્યું છે. નવા નિયમો અનુસાર, હવે રૂ. ૧૫,૦૦૦ સુધીના ઓટોમેટિક પેમેન્ટ માટે ગ્રાહકોએ વારંવાર ઓટીપી કે પાસવર્ડ નાખવાની જરૂર નહીં પડે.

આ સુવિધાનો સીધો લાભ ઓટીટી સબસ્ક્રિપ્શન, વીજળી બિલ અને મોબાઈલ રિચાર્જ જેવા નિયમિત ચૂકવણા કરતા કરોડો યુઝર્સને મળશે. આ ઉપરાંત, જો કોઈ ગ્રાહકનો ડેબિટ કે ક્રેડિટ કાર્ડ બદલાય છે, તો તેની સાથે જોડાયેલા જૂના ઈ-મેન્ડેટ આપમેળે નવા કાર્ડ પર ટ્રાન્સફર થઈ જશે, જેથી પેમેન્ટ અટકવાની સમસ્યા રહેશે નહીં.

અત્યાર સુધીની વ્યવસ્થામાં એક ચોક્કસ મર્યાદાથી વધુની રકમ માટે દર વખતે ઓટપી આપવો ફરજિયાત હતો. ઘણીવાર નેટવર્કની સમસ્યા કે ઓટીપી મોડો આવવાને કારણે પેમેન્ટ ફેલ થતું હતું, જેના લીધે પેનલ્ટી લાગતી અથવા સર્વિસ બંધ થઈ જતી હતી. હવે આરબીઆઇએ આ પ્રક્રિયાને સરળ બનાવી દીધી છે. ખાસ વાત એ છે કે, વીમા પ્રીમિયમ, મ્યુચ્યુઅલ ફંડ અને ક્રેડિટ કાર્ડ બિલ માટે આ મર્યાદા વધારીને એક લાખ રૂપિયા સુધી કરી દેવામાં આવી છે.



મત મારો અધિકારઃ લોકશાહીમાં સૌથી મૂલ્યાવાન હોય તો તે નાગરિકનો મત છે. ગુજરાતમાં ૯૦૦૦ કરતા વધારે સ્થાનિક સ્વરાજ્યની બેઠકની ચૂંટણીમાં મતદાન કરવા લોકો આવ્યા હતા. રાજકોટ, ભાવનગર,જૂનાગઢ સહિત સમગ્ર રાજ્યમાં લોકોએ ૪૨થી ૪૪ ડિગ્રી ગરમી વચ્ચે પણ પોતાની ફરજ નિભાવી હતી. ક્યાંક વરઘોડે ચડતા પહેલા વરરાજો મત નાખવા આવ્યો હતો તો ક્યાક ૧૦૧ વર્ષની ઉંમરના વૃદ્ધાએ પણ પોતાની ફરજ નિભાવી હતી. કોઈક વ્હિલચેરમાં આવ્યું હતું તો કોઈકને દૃષ્ટિ ન હોવા છતાં મત આપવામાં અવ્યું હતું. મતદાન કરવા સામાન્ય નાગરિકોથી માંડી રાજવી પરિવારો અને સંતો પણ આવ્યા હતા. આ વિવિધ તસવીરો એ વાતનો અહેસાસ કરાવે છે કે લોકો લોકશાહીમાં પોતાનો હક અને ફરજ સમજે છે મતદાન કરે છે. (વિપુલ હિરાણી, પ્રવિણ સેદાની,હરેશ સોની)

# ભાવનગરના તળાજા પંથકના ખેડૂતો કેળાના પાક તરફ વધુ વળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાની તળાજા તાલુકામાં છેલ્લા કેટલાક વર્ષોમાં કેળાના પાકનું વાવેતર નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. ખાસ કરીને બેલા, લાકડીયા, ચૂડી, માનાર, દિહોર અને રાજપરા જેવાં ગામોમાં ખેડૂતો કેળાના પાકને આધુનિક પદ્ધતિઓ સાથે અપનાવી રહ્યા છે. આ વિસ્તારમાં મોટાભાગના ખેડૂતો ડ્રિપ ઇરિગેશન પદ્ધતિ દ્વારા કેળાનું વાવેતર કરે છે, જે પાણીની બચત સાથે પાકને યોગ્ય ભેજ પૂરો પાડવામાં મદદરૂપ બને છે.

તળાજા વિસ્તારમાં કેળાનું વાવેતર સામાન્ય રીતે ફેબ્રુઆરી -માર્ચ મહિનામાં કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન રોપા ખૂબ જ કુમળા હોય છે અને માર્ચ-એપ્રિલના ઊંચા તાપમાન તથા ગરમ પવનના કારણે રોપા ઉપર નકારાત્મક અસર થવાની શક્યતા રહે છે. આ પડકારને પહોંચી વળવા માટે ખેડૂતો એક નવીન અને પ્રાકૃતિક પદ્ધતિ અપનાવી રહ્યા છે, જેમાં કેળાના છોડની આસપાસ ઈક્કડનું વાવેતર કરવામાં આવે છે.

આ પદ્ધતિના અનેક ફાયદા જોવા મળે છે. ઈક્કડનું વાવેતર કેળાના કુમળા છોડને સીધા તાપ અને ગરમ પવનથી રક્ષણ આપે છે, જેનાથી છોડનો પ્રારંભિક વિકાસ સારી રીતે થાય છે. આશરે ૪૫ દિવસ પછી ઈક્કડને કાપીને જમીન પર મલ્ચિંગ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ મલ્ચિંગ પદ્ધતિથી જમીનમાં નિંદામણનું નિયંત્રણ થાય છે તેમજ જમીનનું તાપમાન સંતુલિત રહે છે. ઉપરાંત, ઈક્કડના અવશેષો જમીનમાં સડીને ઓર્ગેનિક કાર્બન અને પોષક તત્વોમાં વધારો કરે છે, જે લાંબા ગાળે જમીનની ઉર્વરતા વધારવામાં મદદરૂપ બને છે.

કૃષિ નિષ્ણાત ડી. એન. ઝાલાના જણાવ્યા મુજબ, કેળાના પાકમાં ઈક્કડ સાથે ચણ, કઠોળ અને તલ જેવા પાકોનું ઇન્ટરક્રોપિંગ કરવાથી વધુ સારા અને અસરકારક પરિણામો મળે છે. આ પદ્ધતિથી ખેડૂતોને વધારાની આવક સાથે જમીનનું સ્વાસ્થ્ય સુધારવામાં પણ મદદ મળે છે.

આવી વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવીને તળાજા તાલુકાના ખેડૂતો કેળાના પાકમાં સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે. જો અન્ય ખેડૂતો પણ આ મોડેલને અપનાવે તો તે ખેતીને વધુ ટકાઉ અને લાભદાયી બનાવી શકે છે. ■

# એમેઝોન પર વસ્તુ પરત કરવાના બહાને શિણાયની મહિલા સાથે ₹ ૪.૯૦ લાખની ઓનલાઈન છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઓનલાઈન ઈ-કોમર્સ સાઈટ પરથી મગાવેલી વસ્તુ પરત કરવાના પ્રયાસમાં ગાંધીધામના શિણાયની એક મહિલા સાયબર ક્રાઈમનો શિકાર બની છે. અજાણ્યા શખ્સે એમેઝોન કસ્ટમર કેરના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી મહિલાના ખાતામાંથી રૂ. ૪,૯૦,૦૩૫ની રકમ સેરવી લેતા ચકચાર મચી ગઈ હતી. આ મામલે ગાંધીધામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શિણાયમાં રહેતા અને ઘરકામ કરતા કોમલબા હરદેવસિંહ સરવૈયાએ એમેઝોનમાંથી મગાવેલી એક વસ્તુ પરત એટલે કે, રિટર્ન કરવાની હતી. આ માટે તેમણે અમેઝોન પર રિટર્ન પ્રોસિજર કરવાને બદલે ગૂગલ પરથી એમેઝોન કસ્ટમર કેરનો નંબર શોધ્યો હતો. આ બોગસ નંબર પર સંપર્ક કરતા અજાણ્યા આરોપીએ પોતે કસ્ટમર કેરમાંથી બોલે છે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. ભેજાબાજે વોટ્સએપ અને વીડિયો કોલ દ્વારા ફરિયાદી પાસે તેમના ડેબિટ કાર્ડના ફોટા માંગ્યા હતા, પરંતુ સાવચેતી દાખવી મહિલાએ ફોટા આપવાનો ઈન્કાર કર્યો હતો.

ડેબિટ કાર્ડની વિગતો ન મળતા ઠગબાજે નવો કિમીયો અપનાવ્યો હતો. તેણે ફરિયાદી પાસે તેમના મોબાઈલ નંબર પોર્ટ કરવાનો મેસેજ કરાવ્યો હતો. આ પ્રક્રિયા બાદ ફરિયાદીનો મોબાઈલ ફોન બંધ થઈ ગયો હતો, જેનો લાભ લઈ આરોપીએ ગત તા. ૧૪-૦૪ થી તા. ૨૦-૦૪ના સમયગાળા દરમિયાન ફરિયાદીના ગૂગલ-પે એકાઉન્ટ સાથે જોડાયેલા બેંક ખાતામાંથી જુદા-જુદા પાંચ વ્યવહાર કરી કુલ રૂ. ૪,૯૦,૦૩૫ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.

પોલીસે આ મામલે ઠગાઈ અને વિશ્વાસઘાતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવને પગલે પોલીસ વિભાગે નાગરિકોને ખાસ અપીલ કરી છે કે

કોઈપણ કંપનીના કસ્ટમર કેર નંબર હંમેશા તે કંપનીની સત્તાવાર વેબસાઈટ પરથી જ મેળવવા ગૂગલ સર્ચમાં આવતા અજાણ્યા નંબરો પર આંખ મીંચીને વિશ્વાસ ન કરવો.

કોઈપણ અજાણી વ્યક્તિના કહેવાથી મોબાઈલ પર મેસેજ કરવા કે લિંક ક્લિક કરવી નહીં. લોકશાહીના આ યુગમાં ડિજિટલ વ્યવહારો કરતી વખતે પૂરતી જાગૃતિ જ આવા આર્થિક નુકસાનથી બચાવી શકે છે. ■

# કચ્છમાં કાળઝાળ ગરમી સામે આરોગ્યતંત્ર 'ઍલર્ટ': હિટવેવના દર્દીઓ માટે જિલ્લામાં ૭૦ સ્પેશિયલ બેડ અનામત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સૂકા રણપ્રદેશ કચ્છમાં હાલ પ્રવર્તી રહેલી તીવ્ર ગરમી અને હીટવેવની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક સ્તરે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા મથક ભુજમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચતા જનજીવન પ્રભાવિત થયું છે, જ્યારે જિલ્લાના મોટાભાગના મથકોમાં તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ નોંધાતા આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાતો આ તીવ્રતા પાછળ 'સુપર એલ-નીન્યો' ની અસરને જવાબદાર ગણાવી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ આરોગ્ય અધિકારીઓને સજ્જ રહેવા આદેશ આપ્યા છે.

ખતરનાક હીટવેવની અસર હેઠળ આવતા દર્દીઓની તાત્કાલિક સારવાર માટે જિલ્લાભરની વિવિધ આરોગ્ય સંસ્થાઓમાં કુલ ૭૦ બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે. જેમાં જિલ્લા હૉસ્પિટલ (ભુજ)માં ૧૦ બેડ, સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં ૫ બેડ, પ્રત્યેક સામૂહિક આરોગ્ય દીઠ ૨ બેડ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે.

આ તમામ કેન્દ્રો પર 'કુલિંગ થેરાપી' ની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી લૂ લાગવાના કેસમાં દર્દીના શરીરનું તાપમાન તાત્કાલિક નિયંત્રિત કરી શકાય. જિલ્લાની કુલ ૧૧૯ આરોગ્ય સુવિધાઓ ખાતે આધુનિક ઉપકરણો દ્વારા ઠંડક જાળવવાની વ્યવસ્થા કરાઈ છે. તંત્ર પાસે હાલ ૧૦૪ રેફ્રિજરેટર, ૯૧ ડીપ ફ્રીઝર અને ૧૩૪ ઘરેલુ ફ્રીઝ કાર્યરત છે. દર્દીઓની સારવાર માટે કુલ ૧૧,૭૨૯ આઈસપેકનો જથ્થો તૈયાર રાખવામાં આવ્યો છે, જે ગંભીર કિસ્સાઓમાં શરીરનું તાપમાન ઘટાડવા કામ લાગશે.

તાત્કાલિક સારવાર માટે જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સ ઉપરાંત અન્ય ૩૮ એમ્બ્યુલન્સ સેવામાં રાખવામાં આવી છે, જેમાં આઈસપેકની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. ફિલ્ડ લેવલ પર કામગીરી માટે ૩૪ મોબાઈલ ટીમ અને ૪૧૬ પેરામેડિકલ સ્ટાફ ની ટીમોને તહેનાત કરવામાં આવી છે, જે ગ્રામીણ વિસ્તારોમાં દેખરેખ રાખશે.

દરમ્યાન, જિલ્લા આરોગ્ય તંત્રએ સુપર એલ-નીન્યોની અસરને પગલે વધતી જતી ગરમી સામે નાગરિકોને સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે જે અંતર્ગત તરસ ન લાગે તો પણ નિયમિત અંતરે પૂરતું પાણી પીવું, તરબૂચ, કાકડી, નાળિયેરપાણી અને લીંબુપાણીનું સેવન કરવું. બપોરના ૧૨ થી ૫ વાગ્યા દરમિયાન બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું અને સુતરાઉ કપડાં પહેરવા વગેરેનો સમાવેશ થાય છે. ■

## લોકશાહીના પર્વમાં ગંભીર છબરડોઃ
# આદિપુરમાં જીવિત મતદારોને મૃત દર્શાવી યાદીમાંથી નામ કાઢી નાખ્યા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના આદિપુર શહેરના વોર્ડ નંબર ૪-એ.એફ. વિસ્તારમાં જીવિત મતદારોને સરકારી ચોપડે મૃત જાહેર કરી દેવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક જ પરિવારના ત્રણ સભ્ય હયાત હોવા છતાં મતદારયાદીમાં તેમને મૃતક દર્શાવી નામ કમી કરવાના કથિત કાવતરા મામલે પોલીસમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવા અરજી કરવામાં આવી છે. અરજદાર વિશાલ મોહનભાઈ સોલંકીએ પોલીસ મથકે આપેલી અરજીમાં જણાવ્યું છે કે, તેઓ જ્યારે આગામી સમય માટે મતદારયાદીમાં પોતાના નામની ચકાસણી કરવા ગયા ત્યારે માલૂમ પડ્યું હતું કે યાદીમાં તેમનું નામ નથી. આ અંગે વધુ તપાસ કરી વર્ષ ૨૦૨૫માં કરાયેલા પંચકામ અને રોજકામના દસ્તાવેજો મેળવતા તેમાંથી ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. દસ્તાવેજોની તપાસમાં જાણવા મળ્યું હતું કે, અરજદાર વિશાલભાઈ, તેમના માતા અને તેમના ભાઈ ત્રણેય હયાત હોવા છતાં, સરકારી પંચકામમાં તેમને મૃતક બતાવી દેવામાં આવ્યા હતા. આ ખોટા પંચકામના આધારે જ તેમના નામ મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. અરજદારે આક્ષેપ કર્યો છે કે, ત્રણ શખસે પૂર્વ આયોજિત કાવતરું રચીને તેમને મતદાનના પવિત્ર અધિકારથી વંચિત રાખવા માટે આ કૃત્ય કર્યું છે. આ કથિત કાવતરામાં સામેલ ત્રણેય શખસ સામે નામજોગ ફરિયાદ કરી કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવા અરજદારે પોલીસને લેખિતમાં રજૂઆત કરી છે. મતદારયાદી જેવા સંવેદનશીલ દસ્તાવેજમાં આ પ્રકારે જીવિત વ્યક્તિઓને મૃત દર્શાવવાના કિસ્સાએ વહીવટી તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા કર્યા છે. ■

# ભાવનગરના મહુવામાં મતદાન કરી પરત ફરતા યુવાનની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા ખાતે આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન દરમિયાન એક હિંસક ઘટના પ્રકાશમાં આવી હતી. લોકશાહીના પર્વ સમાન મતદાનના દિવસે જ શહેરના નવા બસ સ્ટેશન વિસ્તારમાં મતદાન કરીને પરત ફરી રહેલા એક યુવાનની બે અજાણ્યા શખ્સો દ્વારા છરીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

ખૂનના આ બનાવની મળતી માહિતી મુજબ મૂળ અમરેલી જિલ્લાના રાજુલાનો વતની અને હાલ મહુવા ખાતે કામગીરી અર્થે રહેતો સમીરભાઈ સાલેભાઈ ચાફાઈ નામનો ૨૬ વર્ષીય યુવાન આજે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકે ગયો હતો. મતદાન પ્રક્રિયા પૂર્ણ કરીને જ્યારે તે નવા બસ સ્ટેશન વિસ્તાર પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અગાઉથી જ તકની રાહ જોઈને બેઠેલા બે શખ્સોએ તેને આંતર્યો હતો. કોઈ પણ જાતની સમજૂતી કે વાતચીત પહેલા જ આ હુમલાખોરોએ સમીરભાઈ પર છરી વડે જીવલેણ હુમલો કરી દીધો હતો.

હુમલાખોરોએ યુવાનના શરીર પર છરીના અનેક ઘા ઝીંકીને તેને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં પડેલા યુવાનને તાત્કાલિક સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ વધુ પડતો રક્તસ્રાવ થઈ જવાથી ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યા પાછળ જૂની અંગત અદાવત હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવાન અગાઉ આરોપીઓ સાથેના ઝઘડાને કારણે રાજુલા ખાતે રહેવા જતો રહ્યો હતો, પરંતુ રવિવારે મતદાન માટે તે મહુવા આવ્યો હોવાની જાણ થતાં જ આરોપીઓએ આ ક્રૂર કૃત્યને અંજામ આપ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ચૂંટણીના દિવસે જ ધોળા દિવસે બનેલી આ હત્યાની ઘટનાને પગલે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવીને હત્યારાઓની ઓળખ કરવા અને તેઓ કઈ દિશામાં ભાગ્યા છે, તે શોધવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# નખત્રાણાના બાંડિયારામાં સ્ટોન ક્રશરની ટોપલીમાં પડતાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં અલગ-અલગ ત્રણ દુખદ બનાવોમાં ત્રણ વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે. નખત્રાણાના બાંડિયારામાં શ્રમિક યુવાનનું મશીનરીમાં દબાઈ જવાથી મોત નીપજ્યું છે, જ્યારે કોડાયમાં યુવતીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. અંજાર પાસે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા અજાણ્યા પ્રૌઢનું પણ સારવાર દરમિયાન અવસાન થયું છે.

નખત્રાણા તાલુકાના બાંડિયારા ગામે આવેલા 'જોગમાયા સ્ટોન ક્રશર' ખાતે આજે સવારે એક કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. ક્રશર પર કામ કરી રહેલો ગામનો ૨૫ વર્ષીય યુવાન સહદેવ કિરણ બારિયા અચાનક સ્ટોન ક્રશરની ટોપલી (હોપર)માં પડી ગયો હતો. આ અકસ્માતમાં યુવાનને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. નખત્રાણા પોલીસે બનાવની નોંધ લઈ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, બંદરીય માંડવી તાલુકાના કોડાય ગામે રહેતી ૧૮ વર્ષીય યુવતી મહેક જવેરીભાઈ મહેશ્વરીએ ગત રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. પ્રાથમિક વિગતો મુજબ, મૃતક યુવતી છેલ્લા ત્રણ વર્ષથી માનસિક બીમારીથી પીડાતી હતી અને આ બીમારીથી કંટાળીને તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાય છે. કોડાય પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી છે.

દરમ્યાન, અંજાર-ગળપાદર રોડ પર જૂની આરટીઓ કચેરી પાસે સર્વિસ રોડ પર ગત તા. ૨૩ એપ્રિલના રોજ એક ૫૦ વર્ષીય અજાણ્યા પુરુષ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા. તેમને અગાઉ આદિપુરની રામબાગ હૉસ્પિટલ અને ત્યારબાદ ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. હાલત વધુ ગંભીર જણાતા તેમને અમદાવાદ રિફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં વેલસ્પન કંપની નજીક તેમનું અવસાન થયું હતું. અંજાર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.■

# ₹ ૨૯.૮૫ કરોડની જીએસટી ચોરીના કેસમાં ઝડપાયેલા બે આરોપીના જામીન ફગાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બેંક ખાતાઓમાં નાણાંની ગેરકાયદે હેરફેર કરી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડવાના ગંભીર આર્થિક ગુનામાં સંડોવાયેલા બે આરોપીની જામીન અરજી ગાંધીધામની નામદાર અદાલતે ફગાવી દીધી છે. ઓનલાઈન ગેમિંગ અને બોગસ કંપનીઓના સહારે આચરાયેલા આ કૌભાંડમાં સંડોવાયેલા આરોપીઓને જામીન આપવાનો અધિક સેશન્સ જજે ઈનકાર કર્યો હતો.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ જીએસટી ઈન્ટેલિજન્સ, ગાંધીધામ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આરોપીઓ દ્વારા એપેક્સિયો સ્પાર્કસ, ડીજેડેક્સ, જગન્નાથ એન્ટરપ્રાઈઝ, લા પીટુરા અને ન્યૂ ૩-જી સર્વિસ જેવી બોગસ કંપનીઓ ઊભી કરવામાં આવી હતી. આ કંપનીઓ દ્વારા વાસ્તવમાં કોઈ વ્યાવસાયિક પ્રવૃત્તિ કરવામાં આવતી ન હતી, પરંતુ ઓનલાઈન ગેમિંગ રમતા ખેલાડીઓ પાસેથી નાણાં ઉઘરાવવામાં આવતા હતા. આ નાણાં વિવિધ કંપનીઓના બૅન્ક ખાતાઓમાં રૂટ કરીને અંતે મેસર્સ એપેક્સિયો સ્પાર્કસ ટૅક્નોલૉજીમાં ટ્રાન્સફર કરાતા હતા. તપાસમાં રૂ. ૧૦૬.૬૧ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર થઈ હોવાનું અને અંદાજે રૂ. ૨૯.૮૫ કરોડની જીએસટી ચોરી થઈ હોવાનું ખૂલ્યું હતું.

આ કૌભાંડ મામલે ડિરેક્ટોરેટ જનરલ ઑફ જીએસટી ઈન્ટેલિજન્સ, ગાંધીધામ દ્વારા આરોપી સુબ્રતકુમાર શાહુ અને ચિન્મય મિશ્રાની જીએસટી કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી મહિનાથી જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા આ બંને આરોપીઓએ જામીન મુક્ત થવા ગાંધીધામ કોર્ટમાં અરજી કરી હતી.

સુનાવણી દરમિયાન વરિષ્ઠ સરકારી વકીલ અલ્પેશ ગોસ્વામીએ દલીલો કરતા જણાવ્યું હતું કે, આ એક ગંભીર આર્થિક ગુનો છે. આરોપીઓએ જાણીજોઈને ઓનલાઈન ગેમિંગના ભંડોળ મેળવવા માટે બૅન્ક ખાતાનો ઉપયોગ થવા દીધો હતો અને નાણાકીય લાભ મેળવવા માટે જીએસટીની જવાબદારીઓ નેવે મૂકી વ્યવહારો ચાલુ રાખ્યા હતા. બંને પક્ષોની દલીલો અને કેસની ગંભીરતાને ધ્યાને લેતા અધિક સેશન્સ જજ એ.એમ. મેમણે અવલોકન કર્યું હતું કે, આર્થિક ગુનાઓ દેશની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડે છે. પરિણામે, અદાલતે બંને આરોપીઓની જામીન અરજી નકારી કાઢી છે. ■

# આડેસર ચેકપોસ્ટ પાસે વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયાઃ ₹ ૬૨ હજારનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આડેસર ચેકપોસ્ટ પાસે સ્થાનિક પોલીસે પૂર્વ બાતમીના આધારે કાર્યવાહી કરી વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લીધા છે. પોલીસે દારૂ, મોબાઈલ ફોન અને મોટરસાઇકલ સહિત કુલ રૂ. ૬૨,૬૫૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, આડેસર પોલીસની ટુકડી ચેકપોસ્ટ પાસે કાર્યરત હતી તે દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી મોટરસાયકલ (નંબરઃ જીજે-૩૯-એફ-૨૬૮૨) ને રોકાવીને તલાશી લેવામાં આવી હતી. આ વાહન પર સવાર બે શખ્સોની પૂછપરછ અને છાનબીન કરતા તેમની પાસેથી વિદેશી શરાબના ક્વાર્ટરીયા મળી આવ્યા હતા. પોલીસે આરોપી વીરા જીવણ આહીર અને બાબુ માનસંગ પરમારના કબ્જામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૧૮૦ એમ.એલ.ના કુલ ૪૬ ક્વાર્ટરિયા જપ્ત કર્યા હતા. આ દારૂના જથ્થાની કિંમત રૂ. ૧૨,૬૫૦ આંકવામાં આવી છે.

દારૂના જથ્થા ઉપરાંત પોલીસે ગુનામાં વપરાયેલી મોટરસાયકલ અને મોબાઈલ ફોન પણ કબ્જે કર્યા છે. આમ, કુલ રૂ. ૬૨,૬૫૦ના મુદ્દામાલ સાથે બંને આરોપીઓની ધરપકડ કરી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.■

# રાજકોટના ગેમઝોનમાં ફરી આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ટીઆરપી ગેમઝોનની આગમાં ૨૭ જણ માર્યા ગયાની ઘટનાની યાદ અપાવતી ઘટના ફરી બની હતી. જોકે સદનસીબે અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

રવિવારે શહેરના કાલાવાડ રોડ પર આવેલા ફનબ્લાસ્ટ ગેમઝોનમાં અચાનક આગ ફાટી નીકળી હોવાના અહેવાલો મળી રહ્યા છે.

સ્વાભાવિક છે કે રવિવારની રજા અને વેકેશનને કારણે બાળકો અને તેમની સાથે તેમના માતા-પિતા મોટી સંખ્યામાં હતાં. આગની જવાળાઓ જોતા જ લોકોમાં નાસભાગ મચી હતી. બાળકો સહિત સૌ કોઈ જીવ બચાવી બહાર નીકળી ગયા હતા.

આગનું કારણ હાલમાં તો જાણવા મળ્યું નથી, પરંતુ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગના સમાચાર મળતા ફાયર બ્રિગેડની ગાડીઓ પણ પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાની કામગીરી પૂરજોશમાં ચાલુ કરી દેવાઈ હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.■